

# જૈન સાધુની હિમાલય યાત્રા

ભાગ-૩

લેખક : આ. હાર્દિકરત્નસૂરિ





# હિમાલય યાત્રા

## (જૈન સાધુની હિમાલય પદયાત્રા)

ભાગ-૩

:: લેખક ::

પ.પૂ. આચાર્ય વિજય હાર્દિકરત્નસૂરીશ્વરજી મ.સા.

:: પ્રકાશક ::

શ્રી અરિહંતસિદ્ધસૂરિ જૈન ગ્રંથમાલા પ્રકાશન, પાલીતાણા (ગુજ.)

| | | |
|---|---|---|
| પુસ્તક નામ | : | હિમાલય યાત્રા<br>(જૈન સાધુની હિમાલય પદયાત્રા) |
| લેખક | : | આ. હાર્દિકરત્નસૂરીશ્વરજી મ.સા. |
| ભાષા | : | હિન્દી - ગુજરાતી |
| પ્રથમ આવૃત્તિ | : | ૨૦૦૦ |
| વીર સંવત્ | : | ૨૫૪૭ |
| વિક્રમ સંવત્ | : | ૨૦૭૭ |
| ઇસવી સન્ | : | ૨૦૨૧ |
| તીથી | : | વૈશાખ સુદી ૩, અક્ષય તૃતિયા<br>શ્રી ઋષભદેવ પારણા દિન |
| કિંમત | : | રૂ. ૧૦૦૦/- |

**ફોટોગ્રાફી :** રાજેન્દ્ર પીતળિયા (પાલીતાણા), સંજય વડોદરા, ડાભી લાભુભાઈ (પાલીતાણા), ગણપતભાઈ કુમાવત (કિશનગઢ), વસંતભાઈ (ઉડીસા), હર્ષિત ભંડારી

**પ્રકાશક :** **આ.વિ. અરિહંતસિદ્ધસૂરિ જૈન ગ્રંથમાલા પ્રકાશન**
લુણાવા મંગલ ભવન
તળેટી રોડ, પાલીતાણા (ગુજ.) ૩૬૪૨૭૦
© 02848 252316

**મુદ્રક :** કિરીટ બી. વડેચા પ્રિન્ટર્સ
૩૦૫, એનેક્સ બિલ્ડીંગ, ઠક્કર ઇંડસ્ટ્રિયલ એસ્ટેટ,
જુની અંજીરવાડી, મઝગામ, મુંબઈ-૧૦.
© 022 23737600 / 7977406533



યુગાદિનાથ શ્રી ઋષભદેવ ભગવાનનું નિર્વાણ તીર્થ

# શ્રી અષ્ટાપદ મહાતીર્થ

*હે દેવી ! સામે દેખાય છે તે અષ્ટાપદ પર્વત છે,*
*તેની યાત્રા જે મનુષ્ય કરે છે તે અતિશીઘ્ર*
*પરમધામ ને પામે છે, તેને પાપ સ્પર્શતા નથી.*

- શિવપુરાણ

## : પ્રાપ્તિ સ્થાન :

**લુણાવા મંગલ ભવન**

તળેટી રોડ, પાલીતાણા ✆ 02848 - 252316

**શ્રી અઢીદ્વીપ સહ ૧૭૦ જૈન મંદિર**

પાલીતાણા ✆ 7211112727, 7211112626, પ્રકાશભાઈ, મો. 9898326866

**મુંબઈ**

| | | |
|---|---|---|
| મોહનલાલજી (ડોંગરી) | : | 9869007921 |
| પુખરાજજી | : | 9820737949 |
| બાબુલાલજી | : | 6355527899 |
| હસમુખભાઈ છેડા, ઘાટકોપર | : | 022 278996100, 9820335933 |
| અનિલ જૈન, ભાયખલા | : | 9892527675 |

**નવી મુંબઈ**

| | | |
|---|---|---|
| મુલચંદ ગાલા | : | 9820041870 |

**જાલૌર (રાજ.)**

| | | |
|---|---|---|
| પુષ્કરભાઈ સોલંકી | : | 9310938123 |

**વડોદરા**

| | | |
|---|---|---|
| માંગીલાલ જૈન (કારેલી બાગ) | : | 0267 6220339, 9426175090 |

**બેંગલોર**

| | | |
|---|---|---|
| પંડિતવર્ય વિક્રમગુરૂજી | : | 9986985995 |
| રાજુભાઈ પરમાર | : | 9590000246 |

**અમદાવાદ**

| | | |
|---|---|---|
| ચંદ્રેશ શાહ (પ્રેરણા તીર્થ) | : | 9227622451 |

**ભાવનગર**

| | | |
|---|---|---|
| મનીષભાઈ મેહતા (વિજયરાજનગર) | : | 9375208444 |

**સુરત** પંડિતવર્ય ચિરાગભાઈ : 9825854589

**કર્નાટક : હોસપેટ**

દિપકભાઈ જૈન : 9448350227

**તમિલનાડુ**

શાંતિલાલજી જૈન (સેલમ) : 9443362815

**ચેન્નઈ**

| | | |
|---|---|---|
| રમેશભાઈ (P.F.P.) | : | 9444110033 |
| વિક્રમ જૈન (સાહુકાર પેઠ) | : | 9840252612 |

**દિલ્લી**

| | | |
|---|---|---|
| દિનેશભાઈ દોશી (મંડાર સંઘ) | : | 9811061233 |
| રોહિત જૈન (માનસરોવર ગાર્ડન) | : | 9871718822 |
| શ્રી નરેન્દ્ર જૈન (પપ્પૂજી) | : | 9868101001 |
| શ્રી રવિંદ્રપ્રકાશ જૈન (મોતીલાલ બનારસીદાસ) | : | 8800666090 |

અખિલ બ્રહ્માંડાધિપતિ
વિશ્વસ્થિતિ વ્યવસ્થાપક
ચતુર્નીતિ આર્વિભાવક
સમસ્ત કલા-વાસ્તુ-શિલ્પ પ્રરૂપક
ત્રિલોકનાથ
જેમની ચરણરજ થી
સમસ્ત હિમાલય
પરમ પવિત્રતાની
પતિતપાવની
ગંગા વહાવી રહ્યો છે,
એવા
સિદ્ધ
બુદ્ધ
મુક્ત
શંકર
ધાતા
વિધાતા
પુરૂષોત્તમ સ્વરૂપ
દેવાધિદેવ

**પ્રથમ તીર્થંકર**

**શ્રી ઋષભદેવ પ્રભુનાં**

ચરણોમાં

હાર્દિક વંદના



बुद्धस्त्वमेव विबुधार्चित-बुद्धि-बोधात्,
त्वं शंकरोऽसि भुवनत्रय-शंकरत्वात् ।
धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥

॥ તીર્થોદ્ધારક શ્રી નીતિ-હર્ષ-મંગલપ્રભ-અરિહંતસિદ્ધસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

ગિરનાર તીર્થોદ્ધારક



**પ.પૂ.આ. શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.**

સકલાગમરહસ્યવેદી



**પ.પૂ.આ.**
**શ્રી હર્ષસૂરીશ્વરજી મ.સા.**

સંયમસમ્રાટ પરમતપોમૂર્તિ



**પ.પૂ.આ.**
**શ્રી મંગલપ્રભસૂરીશ્વરજી મ.સા.**



પરમગુરુદેવ પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય

**શ્રીમદ્ વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

# "વંદના"

ગિરનાર ચિતોડગઢ આદિ પ્રાચીન તીર્થોદ્ધારક,
છેલ્લા ૨૦૦૦ વર્ષમાં એક કરોડવાર સૂરિમંત્રની સાધના કરનાર
એકમાત્ર સિદ્ધ મહાપુરૂષ, અજાતશત્રુ,
પરમ પ્રભાવક, શાસનશિરતાજ, તપાગચ્છીય પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

*************

સકલાગમરહસ્યવેદી ગિરનાર મહાતીર્થના પ્રતિષ્ઠાકારક
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય હર્ષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

*************

પરમતપોમૂર્તિ
પ્રાયઃ ચોથા આરા સમાન ચારિત્રધારક ચારિત્રચુડામણી
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય મંગલપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

*************

પરમગુરૂદેવ
ચૌવિહાર છટ્ઠકરી શ્રી સિધ્ધાચલગિરિરાજની ૭-૭ યાત્રા ૪૬૦ વાર કરનાર
ભીષ્મતપસ્વી, નિકટભવમોક્ષગામી, અપ્રતિહત પુણ્યપ્રાગ્ભારધારી,
૧૦ કરોડ નમસ્કાર મહામંત્ર સાધક,
શ્રી ઋષભદેવ કૃપાપાત્ર પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય
**શ્રીમદ્ વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજ સાહેબ** ના
શ્રી ચરણોમાં
ભાવભરી હાર્દિક વંદના





**:: આજ્ઞા અને આશીર્વાદ ::**

જ્યોતિષ-શિલ્પ-પ્રતિષ્ઠાચાર્ય, પ્રકાન્ડવિદ્વાન,
શાસનસંરક્ષણદત્તચિત્ત, દિવ્યસામર્થ્યસંયુક્ત
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય**
**રૈવતસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**:: શુભાભિલાષક ::**

ગુરૂચરણોપાસક વયોવૃદ્ધ મુનિરાજ
**શ્રી કલ્પસિદ્ધવિજયજી મ.સા.**
વૈયાવચ્ચપ્રેમી મુનિરાજ
**શ્રી ધ્યાનરત્નવિજયજી મ.સા.**

**:: શુભકામના ::**

યુવામનિષી પ.પૂ. મુનિરાજ
**શ્રી જ્ઞાનરત્નવિજયજી મ.સા.**
સંયમસાધનાકુશલ પ.પૂ. મુનિરાજ
**શ્રી શુભમંગલવિજયજી મ.સા.**
સ્વાધ્યાયવ્યાસંગી પ.પૂ. મુનિરાજ
**શ્રી જ્ઞાનકલશવિજયજી મ.સા.**

# "સમર્પણ"

જેણે હિમાલય યાત્રા નો

**વિચાર** રોપ્યો

તેણે જ હિમાલય ની યાત્રા કરાવી

**'એ'** ને જ...

## :: હિમાલય યાત્રા નાં યાત્રિકો ::

આચાર્ય વિજય **શ્રી હાર્દિકરત્નસૂરિજી મ.સા.**
મુનિરાજ **શ્રી રત્નયશવિજયજી મ.સા.**
મુનિરાજ **શ્રી આનંદમંગલવિજયજી મ.સા.**
મુનિરાજ **શ્રી સ્વર્ણકલશવિજયજી મ.સા.**

**રાજેન્દ્ર પીતળીયા** (પાલીતાણા)
**લાભુભાઈ ડાભી** (પાલીતાણા)
**સંજય** (વડોદરા)

બદ્રીનાથ થી દિલ્હી સુધી બાલયાત્રી...
**હર્ષિત ભંડારી** (વિજયવાળા)

બદ્રીક્ષેત્રમાં ૧૦ દિવસ સહયાત્રી
**ગણપતજી કુમાવત** (કિશનગઢ)
**વસંતભાઈ** (ઉડીસા)



लाभार्थी

श्री शंखेश्वर दर्शन जैन संघ, मझगांव



प.पू. मुनि **श्री ज्ञानरत्नविजयजी म.सा.**



मिठालाल पूनमचंदजी रांका



श्रीमती मोहिनीबाई मिठालालजी रांका

## • लाभार्थी परिवार •

प.पू. मुनिराज **श्री ज्ञानरत्नविजयजी म.सा.** के उपदेश से
गोल (उम्मेदाबाद) राज. निवासी

**मातुश्री मोहिनीबाई मीठालालजी**
**पुनमचंदजी रांका परिवार**

हाल - मद्रास

## • લાભાર્થી પરિવાર •

# એક શ્રુતજ્ઞાનોપાસક પરિવાર તરફથી



## • लाभार्थी परिवार •

मंडार (राज.) निवासी

**श्रेष्ठीवर्या संघवी असुबहन रुगनाथमलजी**

**समरथमलजी दोशी परिवार**

**पुत्र :** दिनेशकुमार, **पुत्रवधु :** मधुबेन - भँवरलाल, रेखाबेन - दिनेशकुमार

**पौत्र :** मयूर, रोहित, श्रेयांस, **पौत्रवधु :** मोना, जुही, मिली

**प्रपौत्र :** पार्श्व, विराग, पुंडरिक, प्रविर, शौर्य

**पुत्री-जमाईसा :** चंदनबेन-श्री खुमचंदजी, पुष्पाबेन-श्री रसीकलालजी, मधुबेन-श्री सुभाषजी,

**पौत्री-जमाईसा :** टीना-श्री हसमुखजी

***प्रतिष्ठान :** डी.आर. ग्रुप (न्यू दिल्ली)*



ચંપાલાલજી સોલંકી



ફેન્સીબેન ગૌતમચંદજી



## • लाभार्थी परिवार •

प.पू. मुनिराज **श्री स्वर्णकलशविजयजी म.सा.** के शुभ आशीर्वाद से

जालोर (राज.) निवासी

**श्रीमती फेन्सीबेन गौतमचन्दजी सोलंकी**

**श्रीमती मीनादेवी चम्पालालजी सोलंकी परिवार**

हॉल - बेंगलोर



## • લાભાર્થી પરિવાર •

આધોઈ (કચ્છ વાગડ) નિવાસી

**માતુશ્રી કેશરબેન જેઠાલાલ ભોજરાજ**
**ગાલા પરિવાર**

**પુત્ર-પુત્રવધૂ :** શ્રીમતી મીનાબેન મુલચંદ,
શ્રીમતી નીતાબેન પ્રેમજી, શ્રીમતી મીનાબેન ધનજી
**પૌત્ર-પૌત્રવધુ :** અ.સૌ. ભાવીની અરવિંદ, અ.સૌ. મીતલ રાજેશ,
અ.સૌ. હિશીતા અંકિત, અ.સૌ. અંશુ ધ્રુમીલ
**પ્રપૌત્ર-પ્રપૌત્રી :** મિહીર, સમ્યક, ક્રિસીવ, યશ્વી, પથીકા
હાલ - વાશી (ન્યુ મુંબઈ)



રસિકલાલ કાનજી ગાલા



ભાનુમતી રસિકલાલ ગાલા

## • લાભાર્થી પરિવાર •

હલરા નિવાસી

**અ.સૌ. ભાનુમતીબેન રસિકલાલ**
**કાનજી ગાલા**

ધોબીતલાવ - વાશી




## • લાભાર્થી પરિવાર •

પ.પૂ. સાધ્વી **શ્રી કામિતરત્નાશ્રીજી મ.સા.**ના આશીર્વાદથી

**શ્રી હંસાબેન ખીમજી ચરલા**

ગામ : આધોઈ (કચ્છ વાગડ)



## • લાભાર્થી પરિવાર •

આધોઈ (કચ્છ વાગડ) નિવાસી

**શ્રીમતી વિમલાબેન ચંદુભાઈ**

**કાનજીભાઈ ચરલા**

મુંબઈ





### જંગલમાં - મરજીગાડ
### જેઠ વદ ૫, સોમવાર, તા. ૪.૬.૨૦૧૮

આજ તો મજા આવી ગઈ. ખરેખરી પરીક્ષા માં થી નિકળ્યા અને હમણા પણ પરિક્ષા ચાલુ જ છે. વાત એમ બની..



સવારે અમને નિકળ્યા રાખેલા મુજબ... પણ પેલા વૃધ્ધ તો મળ્યા નહિં ઘડીયાલ માં ૬ વાગ્યા હતા સવા પાંચ વાગે સૂર્યોદય થઈ ગયો હતો. પણ સૂરજ વાદળમાં હતો. તો પણ અમે નિકળ્યા. નીચે ઉતરવાનું જ હતુ. પગ ઝડપી ચાલતા હતા. કોઈ સ્થાનિક માણસ મળે તેને રસ્તો પૂછી લેતા ''ભાઈ ! મયાલી જવાનો શોર્ટકર્ટ કાયો રસ્તો ક્યાંથી જાય છે ?'' પણ કોઈએ સમુચિત ઉત્તર આપ્યો નહિં. એટલે કે એમને ખબર ન હતી એવું જ લાગ્યું. અમે આગળ ચાલ્યા લગભગ ૨ અઢી કિ.મી. ચાલ્યા, ત્યાં એક બુઢના કરીને ગામ આવ્યું. ત્યાં એક-બે જણ ને પૂછતા

**चलेंगे तो थकेंगे भी,**
**थकेंगे तो बैठेंगे भी,**
**बैठेंगे तो चलेंगे भी...**



રસ્તો મળી ગયો. એક ભાઈએ કહ્યું ''અહિં થી જ છકૂટી જાય છે, સીધા નીચે ઉતરી જજો. આમ તેમ ક્યાંય જતા નહિં વચ્ચે 'એકલીંગ' ગામ આવશે છેક નીચે પહોંચશો એટલે નદી પાર કરવી, પછી થોડું ઉપર ચઢશો એટલે મયાલી આવી જશે.'' અમે તો હરખભેર હાલ્યા.

છકૂટી મજબુત હતી. પત્થર ગોઠવેલા હતા. રસ્તો ભૂલાય તેવો ન હતો પણ આ છકૂટી મા પત્થરો ઉભા ગોઠવેલા ધાર ઉપર રહે તેમ. માંડ-માંડ ચલાય. જોકે વિચારીને જ બનાવી હતી, જો

**जैन साधु अपने जीवन में अंदाजन ५०,००० कि.मी. चलते हैं।**



આડા પત્થર રાખે તો લપસી જવાય એટલે ઉભા જ રાખવામાં આવતા હશે. 'ક્ષુરપ્રસંસ્થાન'વાળી છકૂટી પર ચાલતા જલ્દી અમે નીચે ઉતરી રહ્યા છીએ. વચ્ચે-વચ્ચે માણસો મળે. રસ્તો પુછીએ એક જ વાત આવે 'સીધે ચલે જાના ઈધર ઉધર મત હોના' એકલીંગ ગામ આવી ગયું. માણસો ભલા હતા વગર પૂછે રસ્તો બતાવી દેતા. સામા ડુંગર ઉપર અમારે જવાનો રોડ દેખાઈ રહ્યો હતો. નીચે ખીણમાં નદી પણ દેખાઈ રહી હતી, સ્પષ્ટ હતું નદી સુધી તો જવાનું જ છે પછી રોડ સુધી પગદંડી દ્વારા ઉપર જવાનું છે અહિંથી છેક નદી થી સામે રોડ સુધી પગવટી પણ દેખાઈ રહી છે.

ऊँचे पेड़ के नीचे



ચાલ્યા, છેક નદીએ આવ્યા ઝુલતા પુલ પર થી નદી પાર કરી. સામેં કાંઠે ઉપર ચઢવાની પગદંડી પર આવ્યા પણ પગ તો ઉભા રહેજ નહિં. પત્થરનો માર ખાઈ ખાઈને પગ આડા અવળા જ પડે જ્યાં મુકવા માંગીએ ત્યાં ન મુકાય. થોડીવાર વિશ્રામ કરવો ફરજીયાત થઈ પડ્યો. અને ગરમી કહે મારૂં કામ. આટલું નીચે ઉતરતા-ઉતરતા પણ પરસેવે રેબઝેબ થઈ જવાયું. એકવાર તો લાગ્યું આ હિમાલય છે કે સૂર્યાલય. જોકે ઘડીયાલમાં તો હજુ સવા આઠ થયા છે. થોડીવાર વિશ્રામ કરી. પેલી પગવટીએ ઉપર ચઢવાનું ચાલું કર્યું. ત્યાં કેટલાક માણસોએ અમને વાર્યા ''બાબા ! કહાઁ

**पहाड़ों की खड़ी चट्टानों के साथ हिमालय यात्रा।**
**भूस्खलन कभी भी हो सकता है।**
**थोड़ी वर्षा, थोड़ी धूप, थोड़ी-सी आहट**
**और ये सारे पत्थर एक साथ गिर पड़ेंगे।**
**यहाँ से जल्दी आगे निकलना बुद्धिमानी है।**



જાના હૈ ?'' અમે કહ્યું 'મયાલી' તેમણે કહ્યું 'મયાલી ક્યું જાના હૈ, સીધા નીચે-નીચે ચલે જાવ તિલવાડા રોડ આ જાએગા' આ હા હા હા કેવાં ગોળ જેવા મીઠા શબ્દો હજુ તો સાંભળો ''યહાઁ સે મનાલી જાયેંગે તો ૩ કિ.મી. ઉપર ચઢના પડેગા ફિર ૫ કિ.મી. નીચે ઉતર કે 'પૈયતાલ' ગાવ આયેગા, આપ ઐસે હી નીચે-નીચે ચલે જાઓગે તો ઢાઈ કિ.મી. મેં પહુંચ જાયેંગે.'' ભગવાન તમને સો વરસનાં કરે. મનમાં શુભ ભાવના ભાવતા અમે નીચે-નીચે કાચા રોડ ઉપર ચાલ્યા. પણ આ

घना जंगल
इसमें चलने की मजा ही
कुछ और है।



પત્થરાઓ એ નો આજ કમાલ કરી પાછા 'રામસેતુ' નો આભાસ કરાવતા રોડ પર આગળ વધ્યા એક કિ.મી. પછી છકૂટી એમાય એક જણે ખાસ સૂચના આપી 'ઈધર ઉધર મત હોના'... રસ્તામાં એક-બે બહેનો મળી એને પણ રસ્તો પૂછ્યો, આગળ જતા બે રસ્તા આવ્યા. હવે ? એક રસ્તો સીધો નીચે નદીમાં જતો હતો અને એક ડાબી બાજુ ખીણમાં વળી જતો હતો. જવું તો કઈ બાજુ જવું. નદી તરફ તો જવાય તેવું હતું જ નહિં. નદીની ઉપર ૩૦૦-૪૦૦ ફૂટની ઉંચી ભેખડ હતી. ઉતરી શકાય તેવું હતું જ નહિં. આગળ જઈને આ કેડી ક્યાંક ગાયબ થઈ જાય તો ? પણ રોડ તો એ

**इस पहाड़ी चट्टान ने**
**हमारा रास्ता रोक दिया ।**



તરફ નીચે દેખાતો હતો. બીજી બાજુ ખીણ તરફ જવા વાળી પગદંડી રોડ થી બીજી દિશામાં જતી હતી. ખરી મુંજવણ ઉભી થઈ. આનંદમંગલ મ. ને પાછા થોડી દૂર પેલી ઘાંસ ભેગું કરનારી બેનને પૂછવા મોકલ્યા અમે તો બેસી ગયા આમેય આખુંય શરીર હવે તો દુઃખતું હતું. ડુંગર ચઢવા હોય ત્યારે હાંફી જવાય, અને નીચે ઉતરવા હોય ત્યારે, પગ પછડાવા થી આખું શરીર કકડી જાય. ચીડ નાં જંગલમાં એકલા અટુલા અમે બેઠા હતા.

चलो यही से शोर्टकट है,
जल्दी पहुंचेंगे ।





સામે રોડે જવાનું હતું. ત્યાં એક વિચાર આવ્યો. આ રોડ પર તો કોઈ વાહન નિકળતું નથી. આપણે ચાલીએ છીએ ત્યાં તો ઘણા વાહન અવર જવર કરતા હતા. એનો મતલબ એ કે આપણે જવાનું છે તે આ રોડ નથી. બીજો જ કોઈ રોડ હશે. આ રીતે એકવાત તો પાકી થઈ નદી તરફનાં રસ્તે જવાનું નથી, વધ્યો બીજો રસ્તો. અમે નક્કી કરી જ લીધું આનંદમંગલજી જે પૂછીને આવે તે ભલે આવે અમે તો આ બીજી ડાંડીથી જ ચાલીશું. ૫-૭ મીનિટે આનંદમંગલજી આવ્યા. એમણે કહ્યું.



''ડોશીએ કહ્યું છે ! સીધા જજો આ બાજુ જતા નહિં'' હવે પાછી ગુંચવણ ઉભી થઈ ''સીધા ! એટલે કઈ બાજુ સીધા ?'' તમે શું પૂછ્યું હતું બહેન ને ? તેમણે કહ્યું મેં તો એટલું જ પૂછ્યું ''સામે રોડ ઉપર ક્યાંથી જવાય'' લ્યો કર્યું ને ભગાના ભાઈ જેવું - એ રોડે આપણે જવાનું જ નથી. તેય થાકી ગયા બેસી ગયા. મુંઝવણ નો પાર નહિં. એક તરફ તો આખું શરીર થાકી ગયું છે સૂરજ માથા ઉપર તપી ગયો છે. આગળ ક્યાં જવાનું છે ખબર નથી મનાલી તો પાછળ રહી ગયું. કદાચ રાજુ અને સંજુ

**चलो फिर मिलेंगे,
आज इसी बस स्टेन्ड में
रुके थे ।
शाम को आगे बढ़े...**



उजीयारी रात...

લાભભાઈ સાથે મયાલી જ ઉભા હશે. ત્યાં બધી વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હશે અને અમે ૪-૫ કિ.મી. આગળ આવીને ભૂલાપડી ગએલા વિમાસણમાં આ ભારી ભરખમ જંગલમાં બેઠા છીએ. અહિંથી બે રસ્તા છે ભારી મુંઝવણ ઉભી થઈ છે. જો સિધ્ધા રોડ તરફના રસ્તે જઈએ તો ઉંડી ખીણ છે. એક તરફના જંગલ માં જતા રસ્તે જઈએ તો તે તરફ રોડ નથી. એક રોડ ખૂબ દૂર સામે પહાડો ને કોતરી ને બનાવ્યો છે પણ એ તો સ્પષ્ટ હતું તે તરફ તો જવાનું નથી. તો હવે કઈ બાજુ કંઈ

સમજાતું નથી. પાણી ની તરસ પણ આજ તો વ્હેલી વ્હેલી લાગી ગઈ છે. આગળ કયું ગામ આવશે ? ક્યાં રોકાશું ? હજુ કેટલુ ચાલવાનું હશે? પણ કંઈ નહિં થોડીવાર થાક ઉતારી લઈએ મગજ નો થાક પણ થોડો ઉતરસે. પછી કંઈક માણસ જંગલમાં આવશે અથવા કોઈક સંકેત થશે. અમે તો બેસી ગયા જય હિમાલયગિરિ મહારાજ, બેઠા-બેઠા થોડીક હિમાલયના અનુભવોની ખાટી-મીઠી વાતો કરીને હળવા થયા પણ હજુ સુધી કોઈ માણસ આ બાજુ ફરક્યો નહિં. પછી આદીશ્વર દાદાનું નામ લઈ ઉભા થયા. વિચાર્યું કઈ તરફ જવું પ્રભુ ! અમારું ડગલુ સાચા માર્ગે વાળજો એમ કહીને નિકળ્યા - જ્યાં પહોંચાય ત્યાં. પેલી કેડી પાછી નીચે તરફ જવા લાગી. ત્યાં નીચે જ હજુ એક રોડ હતો. એટલે કે અમે સાચા રસ્તે હતા. ૧૦ મીનીટ માં તો નીચે રોડ પર આવી ગયા, ગામ નું નામ પૂછ્યું તો જાણ્યું 'પૈયતાલ'. બોર્ડપર મયાલી ૫ કિ.મી. લખેલું હતું. એટલે કે અમે ચિરબટીયાથી મયાલી ૧૯ ઉપર ૫ એમ ૨૪ કિ.મી. પાર કરી લીધું હતું. કાચા રસ્તે ૧૦-૧૧ કિ.મી. થયું હશે. લાભુભાઈ અને રાજુ તો મયાલી રાહ જોતા ઉભા હશે કારણકે પહેલે થી જ તે જ રીતે સૂચના આપી હતી કે આજે મયાલી જવાનું છે. હવે સમાચાર કઈ રીતે પહોંચાડવા? તોય એક-બે સ્કુટર વાળા ને ઉભા રાખી ને સમાચાર જણાવ્યા. બીજો કોઈ ઈલાજ અમારી પાસે નથી. અહિં ગામ તો શું કહેવાય ? એક છાપરા નીચે એક હોટલ અને ૨-૩ બીજી આડી અવળી દુકાનો બાકી બધું રામરાજ, એટલે કે અહિં રોકાવાય એવી જગ્યા જ નથી. આગળ જ ચાલવું પડશે. માણસો આવે ત્યાં સુધી તો એક ઠેકાણે વિશ્રામ કરવાનું વિચાર્યું. ગરમી એટલી હતી કે તરસથી ગળુ સુકાતું હતું. અગસ્ત્યઋષી યાદ આવી ગયા. જાણે આખો સમુદ્ર પીયે તોય તરસ ન છીપે - એક સરસ બસ સ્ટેશન પર અમે બેઠા 'દેવદર્શન વિધિ' કરીને નિવૃત્ત થયા.

ખુલ્લા બસ સ્ટેન્ડમાં અમે બેઠા હતા. એક તરફ પ્રતિક્ષા થઈ રહી હતી તો બીજી તરફ થાક ઉતરી રહ્યો હતો. એક તરફ તરસ વધી રહી હતી તો બીજી તરફ આગળ ક્યાં જવું એની તજવીજમાં મન લાગેલું હતું, પણ આજે સવારે કાચા રસ્તે નિકળ્યા છીએ મોટા-મોટા બે શિખરો ને પાર કરી અમે નીચે ઉતરી આવ્યા છીએ. ભગવાન ભરોસે છકૂટી અમને અહિં લઈને આવી. જો કે આ તો હિમાલયની છકૂટી કહેવાય. સાવધાની થી ચાલ્યા તો લક્ષ્ય સ્થાને જલ્દી પહોંચાડી દે. જો છકૂટી ઉપરથી ભરોસો છોડીને છકૂટીને મુકીને બીજા કોઈ પણ આડા અવળા રસ્તે ચઢી જાવ તો ક્યાં જાવ એનો કંઈ પત્તો લાગે નહિં. એવા નિર્જન જંગલમાં પ્રવેશ થઈ જાય કે ભયંકર ભવાટવીમાં ફરતા હોઈએ તેવું લાગે. આ તો સારૂં થયું - દેવગુરૂ કૃપાથી અમે સાજા સારા ઠેકાણે પહોંચી ગયા છીએ, જો એકાદ ડગલું પણ ખોટી દિશામાં પડ્યું હોય તો ભુખ્યા તરસ્યા, થાક્યા પાક્યા અમે કોઈક હિમાલયી જંગલમાં અટવાતા-ભટકતા હોત પણ એવું ન થયું. કોઈક દિવ્યશક્તિની પ્રેરણા અમારૂ માર્ગદર્શન કરી રહી છે.

આ રીતે કેટલાય વિચારો ના ખાબોચીયા ઉલેચતા સમય વીતતો હતો. સારૂં હતું બસ સ્ટેન્ડ ની પાછળ જ નદી હતી અને સામા ગિરિશિખર પર આવનારા વાહનો દેખાતા હતા. કુદરતની કામણગારી કરામત ને જોતા જોતા અમે બેઠા. તૃષા પરિષહ નો પ્રભાવ ક્ષણે-ક્ષણે વૃદ્ધિ પામતો હતો. આજે લાગે છે કે તૃષા ને પરિષહ કેમ કહેવાય ? છતા આનંદ માં સમય વિતાવતા લગભગ ૧ કલાક પછી રાજુ-લાભભાઈ અને સંજુ આવ્યા. એક ઠીક થયું કે પાણી ક્યાંક ગરમ કરાવી ને જ લાવ્યા હતા હજુ તો નવસેકું હતું. તે હતું તે વાપર્યું. હવે...

આગળ વધવાનું હતું. રાજુ ને કહ્યું ભાઈ ! હવે અડધો એક કિ.મી. માં કોઈ ઠેકાણું હોય તો શોધ હવે આગળ ચાલવાની શક્તિ નથી. તેઓ આગળ ગયા અમે ધીરે-ધીરે ચાલ્યા. રસ્તામાં ૨ - ૩ ગામ આવીને જતા રહ્યા છેક પાંચ કિ.મી. ચાલ્યા ત્યાં આજની વ્યવસ્થા માંડ-માંડ ગોઠવાઈ હતી તેમાંય રહેવા માટે ની જગ્યા કેવી મળી ? તેના શું વખાણ કરવા ? આવા ઘનઘોર જંગલમાં શું મળે ? ગામ હોય તો અડધો એક કિ.મી. ઉપર હોય અથવા નીચે હોય, રોડ પર નહિં.

આજે પણ ગામતો રોડ થી ૨ કિ.મી. ઉપર હતું. રોડ પર એક ચા-પાણી માટે હોટલ - એક નાનકડુ ખડખડ ઝરતું ઝરણું. એક જુની બંધ હોટલ અને એક ખંડેર. આજનો ઉતારો અમારો આ ખંડરમાં હતો. પહેલા કદાચ કોઈનું ઘર હશે કે હોટલ. એક તરફ રાંધણીયું તો હતું. વળી અંદર યાત્રિકો કે અન્ય કોઈએ ૩-૪ પત્થર નાં ચુલા નો ઉપયોગ ઘણીવાર કર્યો હશે, તેથી જ તો અંદર થી કાળુ મેશ હતું. ક્યાંય કપડું અડી ગયું તો કાળુ થઈ જાય, માટી-પત્થર અને સડેલા લાકડા પડેલા. અમે એક બાજુ થોડું સાફ કરીને રહ્યા. સારી વાત એક જ હતી કે ઉપર પતરાનું છાપરૂં અખંડ હતું. પણ ઉપર નીચે આજુ-બાજુ સર્વત્ર કરોડીયા ના જાળા નું સામ્રાજ્ય હતું. આજુ-બાજુ લાકડાના પાટીયાની દીવાલ હતી. ૪ જણ માટે બેસી શકાય તેટલી જગ્યા હતી. અજવાળું તો માત્ર દરવાજામાંથી આવતું હતું. પતરામાં ક્યાંક કાંણા માં થી સૂરજનું ચાંદરણું પડતું હતું. વરસાદ આવે તો પલળીએ નહિં. આસ-પાસ પારિષ્ઠાપનિકા માટે પુષ્કળ જગ્યા હતી.

બાજુમાં પાણી નો કલકલ નાદ અવિરત ચાલું હતો. જોકે આજે ખૂબ લાંબો વિહાર કરીને સારા એવા થાકી ગયા હતા રોડે રોડ તો ૨૯-૩૦ કિ.મી. થઈ ગયું હશે, કાચા રસ્તે પણ ૧૫-૧૬ તો ખરૂં જ. મુકામે પહોંચતા પહોંચતા બાર વાગી ગયા હતા. એક તરફ તરસ લાગી હતી. જો કે બધું સચવાઈ ગયું થોડું મોડું થયું એટલું જ. સાંજે વિહાર કરવો ફરજીયાત હતો અહિં સંથારો કરી શકાય તેવી જગ્યા જ ક્યાં છે ? ખાસ સૂક્ષ્મ જીવજંતુઓ નો ઉપદ્રવ વધારે છે. સાંજે વિહાર કરી ૭ કિ.મી. એક બારી બારણા વિનાના નવા મકાનમાં ઉતર્યા. મકાન સાફ-સુથરૂં અને મોટું હતું. તિલવાડા અહિં થી હવે ૩ કિ.મી. બાકી છે. કાર્યક્રમ પ્રમાણે આવતી કાલે સાંજ સુધીમાં તિલવાડા પહોંચવાનું હતું પણ આજે સાંજે જ તિલવાડા ની નજીક પહોંચી ગયા છીએ.



## અગત્સ્યમુનિ

જેઠ વદ ૬, મંગળવાર, તા. ૫.૬.૨૦૧૮

સવારે સમયસર આગળ વધ્યા. ૨ કિ.મી. ચાલ્યા ત્યાં તો તિલવાડા ગામ ચાલું થઈ ગયું. ગામ મોટું છે. અહિં થી બદ્રીનાથ માટે રૂદ્રપ્રયાગ થઈ ને જવાય અને કેદારનાથ માટે અગત્સ્યમુનિ થઈને. અહિં થી કેદારનાથ ૬૦ કિ.મી. છે એમ વિચારી ને અમે



કેદાર તરફ જ આગળ વધ્યા. ગઈકાલે ખૂબ લાંબો વિહાર થયો હતો. પગમાં હજુ અસર દેખાતી હતી. આજે નાનો વિહાર જ રાખ્યો તિલવાડાથી અગત્સ્યમુનિ ૮ કિ.મી. જ હતું. અમે ચાલ્યા. મંદાકિની ને સાથે લઈને. મંદાકિનીની ધવલધારા આગળ રૂદ્રપ્રયાગમાં જઈ અલકનંદા ને મળી જાય છે. અલકનંદા આગળ દેવપ્રયાગ જઈને ગંગાને ભેટે છે. આ મંદાકિની પણ ગંગાજેવી જ શ્વેતકાંતિ ને ધારણ કરતી આગળ વહી રહી છે. ગંગાની

देखो,
कहीं खो मत जाना
मिलोगे नहीं...



સુંદરતા પામવા માટે હજુ એને ઘણું આગળ વધવું પડશે.

રસ્તો સારો છે. ટ્રાફિક વધી ગયું છે. આખા રસ્તે ભૂસ્ખલન ની સુચના ના બોર્ડ લગાવેલા છે. રોડ પહોડો કરવા કામકાજ ચાલું છે. અમે ૯ વાગ્યા સુધી તો અગત્સ્યમુનિ પહોંચી ગયા. અગત્સ્યમુનિ મોટું ગામ છે કહેવાય છે કે અહિં પુરાણ પ્રસિદ્ધ અગત્સ્યઋષીએ સાધના કરેલી. અહિં એક મંદિર અને આશ્રમ પણ છે. આ આશ્રમ માં જ આજે અમારો

सफेद मिट्टी के ढेलों के बीच
हिमालय की
रसमधुर भयानक यात्रा।
हिमालय में ऐसे रास्तों से भी
चलना होता है।






ઉતારો થયો.

વ્યવસ્થાપકે તરત જ વ્યવસ્થા કરી આપી. કહેવાય છે કે દેવ-દાનવનું યુદ્ધ થયું ત્યારે, રાક્ષસો બધા સમુદ્રમાં છુપાઈ ગયા. બધા દેવો અગત્સ્ય ઋષીને વિનંતી કરી કંઈ કરવા માટે, ત્યારે અગત્સ્ય ઋષી આખો સમુદ્ર પી ગયા. દેવો જીત્યા.



समंदर को पी जानेवाले
अगत्स्य मुनि ने
जहाँ पर साधना की थी
वह अगत्स्य मुनि आश्रम मंदिर

હિન્દુ સંસ્કૃતિમાં અગત્સ્યઋષીનું આગવું સ્થાન છે. અગત્સ્ય ઋષીનું આખું ચરિત્ર વાંચવા જેવું છે. અહિં એક જ કંપાઉન્ડમાં ૨ મંદિર છે એક મહાદેવનું અને બીજુ અગત્સ્યમુનિનું એક જમાનામાં દક્ષિણ શૈલીમાં મંદિર હતું કારણ કે અગત્સ્ય ઋષીની જન્મભૂમિ દક્ષિણ ભારત છે. જિર્ણોદ્ધાર થયા પછી અહિં ઉત્તરાખંડ ની શૈલીનું મંદિર

બનાવવામાં છે.

બપોરે એક વાગે તોફાની વરસાદ અનરાધાર પડવા લાગ્યો તેમા'ય બરફ સાથે. નાના બોર ની સાઈજનાં 'કરા' ખૂબ પડ્યા. થોડીવારમાં તો જાણે જલપ્રલય થઈ ગયો. ઘણા ઝાડ પડી ગયા હશે. ઘણા છાપરા ઉડી ગયા હશે. હિમાલયમાં આવી જ રીતે વરસાદ આવે છે. સતત પાંચ વાગ્યા સુધી રમઝટ ચાલુ રહિ. વરસાદ બંધ થયા પછી સાંજે અમે ૬ કિ.મી. વિહાર કરી ચંદ્રાપૂર ગયા, રસ્તામાં ઝરણાઓની વસ્તી વધી ગઈ હતી. નદીનું પાણી વધારે મેલું થયું હતું. નદી વધું ઝડપ થી દોડતી હતી. જ્યાં ત્યાં ગાર્ડમેન ઉભા રહી ગયા હતા. વાહન વ્યવહાર તો નહિંવત્ થઈ ગયો હતો. આકાશમાં સફેદ વાદળાનો કોઈ પાર નહિં. ચારે તરફ પર્વતો પર સફેદ પૂલી જેવા વાદળોનો ગોટે ગોટા આકાશ તરફ આગળ વધી રહ્યા હતા. એકદમ લીલુછમ આકાશ નીચે સફેદઝગ વાદળા અને એમાં પરોવાએલા કાળાડિભાંગ પર્વતશિખરો નવાલોકની સફર કરાવવા માટે સક્ષમ હતા. દૂર-દૂર સુધી ઝરણાઓ દેખાઈ રહ્યા છે, આજનો રાત્રિ વિશ્રામ પણ મંદાકિની ના કિનારે છે.



## ભૈંસારી (ગુપ્તકાશી)

### જેઠ વદ ૭, બુધવાર, તા. ૬.૬.૨૦૧૮

અમે આગળ વધ્યા આજે ૧૨-૧૫ કિ.મી. જેટલું ચાલવાનો વિચાર હતો. અહિં થી ૧૦ કિ.મી. દૂર કુંડ ગામ હતું અને ૧૯ કિ.મી. ગુપ્તકાશી. અમે હજુ તો ૪-૫ કિ.મી. ચાલ્યા ત્યાં તો વાહનોની લાંબી લાઈન લાગેલી જોઈ. કોઈ ગાડી આવે નહિં કોઈ જાય નહિં. કોઈને પૂછ્યું. બધા કેમ ઉભા છે ? કેટલાકે કહ્યું 'ખબર નથી' આગળ ગાડી ચાલે નહિં તો પાછળ વાળી કેવી રીતે જાય. થોડાક આગળ ચાલ્યા ત્યાં વાસ્તવિકતા ખબર પડી ગઈ. રોડ ઉપર એક સ્થાને

दिन ढलने से पहले...



श्वेत शृंग
नगाधिराज हिमालय

ભૂસ્ખલ થયું હતું એટલે જ વાહન વ્યવહાર અટકી ગયો હતો. ભૂસ્ખલ થાય એટલે આખા રોડ ઉપર મોટા મોટા પત્થર અને માટી પડે. જ્યાં સુધી એને દૂર કરવામાં ન આવે ત્યાં સુધી એક પણ ગાડી ચાલે નહિં. એ બધું દૂર કરવા જે.સી.બી. મહેનત કરી રહ્યું હતું. એકલું કેટલું કરે - અંદાજે હજુ એક દોઢ કલાક થાય તેમ હતો. અરે અમારી સામે જ હજુ તો પત્થર પડવાનાં ચાલું હતા. અમે થોડા પાછા વળ્યા ત્યાંય કેટલાક તો ઢળી પડ્યા આ બધો ગઈ કાલના વરસાદનો પ્રભાવ છે. જો કે રાતનાય



વરસાદ ઓછો ન'તો પડ્યો. સવારે ૭ વાગ્યા પછી તો અમે નિકળ્યા છીએ. રાતનાં લગભગ એક વાગ્યાથી લઈને સવારે માંડ બંધ થયો. વાતાવરણ તો હજુ વાદળ છાયું હતું. વરસાદ સાવ બંધ હતો. અમે ચાલ્યા, પણ અહિં અટકી ગયા.

પહેલીવાર આટલું મોટુ 'ભૂસ્ખલ અમે જોયું.' બાકી નાના-નાના પત્થર અને માટી તો ઉપરથી પડ્યા કરતા હોય તે તો રોજનું હતું. ક્યારેક લાગે અહિં પગે ચાલીને જનારા વ્યક્તિઓ ને

**बादलों का नगर**
**गांधर्व लोक का आभास**
**कराता है ।**



ફરજીયાત હેલમેટ પહેરવાનો નિયમ બનાવવો જોઈએ. એકાદ પત્થર પણ ઉપરથી માથા પર પડે તો યાત્રા ને બદલે મહાયાત્રા નો પ્રારંભ થઈ જાય તે નિશ્ચિત છે.

આજે તો ઉપરની જમીન પોચી થઈ જવાના કારણે ધડાધડ પત્થર પડતા હતા. રોડ પર ચાલવું કેમ ? સારૂં કે વાહન વ્યવહાર બંધ છે નહિં તો કેટલું ધ્યાન રાખવું. રોડ પર ક્યાંય પાણીમાં

तो आज का
विश्राम स्थल
यही...

પગ ન આવી જાય ઉપરથી પત્થર કે લાકડા પડે નહિં. વાહનોની અવર જવર, એક સાથે કેટલા અવધાન કરવા પડે. હજુ એક દોઢ કલાક અહિં બેસીને કરીએ શું. અમે તો કોઈને પૂછીને નદીનાં સામાં કઠિથી નાની પગદંડી પર ચાલીને આગળ નિકળી ગયા. પાછા રોડ પર આવીને આગળ વધ્યા. સાડા નવે કુંડ પહોચ્યા અહિંથી એક રસ્તો ઉખીમઠ થઈ બદ્રીનાથ જાય છે અને બીજો પુલ પાર કરી ગુપ્તકાશી તરફ આગળ વધે છે અમે ગુપ્તકાશી તરફ આગળ વધ્યા. લાભભાઈની ગાડી તો હજુ ભૂસ્ખલનમાં અટવાએલી હતી. ૪-૫ કિ.મી. ચાલીને આજે ભૈસારી માં પહોંચ્યા છીએ સાડા ૧૧ વાગે, સાંજે ૪ કિ.મી. વિહાર કરી નાલા આવ્યા છીએ વચ્ચે ગુપ્તકાશી આવ્યું હતું. ગામ મોટું છે. હિન્દુઓનું તીર્થ સ્થલ છે. અહિંથી એક રસ્તો સિદ્ધપીઠકાલીમઠ તરફ જાય છે. ગુપ્તકાશીથી ૨ કિ.મી. આગળ નાલા ગામમાં આજે વિશ્રામ કરી રહ્યા છીએ વળી એક પ્રાચીન ત્રિપુરસુંદરી દેવીનું મંદિર છે પ્રાચિન મંદિરનાં જ કંપાઉન્ડમાં એક બુદ્ધ સ્તૂપ છે. બીજી નાની મોટી કેટલીક પ્રાચીન દેરીઓ માં ખંડિત મુર્તિઓ છે. બીજા દિવસે અમે ફાટા ગામ પહોંચ્યા ત્યાંથી સાંજે ૫ કિ.મી. ચાલીને વિશ્રામ કર્યો. ગુપ્તકાશી થી આગળ નિકળ્યા પછી પર્વતો ના જંગલ વધુ ઘાટા થતા જાય છે. અસંખ્ય પ્રકારની વૃક્ષ-વેલડીઓ સૂર્યના તડકામાં ચમકી રહી છે. આકાશમાં વાદળા દોડાદોડ કરી રહ્યા છે. વચ્ચે જમ્મુનર્સરી આવેલી એમા પણ વનસ્પતિઓની જાણકારી સારી મળી શકે.

આજનો આખો વિહાર હેલીકોપ્ટરોએ જ ઉડાઉડ કરી છે. અડધા અડધા કિ.મી. માં છેક સુધી હેલી સ્ટેશન છે. ૬૦૦૦ થી ૮૦૦૦ સુધી કેદારનાથ પહોંચવા માટે ટીકીટ છે અહિં થી માત્ર ૬ મીનીટમાં કેદારનાથ પહોંચાય. પાછા કેદારનાથ થી અહિં આવવું હોય તો બીજા ૬૦૦૦ હજાર. જેમની પાસે પૈસા વધારે હોય અને સમય ઓછો હોય તેવા લોકો હેલીકોપ્ટરથી જાત્રા કરે.

વળી રોડ ઉપર પણ ખૂબ સાવધાની થી ચાલવું પડે તેમ છે એક તરફ ખીણ હજુ વધું ઉંડી થતી જાય છે અને બીજી તરફ પહાડ ઉપરથી પત્થરો પડવાનું ચાલું જ છે. ક્યારેક તો આખા ઝાડ રોડની આડા પડી જાય. ખુબ સાવધાની થી આગળ વધી રહ્યા છીએ.



हिमालयी सुर्योदय

## સોનપ્રયાગ

અ. જેઠ વદ ૯, શુક્રવાર, તા. ૮.૬.૨૦૧૮

આજે સવારે સોનપ્રયાગ પહોંચ્યા. હોટલો ની ભરમાર છે. અહિં થી કોઈ વાહન આગળ જતું નથી એટલે હજારો વાહનો જ્યા ત્યાં નજરે પડે છે. અહિં થી કેદાર તીર્થ જવા માટે પરમીશન પાસ લેવાનો હોય છે. હજુ તો અમે સોનપ્રયાગ માં પ્રવેશ કરી રહ્યા હતા ત્યાં તો એક ખાખીવર્દી



પોલીસે સામે આવીને હુકમ છોડ્યો
'खड़े रहो'
અમે 'ખડા' રહિ ગયા,
'कहाँ से आते हो ?'
અમે કહ્યું - गुजरात से
'तुम कौन हो ? यहाँ क्युं आये हो ?'
हम जैन साधु हैं. तीर्थ यात्रा करने आये हैं।
तुम झूठ बोलते हो, जैन साधु तो नंगे होते हैं,
तुम तो कपड़े पहने हो।
અમે કહ્યું : अरे ! वो दिगम्बर जैन साधु होते हैं.
हम कपड़े वाले साधु हैं।
ऐसे भी कोई साधु होते हैं क्या ? प्रूफ क्या है
आपके पास ?
अरे ! हमारा ड्रेस ही प्रूफ है, हम जैन साधु हैं।
**I.D.** दिखाओ

**जैन साधु जहाँ भी जाते**
**पैदल चलकर जाते हैं।**
**कार, बस, ट्रेन, प्लेन आदि वाहन का**
**उपयोग नहीं करते।**



जैन साधु का I.D. नहिं होता

कैसे नहिं होता ? हिन्दुस्तान में रहते हो और I.D. नहिं रखते ? आधार कार्ड तो देना पड़ेगा। परंतु हमारा कोई कार्ड नहिं होता. आधार कार्ड क्या पानकार्ड-डेबिट-क्रेडिट कार्ड-राशनकार्ड कुछ नहिं होता.

आप रहते कहाँ हो वहाँ का एड्रेस

बुंदाबांदी हो रही है
आगे कैसे बढ़े ?



हमारा एड्रेस नहिं होता. हमने तो सब कुछ छोड़ दिया है।
પેલા પોલીસમેન નું મોઢું જોવા જેવું થઈ ગયું. એને સમજમાં જ ન આવ્યું કે અમારૂં શું કરવું ?
એ બીચારો વિચારતો હશે આ સવાર ના પહોર માં કોની સાથે પનારો પડ્યો છે.
છેવટે તે થાક્યો અને એણે પુછ્યું.
आप कौन-सी होटल में ठहरेंगे ?

**हम थकनेवालों में से नहीं है।**



अमे कह्युं - हम जैन साधु हैं कोई होटल में नहिं ठहरते.
पेलो वर्दीधारी विलखो पडी गयो, कहे के तो फिर कहाँ ठहरेंगे ?
अमे कह्युं - मंदिर में
यहाँ तो ऐसा कोई मंदिर नहिं है
तो आप ही बताओ कहाँ जायें ?

हिमालय की सांझ...



પોલીસ ને હવે ખરેખરી ચિંતા પેઠી, આ સાધુઓને ક્યાં રાખવા. એના મગજ માં એક તુક્કો આવ્યો, तो आप पुलिस थाने में रह जाओ

અમે કહ્યું - चलेगा, कहीं भी रहें हमें तो भगवान का भजन करना है, पुलिस थाने में तो और आनंद आयेगा।

પોલિસ બધા ખુશ થઈ ગયા. મજાક - મજાક પણ સાચી પડી ગઈ અમે તો 'ડેરા તંબુ' નાખ્યા પોલીસ થાણામાં - આખો દિવસ સરસ આરાધના થઈ. કોઈ પણ પોલીસ આવે અમને ઘુરી-ઘુરીને જુએ એ જોઈને અમને મજા આવતી. જૈન સાધુને આટલા નજીકથી પીછાણવાની આ પલ તેમણે જવા ન દીધી. પાંચ-પાંચ મીનિટે કોઈ ને કોઈ પોલીસમેન આવે કંઈક સાધુનો પરિચય પૂછે, અમે જવાબ આપીએ. સાંજ સુધીમાં તો બધા પોલીસમેન

**ऐसा आनंद फिर कब...**



ને જૈન સાધુ સંબંધી સારો એવો પરિચય થઈ ગયો. અમે સાંજે નિકળતા હતા તે પહેલા જ બધા પોલીસોએ અમને ખાસ રોકાઈ જવા વિનંતી કરી.

बाबाजी ! और पांच-सात दिन रुक जाईये, आपके जैसे साधु हिमालय में नहिं आते, आप असली साधु हैं।

અમે કહ્યું - आज तो जाना होगा, फिर कभी जरूर आयेंगे।

પોલીસમેન કઈ બોલી શક્યા નહિં.

અમે આગળ ચાલ્યા, જ્યાં સુધી અમે દેખાતા રહ્યા ત્યાં સુધી ત્યાં જ ઉભા રહ્યા. તેઓના મનમાં શું ભાવો હશે એની કલ્પના કરી શકાય. પણ એક દિવસ પોલીસ થાણામાં રહેવાનો આનંદ મળ્યો.

**ठंडी मौसम में**
**थोड़ी-सी धूप का**
**मजा ले ले।**



सोनप्रयाग थी १ ३ कि.मी. डुंगर उपर जता त्रीजुगीनारायण करीने गाम छे.

સોનપ્રયાગ થી ૧ ૩ કિ.મી. ડુંગર ઉપર જતા ત્રીજુગીનારાયણ કરીને ગામ છે. કહેવાય છે કે શિવ-પાર્વતી ના લગ્ન એ સ્થાને થયેલા. છેક સુધી પાકો રોડ છે. અમે સાંજે ગૌરીકુંડ માટે નિકળ્યા. નીચે કેદારગંગાનદી વહી રહી છે અને રોડ બીહડ જંગલમાં થી પસાર થઈ રહ્યો છે. સુમસામ રોડ પર ૪-૫ કિ.મી. ચાલશુ ત્યારે ગૌરીકુંડ આવશે. અમે આગળ વધી રહ્યા છીએ. અહિં ક્યાંય ચીડનું ઝાડ કે દેવદાર દેખાતું નથી, લાલ ભોજપત્રના કેટલાક વૃક્ષો છે. વરઘોડે ચઢતા વરલાડા ની જેમ વૃક્ષો તો

**अंदर कमरे में बैठे रहेंगे, तो पूरा हिमालय अंदर आ जायेगा। स्वर्गलोक इससे अधिक सुंदर हो सकता है क्या ?**



વનલતાઓનો શણગાર સજીને ઝુમી રહ્યા છે. ૫ કિ.મી. ચાલવા માંય એક શોર્ટકટ મળી ગયો તો ૪ કિ.મી. જ ચાલવાનું થયું. એક કલાકમાં તો અમે ગૌરીકુંડ પહોંચી ગયા, અહિં એક બંગાળી ધર્મશાળામાં રાત્રિ વિશ્રામાર્થે રહ્યા છીએ. ગૌરીકુંડ માં ગૌરી નું મંદિર છે, કહેવાય છે કે શિવજી ને મેળવવા માટે પાર્વતીએ આ સ્થાને જ તપ કર્યું હતું. પ્રાદેશિક શૈલીનાં જુના મંદિરમાં બે મૂર્તિઓ છે. અહિં ગરમપાણીનો કુંડ છે. ગૌરી મંદિરમાં જલેબી નો પ્રસાદ ચઢે છે.

**गौरीकुंड, गौरीमाई मंदिर जहाँ से केदारनाथ जाने हेतु पैदल मार्ग प्रारंभ होता है ।**




केदारेश्वर क्षेत्र में आगंतुकों का स्वागत

## કેદારનાથ

અ. જેઠ વદ ૧૦, શનિવાર, તા. ૯.૬.૨૦૧૮

ગૌરીકુંડ થી સવારે કેદારનાથ જવા માટે પગ ઉપાડ્યો. વિચાર્યું હતું પાંચ વાગે નિકળીશું પણ આકાશમાંથી અમી છાટણાં ચાલુ હતા. પોણા છએ બંધ થયા પછી આગળ વધ્યા. કેટલાક યાત્રીકો તો ૩-૪ વાગે રાત્રે જ નીકળી ગયા હતા. સિમેન્ટનો પાકો બાંધેલો રસ્તો ચઢનાર ને વધુ થાક




લગાવતો ન હતો. ડોળીવાળા -ખચ્ચરવાળા નું સામ્રાજ્ય હતું. ચાલનારા યાત્રીકોને તેમના તરફથી અડચણ થાય તે સહજ છે. ૪ કિ.મી. પર જંગલ પટ્ટી કરીને સ્થાન આવ્યું. એથી ઉપર ભીમવલી બેઝકેમ્પ - કુલ ૧૪ કિ.મી. નું આકરૂં ચઢાણ છે. શરૂવાતનાં તો આઠ કિ.મી. બરાબર ચલાયું - એ પછી ભારે કઠણ રસ્તો આવ્યો. અમે તો સોર્ટકર્ટ માં ચાલતા આગળ નિકળી ગયા. ૬ કલાકે માંડ કેદાર પહોંચ્યા.

समुचित व्यवस्था
कार्य को आनंद से
भरपूर करती है ।




पहाड़ों पर कि.मी. लंबे क्यों हो जाते हैं ? आधा घंटा चलो तब एक कि.मी. तय होता है। गौरीकुंड क्षेत्र में मार्गदर्शन करता एक बोर्ड

અહિં શંકરનું પ્રાચીન મંદિર છે કહેવાય છે કે પાંડવોએ આ મંદિર બનાવ્યું હતું. એકલા ગ્રેનાઈટ પત્થરનું આ મંદિર ખુબ મજબુત છે. શંકરાચાર્યના વખતમાં આની પુનઃ સ્થાપના થઈ હતી. મંદિરની પાછળ ઉંચા-ઉંચા હિમશિખરોની શોભા ખરેખર આકર્ષક છે, તો ચારે તરફ શિખરો થી આવતી નદીઓ અહિં એક સ્થાને ભેગી થઈ કેદારગંગા નું રૂપ ધારણ કરે છે. અહિં એક ધારા સરસ્વતી નદીના નામે પણ ઓળખાય છે. સન્ ૨૦૧૩માં કુદરતી હોનારતમાં આખુ'ય કેદારનાથ




पाणीमां तणाई गयुं हतुं, मात्र मंदिर बच्युं हतुं. कहेवाय छे के मंदिरनी पाछळ एक महाकाय शीला आवी ने अटकी गई. एना कारणे पाणी मंदिरने कंई करी शक्युं नहिं जो ए शीला आवी न होत तो मुख्य मंदिर पण तणाई जात. आजे ते शीला अहिं छे. तेनुं नाम भीमशीला पाडवामां आव्युं छे. आवनारा यात्रिको आ शीला उपर घी लगावे छे ते पर चणानी दाळ. ममरा-चोखा कंकु छांटे छे. शीला नीचे खंडित पत्थरमां उभी पांच मुर्तिओ कोतरेली छे. तेनी पण ए ज रीते पुजा थाय छे.

केदारनाथ अभी १० कि.मी.
बाकी है । बड़ा कठीन मार्ग है ।
चलते तो है सब यहाँ...
कोई खच्चर पर,
कोई पैदल...



મુખ્યમંદિરનાં પ્રધાનદ્વારે ડાબી-જમણી બાજુ ૨ પ્રાચીન મૂર્તિઓ છે. કોઈક 'માલાધર' ની મૂર્તિ છે. એમની પણ ઘી ચોપડીને પુજા થાય છે. મંદિરની અંદર અર્જુન-કૃષ્ણ-લક્ષ્મીનારાયણ-કુંતી-યુધિષ્ઠીર-નકુલ-સહદેવ-ભીમની મૂર્તિઓ રંગમંડપનાં ગોખલા માં ગોઠવેલી છે. જો કે મુર્તિઓને તે તે નામ આપેલા છે. પણ મૂર્તિઓ વાસ્તવમાં કોની છે કોઈને ખબર નથી. 'કુંતી' નામની મૂર્તિ એક પુરૂષની છે તો યુધિષ્ઠીર નામની મૂર્તિ 'માલાધર' ની છે. જે હોય તે આ વિષયમાં કોઈને રસ નથી. અહિં માત્ર પુરોહિતો નું જ રાજ છે. સાધુ-સન્યાસી કોઈ છે જ નહિં. એક પણ આશ્રમ કેદારમાં નથી. જ્યાં જુઓ ત્યા હોટલ છે. કેટલીક ધર્મશાળાઓ પણ હોટલનાં રૂપમાં ફેરવાઈ ગઈ છે.

कुदरत की कला



मंदिरनां ગર્ભગૃહમાં વચ્ચે ત્રણ ખુણાવાળી શીલા કેદારનાથ કરીને પુજાય છે. એની ઉપર ૪ મુખવાળા સુવર્ણ શિવલિંગની સ્થાપના કરેલી છે. ૬ મહિના માટે તેને ઉખીમઠ લઈ જવામાં આવે છે. ૬ મહિના અહિં પુજાય છે. ગર્ભગૃહનાં ૨ દ્વાર છે, અંદરનું દ્વાર બિલકુલ આપણા દેરાસરના ગભારા નું દ્વાર હોય તેવું છે. એથી પહેલાનું સામાન્ય છે. મંદિરનું મુખ્યદ્વાર નાનું છે. અંદર પ્રવેશતા રંગમંડપ આવે તે પછી ગુઢમંડપ એ પછી ગર્ભગૃહ. જેને સ્પેશીયલ પુજા કરાવવાની ભાવના હોય તેઓને

थक गये तो बैठ गये ।
मंझिल मिल जायेगी बैठो तो,
बैठे रहो तो नहीं मिलेगी ।
आधा चले हैं आधा बाकी है
हमें नहीं पता था कि आगे
खड़ी चढ़ाई तो बाकी है ।



ગુઢમંડપમાં પુરોહિતો લઈ જાય ત્યાં બેસીને તે તે અનુષ્ઠાનો કરવામાં આવે. બાકી બધા બહાર થી દર્શન કરીને આગળ વધે. મંદિરની બહાર નંદી છે. બાકી તો ચારે તરફ પ્રસાદી ની દુકાનો છે. સાંજે આરતી સમયે મેળો જામે છે, ભારતીય સંસ્કૃતિ નાં મુળ ઘણા ઉંડા છે. વિષમકાળનાં ભયંકર ઘા લાગવા છતા પણ ધાર્મિક શ્રદ્ધા ઓછી થઈ નથી હજારો યાત્રીઓ માત્ર એક શ્રદ્ધાનાં બળે આવી વિકટ અને અત્યંત દુષ્કર યાત્રા માટે ઉમટે છે. ૧૪ કિ.મી. ચાલવામાં તકલીફો ઓછી નથી. ગમે ત્યારે કંઈ પણ થઈ સકે પગ લપસી જાય. ભુસ્ખલન થાય. અચાનક વરસાદ તુટી પડે. હિમાલયી તોફાનમાં આજુબાજુનાં વૃક્ષો તુટીને માથે પડે. ખચ્ચર કે ડોળી વાળાનો ધક્કો લાગે. અત્યંત ગાઢા વાદળથી વાતાવરણ ભરાઈ જાય.

**केदारघाटी का**
**विहंगम दृश्य**



ચઢતા-ચઢતા શ્વાસ ફૂલી જાય. ઓક્સિજન ખતમ થઈ જાય. આ બધાનું એક જ ભયંકર પરિણામ છે મૃત્યું.

આજે પણ એક ભાઈએ અહિં અંતિમ શ્વાસ પૂરા કર્યા. મંદિરની ચારે બાજુ વિવિધ જાતના જટાધારી બાબા જોગી બેઠેલા હોય છે. કોઈના હાથમાં ત્રિશુળ હોય તો કોઈના હાથમાં ચીપીઓ કોઈ આખા શરીરે રાખ લગાવેલા તો કોઈ મોઢા પર સફેદ માટી લગાવીને ફરતા. કોઈ નાની જટા વાળા

केदारघाटी से चलना है।
जहाँ मंदाकीनी का
नटखट प्रवाह
चित्ताकर्षक है।



તો કોઈ મોટી જટા વાળા, કોઈ ચલમપીતા તો કોઈ ગાંજો પીતા હોય. કોઈ ભક્તોને આશીર્વાદ આપતા તો કોઈ ભક્તો પાસેથી દક્ષિણા લેતા, કોઈ લાલ આંખવાળા તો કોઈ પીળી આંખવાળા. કોઈ ડરાવના તો કોઈ ભયંકર. ૫૦-૧૦૦ સાધુઓ માં ઘણી વિવિધતા જોવા મળે.

કેદારનાથમાં આજ સવાર થી જ સતત એલાઉંસ થઈ રહ્યું છે, કોઈક બે છોકરીઓ ખોવાઈ ગઈ છે, છેક રાત સુધી મળી નહિં. આખા દિવસમાં યાત્રીકો ખોવાઈ જવાના એલાઉન્સ ચાલતા રહ્યા, એમા'ય વધારે છોકરીઓ ના નામ હતા. શું થયું હશે ભગવાન જાણે.

બીજા દિવસે અમે સોનપ્રયાગ પહોંચ્યા ત્યાં પણ કેટલાક યાત્રીકો નાં ખોવાઈ જવાના એલાઉન્સ ચાલતા હતા. પોલીસ ચોકીની બહાર

**बादलों से लीपटी**
**केदार घाटी का**
**मनलुभावन दृश्य...**





૨૫-૩૦ ખોવાઈ ગએલ વ્યક્તિઓનાં ફોટા હતા. એક માટે તો પાંચ લાખ રૂ.નું ઈનામ જાહેર કર્યું હતું. ખાસ કરીને ૧૨ થી ૧૫ વર્ષની છોકરીઓ ઘણી ખોવાઈ જાય છે એનો કંઈ પત્તો લાગતો નથી એવી ફરીયાદ હોય છે.

કેદારનાથમાં છેલ્લા ૩ કિ.મી. માં વનરાજી માં નાના-નાના ફૂલોનું સામ્રાજ્ય મનનાં આહ્લાદને વધારે છે એમાં'ય આછા ગુલાબી રંગ ના 'ઔરિકુલા', પીળા 'પ્રિમરોજ' ગુલાબ-સિરંગા-બીજા પણ



बादल नीचे
हिमालय उपर

નાગની ફણ આકારનાં લાલ મરચા આકારનાં. પુંછડીવાળા એવા ઘણી જાતના ચિત્તાકર્ષક ફૂલોનો ભંડાર છે. ખીણનાં આખા ઢોળાવ ઉપર આવા ફૂલોની બીછાત લાગેલી છે. બ્રાહ્મી નું પ્રમાણ સારૂં છે. બીજી અસંખ્ય જાતની અજાણી વનસ્પતિઓ નો પાર નથી. અહિં એક વિશેષતા જોઈ, યમનોત્રી કે ગંગોત્રી ગૌમુખ માં જે જે વનસ્પતિઓ હતી એથી જુદી જ અહિં વનસ્પતિઓ છે. ઔષધીનાં સંશોધકો માટે કેદાર ઘાટી વરદાન થઈ પડશે.



કેદારથી ગૌરીકુંડ પાછા ૪ કલાકમાં પહોંચી ગયા. વાતાવરણ ચોખ્ખું હતું સોનલવર્ણા સુર્યકિરણો હિમશિખરો પર દિવ્યતાનું સિંચન કરતા હતા. સોનપ્રયાગ થી સાંજે ૪ કિ.મી. ચાલી રામપુર રાત્રિ વિશ્રામ કર્યો.

હિમાલયમાં વિહાર કરતા દિવસે દિવસે આનંદ વધતો જાય છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન અસંખ્યવાર આ હિમાલયમાં પધાર્યા હશે. જૈન શાસ્ત્રોમાં તો અત્ર-તત્ર-સર્વત્ર ઋષભદેવ પ્રભુ અષ્ટાપદ કૈલાશ ગિરિવર ઉપર પધાર્યા તેના ઉલ્લેખો મળે છે. પણ હિન્દુ શાસ્ત્રોમાં પણ આ બાબતની નોંધ લેવામાં આવી છે.

જેમકે **'આર્યમંજુશ્રી મૂલકલ્પ'**માં ભારતવર્ષના પ્રાચિન સમ્રાટોની યાદીમાં નાભિરાજાના પુત્ર ઋષભદેવના પુત્ર ભરત

**जहाँ पत्तों पर लगे**
**जलबिन्दु के तोरण**
**मोतीयों का आभास करते हैं।**



મહારાજા ને યાદ કરવામાં આવ્યા છે અને તેની સાથે જ લખ્યું છે કે ભગવાન શ્રી ઋષભદેવે હિમાલયમાં તપ કરી સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું હતું તે ગ્રંથનો શ્લોક આ પ્રમાણે છે.

प्रजापते सुतो नाभिः तस्यापि आगमुच्यति,
नाभिनो ऋषभपुत्रो वै सिद्धकर्म दृढव्रतः ॥

तस्यापि मणिचरो यक्षः
सिद्धो हेमवते गिरौ
ऋषभस्य भरतः पुत्र
सोऽपि मज्जतात् सदा जपेत् ॥

**ભાવાર્થ :** પ્રજાપતિના પુત્ર નાભિરાજાનાં પુત્ર ઋષભદેવ હતા તે નિશ્ચયથી સિદ્ધિપદની આરાધના માટે દૃઢવ્રતધારણ કરનાર હતા. ઋષભદેવના પુત્ર ભરત હતા, વિગેરે.

**मात्र केदारनाथ क्षेत्र में**
**पाया जाता पौधा 'काली नागफणी'**
**काले नाग की फण शेषनाग का**
**प्रतिक माना जाता है।**



**श्री नागपुराण**માં તો બહુસરસ રીતે શ્રી ઋષભદેવ પ્રભુનું સ્મરણ કર્યું છે.

कैलासविमले रम्ये ऋषभोऽयं जिनेश्वरः
चकार स्वावतारं यो सर्वः सर्वगतः शिवः ॥

**ભાવાર્થ :** સુંદર અને નિર્મળ એવા કૈલાશ પર્વત ઉપર શ્રી ઋષભદેવ પ્રભુએ પોતાનો અવતાર કર્યો. તે ઋષભદેવ પ્રભુ સર્વ વ્યાપી છે અને સૌના કલ્યાણરૂપ છે.

**શિવપુરાણ**નો આધાર મનુષ્ય માત્ર ને આનંદ આપનાર છે.

अष्टषष्टिषु तीर्थेषु यात्रायां यत्फलं भवेत् ।
आदिनाथस्य देवस्य स्मरणेनापि तद्भवेत् ॥

મહાદેવજી શ્રી પાર્વતી દેવીને કહી રહ્યા છે - દેવી ! અડસઠ તીર્થની યાત્રા કરવા નું જે ફળ થાય છે તે આદિનાથ દેવનું સ્મરણ માત્ર કરવાથી ફળ પ્રાપ્ત થાય છે.

વાસ્તુશિલ્પના પ્રણેતા વિશ્વકર્મા દ્વારા વિરચિત **'અપરાજિત શિલ્પ શાસ્ત્ર'**માં હિમાલય ગિરિ ઉપર સુમેરૂ પર્વત અને તે ઉપર બીરાજમાન

**काली नागफणी का पार्श्वचित्र...**
**नाग की फन और**
**जीभ भी दिख रही है।**



उत्तुंग हिमगीरी की पर्वतमाला

શ્રી ઋષભદેવપ્રભુના મહિમાને વર્ણન કરતા ૩૫ શ્લોક છે, તેમાંથી કેટલાક અહિં લઈએ.

सुमेरुं शिखरं दृष्ट्वा गौरी पृच्छति शंकरम् ।
कोऽयं पर्वतः इत्येष कस्येदं मन्दिरं प्रभो !

**અર્થ :** સુમેરૂ ગિરિને જોઈને ગૌરી શંકરને પુછે છે. આ પર્વત કયો છે ? અને હે પ્રભુ ! આ મંદિર કોનું છે ?



कोऽयं मध्ये पुनर्देवः ? पादान्ता का च नायिका ? ।
किमिदं चक्रमित्यत्र ? तदन्ते को मृगो मृगी ? ॥

**અર્થ :** આ મંદિરની મધ્યમાં કયા દેવ છે ? તેમના ચરણોમાં આ દેવી કોણ છે ? આ ચક્ર અને આ હરણ અને હરણી કોણ છે ? ત્યારે શ્રી મહાદેવજી જવાબ આપે છે.

**फूलों की घाटी जहाँ फूलों की चादर बीछी है ।**



केदारघाटी या
फूलों की घाटी...

पर्वतो मेरुरित्येष स्वर्णरत्न विभूषितः ।
सर्वज्ञ मन्दिरं चैतद् रत्नतोरणमण्डितम् ॥

**અર્થ :** હે દેવી ! સ્વર્ણ અને રત્નથી અલંકૃત આ મેરૂપર્વત છે અને રત્નના તોરણથી સુશોભિત આ સર્વજ્ઞનું મંદિર છે.



इन्द्रियैर्न जितो नित्यं, केवलज्ञान निर्मलः ।
पारंगतो भवाम्भोधेर्यो लोकान्ते वसत्यलम् ॥

**અર્થ :** હે દેવી ! આ સર્વજ્ઞદેવ ઈન્દ્રિયોના વિષયોથી ક્યારેય જીતાયા નથી. જેમને નિર્મળ કેવલજ્ઞાન છે અને જે ભવસાગરથી પાર થઈ ગયા છે. અને લોકના અગ્રભાગે – મોક્ષમાં નિવાસ કરે છે.

धर्म चक्रमिदं देवि ! धर्ममार्ग प्रवर्त्तकम् ।
सत्त्वं नाम मृगस्योयं मृगी च करुणा मता ॥

**અર્થ :** હે દેવી ! આ ધર્મચક્ર છે જે ધર્મમાર્ગ ને પ્રવર્તાવનાર છે. આ સત્ત્વ નામનો હરણ છે અને કરૂણા નામની હરણી છે.

**गुलाबी फुलोंवाली**
**एक अलभ्य दुर्लभ**
**दिव्य औषधी**

यक्षोऽयं गोमुखो नाम, आदिनाथस्य सेवकः ।
यक्षिणी रुचिराकारा, नाम्ना चक्रेश्वरी मता ॥

**અર્થ :** આ શ્રી આદિનાથ - ઋષભદેવનો સેવક ગૌમુખ યક્ષ છે અને સુંદર આકૃતિવાળી યક્ષિણી ચક્રેશ્વરી નામની દેવી લોકમાં પ્રસિદ્ધ છે.

આ રીતે હિન્દુ શાસ્ત્રોમાં પણ શ્રી ઋષભદેવ પ્રભુના માહાત્મ્યને અદ્‌ભુત રીતે વર્ણવ્યું છે.

શ્રીમદ્ ભાગવત પુરાણમાં શ્રી ઋષભદેવ પ્રભુની સ્તુતિ કરતા વ્યાસજી મહારાજ લખે છે -

नित्यानुभूत निज लाभ निवृत्ति तृष्णः
श्रेयस्यतद्वचनया चिर सप्त बुद्धेः ।
लोकस्य यः करुणाऽभयमात्मलोक -
माख्यान्नमो भगवते ऋषभाय तस्मै ॥

**અર્થ :** નિરંતર વિષય ભોગોની ઈચ્છા રાખવાના કારણે વાસ્તવિક કલ્યાણથી લાંબા સમય સુધી મુર્છિત લોકોને જેમણે કરૂણાવશ નિર્ભય



**हास... पहुंच गये**
**अब ज्यादा दूर नहीं है ।**



આત્મલોકનો સંદેશ આપ્યો અને જે પોતે હંમેસા અનુભવ થવા વાળા આત્મસ્વરૂપની પ્રાપ્તિના કારણે સમસ્ત તૃષ્ણાઓથી મુક્ત છે તેવા ભગવાન ઋષભદેવને નમસ્કાર થાઓ.

**મનસ્મૃતિનો** એક સરસ પાઠ છે -

अष्टमो मरुदेव्यां तु, नाभेर्जात उरुक्रमः ।

**અર્થ :** મરુદેવી અને નાભીરાજાના પુત્ર ઉરુક્રમ છે. ઉરુક્રમ ઋષભદેવનું બીજુ નામ છે.

ઋષભદેવ આદિનાથનું સ્મરણ **તિરૂકુરલ** નામના તમિલગ્રંથમાં કરતા **તિરૂવલ્લુવર** લખે છે -

மலர்மிசை ஏகினான் மாணடி சேர்ந்தார்
நிலமிசை நீடுவாழ் வார். – 1-3

**અર્થ :** આદિનાથ ભગવાન સર્વત્ર વ્યાપ્ત છે. જીવમાત્રના હૃદયકમલમાં વસે છે.

**ये पत्थर,**
**ये औषधीयाँ,**
**ये धरती,**
**कुछ तो कह रही है ।**



आदिनाथ ભગવાનના ચરણોનું જે શરણ બેસે તેને અનંતકાળનો આનંદ મળશે. ૧-૩

வேண்டுதல்வேண் டாமை
இலான்அடி சேர்ந்தார்க் (கு)
யாண்டும் இடும்பை இல. - 1-4

केदारनाथ
हेली स्टेशन



केदारनाथ मंदिर के पीछे
केदार ग्लेशीयर्स का
मनोहर दृश्य

**અર્થ :** જે માણસ રાગ દ્વેષરહિત આદિનાથ ભગવાનનું ચિંતન કરે છે અને તેમના ચરણોમાં લયલીન થશે તે ગાઢ કર્મબંધનોથી ના દુઃખથી મુક્ત થાય છે. ૧-૪

**માર્કણ્ડેયપુરાણ** અધ્યાય ૪૦ ના ૩૯ માં શ્લોકમાં શ્રી ઋષભદેવ આદિનાથને આ રીતે યાદ કર્યા છે.



अग्निध्रसूनोनाभेस्तु ऋषभोऽभूत् सुतो द्विजः ।
ऋषभाद् भरतो जज्ञे वीरः पुत्रशताद्वरः ॥३९॥

નાભિરાજાના પુત્ર ઋષભદેવ થયા અને ઋષભદેવથી ભરત થયો. તે સો પુત્રોમાં સૌથી ઉત્તમ (ચક્રવર્તી) હતો. (ઋષભદેવના સો પુત્ર હતા તેમાં સૌથી મોટો પુત્ર ભરત હતો.)

**ये है केदारनाथ**
**जहाँ पारलौकिक शक्तियों का**
**दिव्य साम्राज्य**
**स्थापित है ।**



**કર્મપુરાણ**ના શ્લોકને જોઈએ -

हिमाह्वयं तु यद्वर्ष नाभेरासीन्महात्मनः ।
तस्यर्षभोऽभवत्पुत्रो मरुदेव्या महाद्युतिः ॥३७॥

હિમવર્ષ ક્ષેત્રમાં મહાત્મા નાભીરાજા છે. તેમની પત્નિ મરૂદેવીથી મહાતેજસ્વી ઋષભદેવનો જન્મ થયો.

**અગ્નિપૂરાણ** ૧૦માં અધ્યાયમાં -

ऋषभो मरुदेव्या च ऋषभाद् भरतोऽभवत् ॥११॥

મરૂદેવી માતાથી ઋષભદેવનો જન્મ થયો અને ઋષભદેવથી ભરતનો ॥૧૦॥

**વાયુમહાપૂરાણ** પૂર્વાર્ધ અધ્યાય - ૩૩ માં

नाभिस्त्वजनयत्पुत्रं मरुदेव्या महाद्युतिः ।
ऋषभं पार्थिवश्रेष्ठं सर्वक्षत्रस्य पूर्वजम् ॥५०॥

નાભિરાજાના પુત્ર અને મરૂદેવીથી જન્મેલા મહાતેજસ્વી શ્રી ઋષભદેવ ઉત્તમ રાજા છે અને સર્વ ક્ષત્રીયોના પૂર્વજ છે ॥૫૦॥

केदारनाथ मंदिर के परिसर में



વરાહપુરાણ અધ્યાય ૭૪ માં

नाभिर्मरुदेव्यां पुत्रमजनयत् ऋषभनामानं ।
तस्य भरतः पुत्रश्च तावदग्रजः तस्यभरतस्य पिता।
ऋषभ हेमादिर्दक्षिणं वर्ष महद् भारतं नाम शशास ॥

અર્થ : નાભિરાજા અને મરૂદેવીથી ઋષભદેવનો જન્મ થયો. તેમનો પ્રથમ ભરત નામનો પુત્ર હતો. શ્રી ઋષભદેવ ભરતના પિતા હતાં. હિમાલયથી દક્ષિણ ક્ષેત્ર સુધી સમસ્ત ભારતનું તેમણે શાસન કર્યું હતું.

**લિંગપુરાણ** અધ્યાય ૪૭ શ્લોક નં. ૧૯ થી ૨૪

नाभेर्निसर्ग वक्ष्यामि हिमांकेऽस्मिन्निबोधत ।
नाभिस्त्वजनयत् पुत्रं मरुदेव्यां महामतिः ॥११॥
ऋषभं पार्थिव श्रेष्ठं सर्वक्षत्रस्य पूजितम् ।

**ભાવાર્થ :** નાભિરાજા અને મરૂદેવીથી મહાબુદ્ધિમાન ઋષભદેવનો જન્મ થયો. સર્વ ક્ષત્રિયોને પૂજનીય એવા શ્રી ઋષભદેવ સર્વશ્રેષ્ઠ રાજા હતા.

**केदारनाथ मुख्य द्वार पर**
**संजयभाई, वडोदरा**




**વિષ્ણુપુરાણ**ના દ્વિતીયાંશ અધ્યાય ૧માં

हिमाह्वयं तु वै वर्ष नाभेरासोन्महात्मनः ।
तस्यर्षभोऽभवत्पुत्रो मरुदेव्यां महाद्युतिः ॥२७॥

હિમક્ષેત્રમાં મહાત્મા નાભિરાજા તથા મરૂદેવીને મહાતેજસ્વી ઋષભ નામનો પુત્ર હતો. ॥૨૭॥

**સ્કંન્ધપુરાણ**ના માહેશ્વરખંડ - કૌમારખંડ અધ્યાય ૩૭ માં

नाभेः पुत्रश्च ऋषभ, ऋषभाद् भरतोऽभवत् ।

નાભિરાજાના પુત્ર ઋષભદેવ અને ઋષભદેવથી ભરત થયો.

केदारनाथ मुख्यद्वार पर
राजू



केदारनाथ मुख्यद्वार पर
लाभभाई

મથુરાના કંકાલી ટીલાથી પ્રાપ્ત થએલ લગભગ ૨૦૦૦ વર્ષથી પણ વધુ પ્રાચિન શિલાલેખનો લેખ પ્રો. જ્યોર્જ બ્હોલર 'Epigrabhica Indica'માં લખે છે.

શિલાલેખની પહેલી લાઈન : भगवतो उसभस्स वारणे गणे नाडिले कुले...

**ભાવાર્થ** : ભગવાન ઋષભદેવને નમસ્કારણ વારણગણમાં નાડિલ કુળમાં...

આ શિલાલેખથી પણ સિદ્ધ થાય છે કે શ્રી ઋષભદેવનો પ્રભાવ અને ભગવાન ઋષભદેવને



ઉપાસક દેવ તરીકે માનનારા સમસ્ત ભારત વર્ષના લોકો હતા. પૂરાણ વચનોથી એટલું નક્કી થાય છે કે શ્રી ઋષભદેવનું સામ્રાજ્ય ઉત્તર હિમાલયથી છેક દક્ષિણ ભારત સુધી હતું. પૂરાણમાં ઋષભદેવ સર્વ ક્ષત્રિયોના આદ્યપુરૂષ કહેવાયા છે. આવા ઋષભદેવ જૈન ધર્મના પ્રથમ તીર્થંકર તરીકે પ્રસિદ્ધ છે. અને તેઓ હિમાલય ઉપર સાધના કરી સિદ્ધપદને પ્રાપ્ત કર્યું છે.

**कौन जानता है**
**किस रुप में**
**कौन है ?**



શ્રી ઋષભદેવ ભગવાનનું અષ્ટાપદ કૈલાશગિરિ ઉપર નિર્વાણ થએલું. એટલે કે સંસારથી મુક્ત થએલા. તેમના મોટા પુત્ર ભરતચક્રવર્તીએ ૨૪ તીર્થંકરોની દેહપ્રમાણ મૂર્તિઓ બીરાજમાન કરી, ત્યાં મોટું સોનાનું જિનાલય બનાવ્યું. અને તેની સુરક્ષા માટે લોખંડમાંથી બનેલા બે પુતળા રાખ્યા. વર્તમાનકાળમાં પ્રચલિત થતા 'રોબર્ટ'ની કલ્પના કદાચ અહિંથી જ મળી હોય. આજથી અસંખ્ય વર્ષ પૂર્વે જિનાલયની સુરક્ષા માટે યંત્રમાનવોની વ્યવસ્થા થઈ આ બાબત જૈન શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. બીજા તીર્થંકર અજિતનાથ ભગવાનના સમયમાં સગરચક્રવર્તીના ૬૦૦૦૦ પુત્રો એ અષ્ટાપદની સુરક્ષા માટે અષ્ટાપદની ચારે તરફ મોટી ખાઈ ખોદી તેમા ગંગાનું પાણી લાવ્યું. સગર મહારાજાના પૌત્ર ભગીરથે એ ગંગાને ધારણ કરી રાખી.

एक बाबा...



केदारनाथ मंदिर
के पीछे भीमशीला

કૈલાસનું અષ્ટાપદ નામ છે. એ બાબત આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યજી **'અભિધાન ચિંતામણી ગ્રંથ'**માં લખે છે - કે 'रजताद्रिस्तु कैलासोऽष्टापद स्फटिकाचल'-૪-૯૪

અર્થાત - કૈલાશ પર્વતના ચાર નામ છે. (૧) રજતાદ્રી (૨) કૈલાશ (૩) અષ્ટાપદ (૪) સ્ફટિકાચલ... આ સિવાયના જે નામ પ્રાપ્ત થાય છે તે આ રીતે.... ધન્દાવાસ - હરાદ્રિ - હિમવત્



- હંસ - ધવલગિરિ - કૈલાશ, અષ્ટાપદ બન્ને એક જ પર્યાયવાસી શબ્દ છે. અતિપ્રાચિનકાળથી જૈન ધર્મ અષ્ટાપદ - કૈલાસ પર્વતની ઉપાસના કરે છે. વિદ્વાનો આ તીર્થ માટે વધુ સંશોધન કરે તો સારૂં. સાહસિક નરબંકા યુવાનો આ કાર્ય કરી શકે.

केदारनाथ रात्रि दृश्य...
जहाँ रात काली कभी नहीं होती।
हलका-सा
नीला प्रकाश रहता ही है।



## ઉખીમઠ

અ. જેઠ વદ ૧૪, મંગળવાર,
તા. ૧૨.૬.૨૦૧૮

હવે અમારી યાત્રા બદ્રીનાથ તરફ આગળ વધી રહી છે, જલ્દી પહોંચીએ આદીશ્વર દાદાનાં ચરણોમાં. ઘણા દિવસો થઈ ગયા પ્રભુદર્શનને. અષ્ટાપદ અવતાર તીર્થમાં આદિનાથ દાદાને ભેટવું છે.

કેદારથી પાછા ગુપ્તકાશી સુધી તો એ જ રસ્તો છે. અહિં થી બદ્રીનાથ નાં રસ્તે ચઢવા માટે અમારી મનગમતી 'છફૂટી' નો જ સહારો લીધો. ગુપ્તકાશીથી ડામરની સડક પર ચાલીએ તો ઉખીમઠ

**सदा की साथी छफुटी
जिस पर खुले पाँव चल कर
जैन साधु अपनी यात्रा करते हैं।**



૧૨ કિ.મી. થાય, પણ પેલી છફૂટીએ અમને માત્ર પાંચ કિ.મી. માં પહોંચાડી દીધા.

ઉખીમઠ નાનકડું ગામ છે. અહિં ઓંકારેશ્વર મહાદેવનું મંદિર છે. મંદિરના સિંહદ્વાર પર લાકડાનું કામ સારૂં છે. મંદિરની અંદર ગર્ભગૃહમાં શિવલિંગ છે. સામે દિવાલ પર હાથ જોડીને ઉભેલા પાર્વતી છે.

અહિં પણ મુખ્ય ગભારાનું દ્વારશાખ આપણાં જિનાલય જેવું છે નીચે બે ગ્રાહ. શંખાવટી બન્ને બાજુ બે થાંભલામાં ૪-૪ એમ આઠ વિદ્યાદેવી-ગોળ ચંપાકલીની બોર્ડર. આ બધું આ

**ये 'छफुटी' हमें ले जाएगी उखीमठ की ओर,**
**छफुटी से हिमालय यात्रा का**
**आनंद लाजवाब है।**



પ્રાચીન જિનાલયની સાખ પુરવા પર્યાપ્ત છે. એક જમાનામાં આ હિમપ્રદેશમાં ઘણા જિનાલયો હતા. આદિશંકરાચાર્યનાં સમયમાં આ બધા હિન્દુ મંદિરો બનાવવા માં આવેલા. એનો ઇતિહાસ જાણીતો છે. એવા હજારો પુરાવા છે કે શંકરાચાર્યે પોતાના સમયમાં જૈન મંદિરો ને હિન્દુ મંદિરો બનાવ્યા. અરે ધર્મ ના નામે એવું વાતાવરણ બનાવ્યું કે આખો જૈન સંઘ પૂર્વમાં થી પશ્ચિમમાં આવી ગયો. એના જ અવશેષો આજે અમારી સામે છે.

ઉત્તરાખંડ શૈલીનું આ મંદિર ઘણું પ્રાચીન છે. બીજી પણ કેટલીક ખંડિત મૂર્તિઓ અહિં જોવા

एक मीठी उलझन... रास्ता तो यहाँ पूरा हो गया, आगे रास्ता दिख नहीं रहा, चारो ओर मात्र चीड़ के सुखे पत्ते हैं, जिन्होंने हमारे मार्ग को ढक दिया है। परंतु कोई बात नहीं, उपर ही तो जाना है। चलो... रास्ता तो अपने आप हमें ढुंढते चला आयेगा।



મળે છે. ભક્તો તો ભક્તો જ હોય. જે મળે તેને કંકુ-ઘી-સરસીયું તેલ મમરા-ચોખા-ચણાદાળ લગાવીને પુજા કરે.

પ્રાચીન હિન્દુ મંદિરમાં ચોખ્ખાઈ જોવા મળે નહિં. કેદાર આટલું મોટું તીર્થ ગણાય પણ ગંદકીનો પાર નહિં. દેવ-દેવીઓની મૂર્તિઓના હાલ જો હોય તો ખબર પડે ભક્તોની પુજાએ એમની કેવી દુર્દશા કરી છે. અહિં પણ એ જ સ્થિતિ છે. કેદારનાથ-ગૌરીકુંડ-ગુપ્તકાશી-સોનપ્રયાગ કે ઉખીમઠ માં કોઈ પ્રમુખ સન્યાસી નથી. પુરોહિતો જ આખા તીર્થ ને સંભાળે છે.

**जैन साधु की बात ही निराली है।
हिमालय के निबीड अरण्य में भी
हिमालय जैसी हिम्मत रखते हैं।
ऊँचे पेड़, ऊँचे पहाड़, ऊँची डगर, ऊँचा आसमान
परंतु, जैन साधु की साधना से ऊँचा कोई नहीं।**



જો કે પ્રાચિન કાળથી એ જ પરંપરા હશે. રાવલ પુરોહિતોનો પ્રાચિન ઈતિહાસને પ્રકાશિત કરવામાં આવે તો ઘણા રહસ્યો ખુલે. ઠીક છે, પૂજા પદ્ધતીઓ દરેક ધર્મમાં જુદી જુદી હોય. એ એક સાંપ્રદાયિક વિષય છે, તે માટે બીજા કોઈએ કંઈ બોલવું ન જોઈએ.

અહિં એક ભારત સેવા સંઘ આશ્રમ છે. યાત્રીઓને વિશ્રામ માટે સગવળ સચવાઈ જાય. અહિંથી એક રસ્તો મદ્‌મહેશ્વર તરફ જાય છે.

સાંજે ૬ કિ.મી. ચાલી મુસ્તરા પહોંચ્યા રાત્રિ વિશ્રામ અહિં જ છે. છેલ્લે ૧ કિ.મી. બાકી

हजारो कठिनाईयों के बीच भी
तुम्हारी मुस्कान बरकरार है सलाम !
जैन साधु तुम्हें...




હતું ત્યારે વરસાદ પડેલો થોડીવારમાં બંધ થઈ ગયો ત્યારે વિહાર કરી અમે જલ્દી મુકામે પહોંચી ગયા. આજે ચૌદશ છે.

સાંજે પ્રતિક્રમણ પૂરૂં કરીને ગુલાબી ઠંડીમાં અમે થોડા બહાર નિકળ્યા. વિચાર્યું હતું ગુલાબી ઠંડી હશે પણ બહાર નિકળ્યા પછી ખબર પડી કે તીખી ઠંડી હતી, છતાં મજા આવતી હતી. ચોખ્ખા આકાશમાં તારોડીયા ટમટમી રહ્યા હતા. હિમાલયમાં દિવસ તો રસમધુર હોય. રાત એથી પણ વધુ સુંદર હોય અને બીજો દિવસ તો એથી પણ વધુ. આમ ઉતરોત્તર વધુ સુંદરતાને માણતા

**गलती करे मानव**
**भुगते उनके पूर्वज**



अमे खुल्ला आकाश नीचे घडी'क बेसी रह्या. वातावरण तो शीतागार समान हतु, पण अमारुं शरीर हवे टेवाई गयुं हतुं. मायनस डीग्री वातावरणमां पण शारीरिक स्वस्थता टकाववानुं काम खूब कपरुं छे, पण चालीने यात्रा करनारा अमारा माटे अनायासे सहज थई गयुं. रोजना २०-२५ कि.मी. चालता धीरे धीरे शरीर पण वातावरणने अनुरूप बनतुं जतु हतुं. आ ज वातावरणमां अमे लगभग

उपर से जलते हुए अंगारे गिरते हैं,
फिर भी हमारी यात्रा अटकेगी
नहीं। उपर जंगल में आग लगी है।
आज करीब १० कि.मी. इन
अंगारों के बीच चलना हुआ।



અઢી મહિનાથી ચાલી રહ્યા છીએ. અમારા શરીરે ઠંડીને સહન કરવાની શક્તિ મહદંશે પ્રાપ્ત કરી લીધી છે. જુઓ ને આવી ઠંડીમાં પણ એક પાતળી કામળી ઓઢીને જ તો બેઠા છીએ. હવે તો એવું લાગે છે નીચે ધરતી ઉપરની ગરમી સહન થશે કે નહિં. કારણ દિલ્હી પહોંચવા સુધી વરસાદ થાય તો થાય, નહિં તો ગરમી તો રહેવાની જ છે. ઠીક છે, ઉપરવાળાને જે મંજુર હશે તે...

તેરે ફૂલો સે ભી...
તેરે કાંટો સે ભી...
પ્રભુ ! અમને બધુ મંજુર છે,
અમે મજામાં છીએ.

उखीमठ मुख्य मंदिर के
प्रवेशद्वार पर



**आज का राजमहल** - आज ३२ कि.मी. चले हैं। घड़ी में कांटा एक बजने की जल्दी कर रहा है, आज का विश्राम यहीं है... उपर तो हैं पतरे, अंदर दिवारों पर काला धुआ लगा है, भुल से भी छु लो तो हमारा रंग बदल जाये। मकड़ी के जालों की भरमार है। न खिड़की है, न दरवाजे हैं। अंदर जंगली लकड़ीयों का ढेर लगा है, इसे लाये भी कई वर्ष हो चुके होंगे। कुछ तो आवाज आ रही है, चूहे ही होंगे... मेरे महावीर भी ऐसे ही शून्य गृहों में अपनी साधना करते थे।

आज का राजमहल



પણ થોડાક ધાર્મિક અનુષ્ઠાનોમાં થોડો વિવેક આવી જાય તો આનંદ થાય. પૂજા લેખે લાગે. જૈન ધર્મમાં પૂજાની વિધિ ખૂબ સુંદર છે. ભગવાનને અભિષેક થાય. ફૂલપૂજા થાય. કેસર-ચંદનથી અમુક ચોક્કસ અંગો પર માત્ર એક એક તિલક લગાવાય. બાકી બધી ખાદ્ય સામગ્રી તો ભગવાનની આગળ ધરાવાય. ભલે અક્ષત (ચોખા) હોય કે ફળ-નૈવેદ્ય હોય. એ બધું ભગવાનના ઉપર કોઈ ચોપડવામાં ન આવે. જો કે બીજા મંદિરોમાં પણ સુંદર વ્યવસ્થા જોવા મળી પણ અહિં વિધિ કરતા મનના ઉછળતા ભાવોને પ્રધાનતા અપાઈ છે.

पहाड़ी गाँव,
पहाड़ी खेत,
हिमालय के ये दृश्य
और कहाँ देखने मिलेंगे ।



## બનિયાગંજ

અ. જેઠ વદ ૦)), બુધવાર, તા. ૧૩.૬.૨૦૧૮

આજનાં વિહારની તો શું વાત કરવી. લગભગ ૧૨ વાગે મુકામે પહોંચ્યા છીએ. ચાલવાનું તો ઓછું હતું પણ વધારે ચલાઈ ગયું. વાત એમ બની હતી સતત ઉપર ચઢાણ હોવાથી ૧૨-૧૩ કિ.મી. ઉપર મુકામ કરવા વ્યવસ્થાની સુચના અપાઈ ગઈ હતી પણ ૧૭-૧૮ કિ.મી. ચાલવું પડ્યું.

चोपता फोरेस्ट हिमालय का सबसे घना जंगल है। इसमें यात्रा करने की मजा कुछ और ही है। ऐसे जंगलों में ही साधु पूरा जीवन जीते हैं, जंगली जानवर साधु के दोस्त होते हैं। 'महानिशीथ' आगम सूत्र में जैन साधु का एक विशेषण दिया है। 'मृगशख'



કારણ એ જ કે ઘનઘોર જંગલ. સવારે નિકળ્યા ૨-૩ કિ.મી. ચાલ્યા અને જંગલ ચાલું થયું. ધીરે-ધીરે વધારે ગાઢ થતું ગયું. એમાંય ભોજવૃક્ષનું જંગલ પછી પુછવું જ શું ? ગઈકાલે રાત્રે ખુબ વરસાદ પડેલો. વૃક્ષો ઉપર થી હજુ પાણીના ટીપા પડતા હતા, જેમ-જેમ આગળ વધીએ તેમ-તેમ અંધારીયા અરણ્યમાં અમને ચાલતા અમે જોતા. કદાચ અહિં સુરજ ઉગતો હશે કે કેમ ? ભૂતની ભૂતાવળ જેવી વેલડીઓ વૃક્ષને વિંટાઈને લટકી રહી હતી. એમા વળી વૃક્ષો પર જામેલ એક બે ઇંચ જાડા નીલફૂગનાં થર, ભયંકરતા માં હજુ વધારો કરી રહ્યા હતા. ડામર રોડ સિવાય સર્વત્ર નીલ-ફુગનું સામ્રાજ્ય છે. એક ડગલુંય આમ તેમ

**कुदरत भी क्या खूब है,**
**मनभावन रंगों से**
**सृष्टी को सजाती है ।**



રખાય નહિં. રોડ ઉપર બેસવું હોય તો ભલે બાકી બાજુનાં એક પણ પત્થરને અડવું શક્ય નથી. એક વાત સારી છે આ હિમાલયમાં કે ક્ષુદ્રજંતુઓનો ઉપદ્રવ નથી. સાપ-વીંછી, કાનખજુરા કે સૂક્ષ્મ જીવ જંતુઓ હજુ સુધી જોવા મળ્યા નથી. આટલી વનસ્પતિ અને આટલું પાણી હોવા છતા ક્ષુદ્રજંતુઓની અલ્પતા આશ્ચર્ય ઉપજાવે.

આ જંગલમાં એક વિચિત્ર ફૂલ જોવા મળ્યા. નાગ આકારનાં જાણે નાગ ફેણ ચઢાવીને બેઠો હોય અને લાંબી જીભ બહાર કાઢી હોય, કેદારનાથ ની ઘાટીમાં પણ જોયા હતા પણ તે કાળા રંગનાં હતા. અહિં સફેદ + લાલ કલરનાં હતા. અહિંના ગ્રામ્યજન આનું શાક કરીને ખાય. બાકી શું ઉપયોગ હશે ખબર નથી. ચિત્રવિચિત્ર



પ્રકારની વનસ્પતિઓ નો અહિં તો અખુટ ભંડાર છે. વિવિધજાતનાં ફૂલો અને ફળો જોઈને મનમાં ઘણા પ્રશ્નો ઉભા થાય. હજુ એક આ જંગલની વિચિત્રતા તો જુઓ અહિં વૃક્ષો ખૂબ મોટા-મોટા હશે. સૈંકડો વેલડીઓ થી ભરેલા હશે પણ બધામાં ફળતો નાના-નાના જ થાય છે. સોપારી ની સાઈજ થી મોટા કોઈ ફળ થતા નથી. આ જંગલમાં ક્યાંય 'ચીડ' જોવા મળતું નથી, ખરેખર જંગલ કોને કહેવાય ? એનો જવાબ અહિં છે. અહિં થી આગળ 'ચોપતા' ગામ જવા માટે કાચા રસ્તા-શોર્ટકર્ટ રસ્તા 'છકૂટી' છે, પણ તેમા જવાય તેવું નથી. આખા રસ્તે સતત નીલ-ફુગ છે. એક પગ પણ મુકાય નહિં. અમે રોડથી જ ચાલ્યા. છેવટે એક

**अपराजिता की सगी बहन**
**पुष्पवल्लरी**



જંગલ કેમ્પના રૂમમાં સાંજે ૪ વાગ્યા સુધીનું નક્કિ કરીને રહ્યા. અહિં થી ચોપતા માત્ર ૫ કિ.મી. છે. કદાચ મોટું ગામ હશે તો ત્યા રાત્રિ વિશ્રામ માટે સ્થાન સારૂં મળશે.

આજે અમે ખુબ ઉંચાઈ ઉપર છીએ. દૂર હિમશિખરો વાદળમાં ઢંકાએલા દેખાય છે. વાતાવરણ વધુ ઠંડું છે. ૨૫૦૦ મીટર થી પણ ઉપર લાગે છે. જો કે આ રસ્તે વાહનોની આવ-જા ખુબ ઓછી છે. ક્યારેક કોઈ ગાડી નિકળે તો ઠીક છે. બાકી આખો રોડ આપણો, જ્યાં ચાલવું હોય ત્યાં ચાલો.

स्वर्ण भोजनपत्र वृक्ष



સાંજે આગળ વધ્યા. હવે જંગલ તો લગભગ પુરૂં થઈ ગયું પણ લીલાછમ ઘાંસનાં ઢોળાવો પર ચાલતા રોડ પર અમે આગળ વધી રહ્યા છીએ. દૂર આકાશમાં ૨૫-૩૦ બરફાચ્છાદિત શિખરો હિમાલયની શોભા વધારી રહ્યા છે. એક તરફ નીચે પર્વતશિખરો નો પાર નથી. વાતાવરણ સાવ ચોખ્ખું છે. ક્યારેક કોઈક વાદળા આવીને સુરજનાં કિરણોથી રંગોળી પુરી જાય છે. સાંજનો સમય છે ખુબ મજેથી ચાલીએ છીએ. કાચા રસ્તે માત્ર ૨ કિ.મી. છે છતા, અમે ૫ કિ.મી. પાકા રસ્તે જ ચાલવાનું પસંદ કર્યું છે. શિખર તરફથી આવતા ઝરણા રોડ નીચે થી નિકળીને આગળ વહી જાય છે. હિમાલયની સુંદરતાનું સાક્ષાત્ ચિત્રણ તો સાક્ષાત્ જોયા વિના

रक्त भोजपत्र वृक्ष



કેમ થાય? જંગલ કેમ્પ ઘણા લાગેલા છે પ્રવાસીઓ આવે છે યાદગાર પળો વિતાવીને થોડાક દિવસ રોકાઈ પાછા ચાલ્યા જાય છે. અમે ચોપતા પહોંચ્યા.

વિચાર્યું હતું મોટું ગામ હશે, પણ ૫-૧૦ દુકાનો અને ૨-૩ રૂમની ૨-૪ હોટલ સિવાય કંઈ નહિં. હા અહિં થી તુંગનાથ જવા માટે સીમેંટ રસ્તો છે. પુછતા ખબર પડી કે સાડાત્રણ કિ.મી. ઉપર ચઢવાનું છે. અમારે જવાનો કોઈ વિચાર નથી. આખા દિવસનાં થાકેલા છીએ. રાત્રે ક્યાં રોકાઈ શું ? એની ચિંતા ચાલું છે. ત્યાં એક ખચ્ચરવાળાએ અમને કહ્યું કે તમે બે કિ.મી. આગળ જતા રહો ત્યાં 'રાજેન્દ્રસિંહ રાણા' નો સંપર્ક કરજો તમારી વ્યવસ્થા થઈ જશે. "હું ફોન કરી દઉં છું."

रजत भोजपत्र वृक्ष



'ન જાન ન પહેચાન' આ ભાઈ ક્યાંથી આવી ગયો. સમય તો હજુ ઘણો હતો બે શું ૪-૫ કિ.મી. ચાલી જઈએ ત્યાં સુધી અંધારૂં થાય તેમ નથી. અમે આગળ વધ્યા, ૨ કિ.મી. પછી એક નવુંજ મકાન બનતું હતું. એમા એક રૂમ અમારા માટે ફાળવવામાં આવી. બસ રૂમમાં બારીબારણા નથી. દિવાલથી દૂર રહેવું. તાજો કલર કરેલો છે. ભીંતને અડશો તો રંગબેરંગી થઈ જવાશે.

સાંજે અમે 'ચમૌલી' જીલ્લામાં આવી ગયા છીએ. આકાશમાં સુંદર નવરંગી રંગોળી પુરાઈ છે. અમે ૨૮૦૦ મીટર ઉપર બેઠા છીએ. છેક ક્ષિતિજ સુધી સેંકડો ગિરિશિખરો આખી ધરતી ઉપર પથરાએલા દેખાય છે. વળી ૩૦૦-૪૦૦

**श्वेत भोजपत्र वृक्ष**



ફૂટ ઉપરથી પડતો આ જળધોધ જબરદસ્તી થી અમને રોકી રાખે છે, અહિં જંગલ ઓછું છે. ઘાંસીયુ મેદાન છે.

આગળનાં માર્ગ અંગે પુછપરછ કરતા ખબર પડી આગળ ૩૦ કિ.મી. સુધી સતત ઉતરાણ છે. જંગલ છે. કોઈ ગામ નથી.

આટલા ઉપર છીએ એટલે રાતના ઠંડીનો ચમકારો સારો રહ્યો. થોડો વરસાદ પણ પડ્યો. પણ અમે તો રૂમમાં બેઠા હતા. સુર્યાસ્ત સમયની રંગોળી ગગનનાં ગોખલે રચાણી. રજતશિખરો સુવર્ણશિખરો બન્યા અને છેલ્લે લાલચોખ કંકુનાં રંગને ઉછાળતો સુરજ સંધ્યારાણીને લઈને ચાલ્યો ગયો, થોડુંક થોડુંક ઠંડુ ઠંડુ અજવાળુ મુકીને.

लाल भोजपत्र वृक्ष



मंडल

જેઠ સુદ ૧, ગુરૂવાર, તા. ૧૪.૬.૨૦૧૮

બર્ફિલા સુરજે સોનેરી સવારે કેશરીયા દુધ જેવા ઉજાસને વહેતો કર્યો. નિત્યક્રમ આટોપીને અમે તૈયાર થયા. મનમાં તો થતું હતું અહિં થી તુંગનાથ માત્ર સાડા ૩ કિ.મી.

हिमालय की सुंदरता का
जवाब नहीं...
तुंगनाथ भुग्याल में...



છે. એકવાર તો જઈ આવીએ પાછા ક્યારે આવીશું ? ખાસ વાત એ હતી કે આખી દુનિયામાં સૌથી ઉંચુ મંદિર તુંગનાથ નું છે. આનાથી વધારે ઉંચાઈ પર દુનિયાનું કોઈ મંદિર નથી. હમણા અમે સમુદ્ર લેવલ થી ૨૮૦૦ મીટર ઉપર છીએ હજુ ૭૦૦ મીટર ઉપર જઈએ એટલે કે કુલ ૧૨૦૭૦ ફૂટ ઉપર જઈએ ત્યારે તે મંદિર આવે. છેવટે નક્કી

आज का विश्राम स्थल
कोई राजमहल से
कम नहीं...



કર્યું જ, ચલોને જતા આવતા બે કલાક થશે. એક યાદગીરી રહેશે. સૌના અભિપ્રાય પુછ્યા. કોની-કોની અનુકૂળતા છે ચાલવાની. મુ. સુર્વણકલશ વિ. રાજુ અને લાભુભાઈ વિહારમાં આગળ વધ્યા બાકી ત્રણ અમે સાધુ અને સંજય એમ ચાર જણા તુંગનાથ તરફ વળ્યા. ચોપતા થી ૨ કિ.મી. આગળ નિકળી ગયા હતા. તેથી પાછા ચોપતા જવું જ પડ્યું. જો કે અમે રાત્રિ વિશ્રામ કર્યો હતો ત્યાંથી એક છકૂટી છેક ઉપર શિખર સુધી જતી હતી પણ લીલોત્તરીનો પાર નહિં તેથી ગયા નહિં. ૨ કિ.મી.

कितना सुहाना है हिमालय...



માલી ચોપતા પહોંચી ને ચઢવાનું ચાલું કર્યું.

વહેલી સવારે યાત્રિક તો કોઈ હતું નહિં એક પરિવાર અમારા થી ૧૦ મીનીટ પહેલા જ ચઢ્યો હશે. એ પહેલા કોઈ ચઢ્યા હોય તો ખબર નથી. સીમેન્ટ ની પટ્ટી ઉપર અમે આગળ વધતા જતા હતા એકવાતનું સુખ હતું રસ્તામાં ક્યાંય લીલોત્તરી-નીલફુગ કે પાણી ન હતું. નહિં તો વિરાધના થાત. અમે આગળ વધ્યા - ધીરે-ધીરે ચઢાણ કપરૂં થતું ગયું. થોડુક ચાલીને ઉભું રહી જવું પડે. વાતાવરણ દૂર સુધી સાફ હતું.

आज तो यहीं रुकना है...



સામેક્ષિતિજ સુધી ક્યાંય વાદળ દેખાતા નથી એનો સીધો લાભ એ થયો કે કેદારનાથના ૩૦-૪૦ હિમશિખરો સ્પષ્ટ દેખાતા હતા. જેમ-જેમ આગળ વધતા ગયા ત્યારે ખબર પડી કે વાદળા તો બધા શિખરોની નીચે છે. ગિરિશૃંગો તો વાદળને ભેદીને છેક આકાશે અડ્યા છે. જાણે આકાશમાં રજત પર્વત તરતાં હોય એવો અદ્‌ભુત દૃશ્ય હતું. એમા'ય.

**आलीसान सुंदरता**
**हिमालय की सुरम्य**
**वादीयों में...**



સૂરજ નાં કુણાકિરણો આછા વાદળમાં થી ચળાઈને આવીને બરફને વધુ તેજસ્વી કરતા હતા. અદ્‌ભુત દશ્ય ને માણવા માટે અવશ્ય અહિં આવવું પડે. હિમાલયમાં ઘણા દિવસથી અમે છીએ પણ આ દેવદુર્લભ દશ્ય આજે પહેલીવાર જોવા મળ્યું. ચાલવાનું તો માત્ર ૪ કિ.મી. હતું પણ ૪ કિ.મી. ચાલતા ૨ કલાક લાગ્યા. સાડા આઠ વાગે અમે મંદિરે પહોંચી ગયા. હજુ તો પુરોહિત આરતી કરતા હતા. આરતી પૂરી થઈ અમે મંદિરમાં ગયા ગર્ભગૃહમાં શિવલિંગ સ્થાપના છે. સામે ભિંતમાં હાથ જોડીને પદ્માસનમાં બેસેલ એક મૂર્તિ છે.

**हाँ, यह हमारा भारत है,**
**हमारा हिमालय है,**
**हमारी धरती है,**
**इस धरती माँ के ही हम बेटे हैं...**



सूर्यमंडल

બીજી નાની-નાની ૧૫-૨૦ મૂર્તિઓ છે એક બુદ્ધ પ્રતિમા છે. એ જોઈને આશ્ચર્ય થયું. પણ મનમાં સમાવી દીધું. મંદિર તો અતિપ્રાચીન છે આ જ પહાડનાં પત્થર લઈને મોટું મંદિર નિર્માણ કર્યું છે. તે જમાનામાં ચુનો કે સિમેંટ જે લગાવ્યા હોય તે બધુ ઉખડી ગયું છે. માત્ર પત્થર પર પત્થર મુકેલા દેખાય છે. આજુ-બાજુ નાની દેરીઓમાં વિવિધ દેવી-



तुंगनाथ शिखर की ओर आगे बढ़ते मुनिवर

દેવતા છે. આ ટોપ પર કોઈ ઝાડ નથી માત્ર ઝીણું ઝીણું ઘાંસ ઉગેલુ છે. વિચિત્ર રંગબેરંગી ફૂલડા પર ભમરાઓનો ગુંજારવ શરણાઈનાં શૂરથી પણ હજારગણો મીઠો લાગે છે. હવે ઉપર એકલું આકાશ છે. ધરતી તો ઘણી દૂર છે અહિં થી દેખાતી પણ નથી. લગભગ અડધો પોણો કલાક ત્યાં મંદિરોની મુલાકાત લઈ અમે નીચે ઉતરવાનું ચાલું કર્યું.



હવે ઉતાવળ કરવી પડે તેમ જ હતું. ધીરે-ધીરે દૂર-દૂરથી વાદળો આ તરફ આવી રહ્યા હતા. દૂરના હિમશિખરો તો અડધા વાદળાઓમાં ઘરબાઈ ગયા હતા. એ શિખરો તો હજુ અમે ઉભા હતાં. ત્યાંથી ઘણા ઉંચા હતા વાદળા અહિં આવતા વાર નહિં લગાડે. આવશે તો વરસ્યા વિના રહેશે નહિં. વળી બીજું કારણ એ કે હજુ તો અમે રાત્રિવિશ્રામસ્થળે પહોંચીશું ત્યાંથી લગભગ ૧૦ કિ.મી. ચાલશું ત્યાં રોકાણ થશે. સવારે રાજુને કહ્યું જ હતું ૮-૧૦ કિ.મી. ઉપર રહેવાની

तुंगनाथ मंदिर परिसर में...



વ્યવસ્થા જોવાની, આજે લાંબો વિહાર થશે નહિં કારણ કે ૬ અને ૬ = ૧૨ કિ.મી. તો અહિં થી જઈને પાછા આવતા થશે વધારાનું ૧૦ એટલે ટોટલ ૨૨ કિ.મી. તો થઈ જશે, અમે નીચે આવી ગયા ત્યાં સુધી તો તુંગનાથ પર્વત અડધો વાદળથી ભરાઈ ગયો હતો. કદાચ શિખર ઉપર વરસાદ ચાલુ થઈ ગયો હતો. અમે રાત્રિવિશ્રામસ્થળથી હજુ તો અડધો કિ.મી. આગળ ચાલ્યા ત્યાં સંજય નો મોબાઈલ બોલવા લાગ્યો. રાજુ એ ફોન કરેલો સમાચાર સાંભળીને જાણે

**જંગલના જોગી તો જંગલમાં શોભે**
**શોભે નહિં સંસાર.**



ભુકંપ આવી ગયો. સમાચાર એમ હતા કે "આગળ ૨૬ કિ.મી. સુધી રહેવાનું કોઈ ઠેકાણું નથી ઘનઘોર ભયંકર જંગલ છે. ક્યાંય ઉભું રહેવાય તેમ પણ નથી. ૨૬ કિ.મી. ચાલ્યા પછી મંડલ ગામ છે ત્યાં કંઈ વ્યવસ્થા થાય તો?" મુ. સુવર્ણકલશ મ. અને રાજુ મંડલ થી ૫-૬ કિ.મી. દૂર હતાં ઘડિયાલ માં સાડા દશ થયા હતા. બીજુ કંઈ વિચારવાની છુટ ક્યાં હતી ? હવે તો ફરજીયાત ૨૬ કિ.મી. ચાલવું જ પડશે ભલે સાંજ સુધી પહોંચો પણ ચાલવાનું તો છે જ. એક સારા સમાચાર એ હતા કે રોડ સતત નીચે ઉતરતો જતો હતો

देवभूमि या दिव्यभूमि
भव्यभूमि भारतभूमि...




અને વચ્ચે કાચા રસ્તા પણ હતા. ૧૨ કિ.મી. તો ચાલ્યા, હવે ૨૬ ચાલવાનું બાકી કુલ ૩૮ નો ચાંદલો આજે લલાટે લખાયેલો હતો. હતાશ થવાથી ચાલે નહિં - આદીશ્વર દાદા નું નામ લઈને ચાલ્યા અમે તો. આજનું જંગલ તો ગઈકાલ કરતાય વધું બિહામણું ડરાવતું હતું. વિવિધજાતના જાનવરોનાં અવાજો ગમે તેવા 'ભડ' માણસનાં છાતીના પાટીયા બેસાડી દે. ક્યારેક ક્યારેક વાહન નિકળતું ત્યારે થોડીક સાંત્વના મળતી - કારણ કે વાહનનાં આવાજ થી જંગલી જાનવર દૂર રહે.

तुंगनाथ मंदिर
मुख्य प्रवेशद्वार...



रजुनी वात साची हती એક ગ્લાસ પાણી પીવડાવનાર અહિં કોઈ ન હતું. એક તરફ આકાશમાં વાદળ ઘેરાતા જતા હતા. બીજી તરફ ઘડીયાળ ની ઝડપ વધી ગઈ હતી. એક કલાકમાં બે કલાક પુરા થઈ જતા હતા. પગની ગતિ સતત ધીમી થતી જતી હતી કિ.મી. તો જેટલું થવાય એટલું વધારે લાંબા થતા જતા હતા. છેવટે કાચા રસ્તાનો જ ઉપયોગ

हिमालय की चोटी पर
नील गगन से
थोड़ा नीचे...





કરવો પડ્યો.

જે રસ્તે ખચ્ચર ચાલેલા તે જ રસ્તે-રસ્તે અમે ચાલ્યા. આ રસ્તે ખચ્ચર ચાલ્યા છે એ કેવી રીતે ખબર પડે ? સાવ સરળ ઉપાય. ખચ્ચરનું વિસર્જન દ્રવ્ય રસ્તામાં



પડેલું જ હોય. ખચ્ચરનું કામશું ? ખાવું અને જાવું. આખા રસ્તા પર દ્રવ્ય જોવા મળે. બસ એના આધારે આધારે સતત નીચે ઉતરતા જવું. અમે ૨૩ કિ.મી. ના પત્થર થી કાચા રસ્તે આગળ વધ્યા નીચે ૨૧ કિ.મી. ના પત્થર પાસે જંગલમાંથી નિકળ્યા. પછી તો ૨૧ થી સીધું ૧૯ ઉપર, ૧૯ થી ૧૬ સુધી રોડ ઉપર ચાલવું પડ્યું. ૧૬ થી

**जहाँ खुशीयों का खजाना**
**हर कदम उपलब्ध है वो**
**हिमालयी पर्वतमाला...**



घनघोर वन में
जैन साधु की शुभ यात्रा

નિકળ્યા સીધા ૭ નાં પત્થર પર હાશ ઘડીયાલમાં હજુ ૨ વાગ્યા છે. ૭ કિ.મી. બાકી છે. ૩ વાગ્યા સુધી પહોંચાય તો સારૂં. પણ સવારથી પ્રતિક્ષા કરી રહેલો વરસાદ હવે ધીરજ ધરી શક્યો નહિં. પૂરી તાકાત થી તુટી પડ્યો. અમારે ૭ કિ.મી. બાકી અને હેલી ચાલું થઈ. અમે તો રોડની સાઈડમાં એક પત્થરની બખોલમાં ભરાઈ ગયા. હવે જેટલું



વરસવું હોય એટલું વરસે અમે પલળવાનાં નથી. પણ મોટી વિડંબના તો મોઢું ફાડીને અમારી સામે ઉભી હતી. વરસાદ થી બચ્યા ત્યા અમને 'જોંક' નામની ઈયળો એ પકડ્યા. જેમ વરસાદ પડે તેમ તેણીઓ બહાર નિકળે અને શરીર માં ચોંટીને લોહી પીએ. જેમ લોહી પીએ તેમ લાંબી થતી જાય. ખાસ તો ખુલ્લા પગ સંભાળવાના હતા. માટે તો પગમાં કપડા બાંધેલા હતા તેથી ચિંતા નહિં પણ 'જોંક' તો 'જોંક' જ હોય કપડા ઉપર ચઢી ગઈ. આનંદમંગલ મ., મુ. રત્નયશ વિ. નાં

खुबसुरत पक्षी
ये उड़ता है तो जैसे हेलीकोप्टर चलता है
ऐसे लगता है।




પગમાં તો ચોટવાં જ લાગી. એ તો સારૂં થયું, અમૃતધારા હાથવગી જ હતી. જેવી 'જોંક' ચોંટે એટલે એક બે ટીપા અમૃતધારા નાખી દેવાના જોંક નિકળી જાય. લોહી વહેલુ બંધ થઈ જાય અને તરત રૂઝ આવી જાય. થોડું બળે ખરૂં. અડધો કલાક થઈ ગયો વરસાદ ધીમો પડ્યો પછી ૧૦ મીનીટ માં બંધ થઈ ગયો અમે નિકળ્યા. સામે જ કાચો રસ્તો

**हा... सही है
हम समुद्र तल से
२७०० मीटर की
ऊँचाई पर है...**



હતો ઉતરી ગયા અમે તો સીધા ૫ કિ.મી. ના પત્થરે રોડ ઉપર હજુ તો પહોંચ્યા ત્યા લાભભાઈ અને રાજુ ગોચરી લઈને સામે આવ્યા અમે પુછ્યું હવે આગળ ક્યાં રોકાવાનું રાખ્યું છે. રાજુ ઉવાચ્ - "હજુ પાંચ કિ.મી. બાકી છે." અમે કહ્યું અહિં રસ્તામાં ક્યાં ગોચરી વાપરશું. ક્યાંય બેસાય તેવું નથી હવે પાંચ કિ.મી. છે એક કલાક લાગશે. પહોંચી જઈશું. ત્યાં રાજુ કહે અહિંથી સામે શોર્ટકટ ઉતરી જાવ માત્ર ૨ કિ.મી. માં આવી જશે મંડલગામ. ત્યાં સીતારામ આશ્રમ માં આજની

**देखो, जैन साधु के खुले पाँव**

**और**

**ये रास्ता**

**मज़ा आ गई...**



જંગલ में मंगल...
१० बज चुके हैं।
करीब १२ कि.मी. चल लिया है,
२४ कि.मी. चलना बाकी है।
मेरे नाथ ! तेरा साथ है तो
चिंता किस बात की ?

વ્યવસ્થા છે. બન્ને ને વિદાય કર્યા. અમે કાચો રસ્તો પકડ્યો. આટલો વરસાદ થયો હતો છતા રસ્તામાં ક્યાંય પાણી ભરાયું ન હતું કારણ કે ઉભા પત્થરોની છફૂટી હતી. પાણી તરત નિતરી જાય. પણ ૨ કિ.મી. કેવી રીતે ચાલવું. આ વરસાદ તો પાછો ચાલું થયો. ભારે કરી હવે તો. વળી ક્યાંક ઝાડવા નીચે ઉભા રહ્યા. ૧૫-૨૦ મીનીટ વરસાદ



मंडल अरण्य

પડ્યો. સાડા ત્રણે અમે નીચે ગામમાં પહોંચ્યા. બધાના પગમાં 'જોંક' ચોંટેલી હતી. લોહીની ટસરો છેક પગની પાની સુધી પહોંચી ગઈ. એમા'ય ભીના પગમાં તો થોડું લોહી નિકળ્યું હોય તો પણ વધું લાગે. 'જોંક' ને તો મજા પડી ગઈ ક્યારે ચોંટી હશે ખબર નહિં લાંબી લાંબી થઈ ગઈ હતી. આ ઈયળ ની એક ટેવ સારી છે ગમે તેટલું લોહી પીએ પણ



દુઃખે નહિં, એમાં જ માણસ થાપ ખાઈ જાય. પગમાં કશું જ નથી એમ માની ને ચાલે પણ પેલી તો મજે થી લોહી પીતી હોય. 'જોંક' કાઢ્યા પછી પણ લોહી ચાલુ રહ્યું. એનો ઈલાજ પણ અમારી સાથે જ હતો ચુનાની ડબ્બી બધા સાધુ મ. વિહારમાં પોતાની પાસે રાખે જ. ઘા પર ચુનો લગાવી દીધો. રોડની એક તરફ એક દુકાનના છજ્જા નીચે આ બધી ટ્રીટમેન્ટ પતાવી. હવે અમે સીતારામ આશ્રમની શોધમાં નિકળ્યા. ૧ કિ.મી. ચાલ્યા પછી આશ્રમ માં પહોંચ્યા, ઘડીયાલ માં ૪.૨૫

**'पत्थरों से पाला पड़ा है'**
**ऊपरवाले की कृपा होती है तो**
**पत्थर भी फूल बन जाते हैं।**



વાગ્યા હતા. સવારે સાડા પાંચ ના નિકળેલા સાંજે સાડા ચાર વાગે ઠેકાણે પહોંચ્યા. ટોટલ ૩૮ કિ.મી. નો વિહાર કાચા રસ્તે ૧૦-૧૨ જેટલું તો ઓછું થયું હશે. થાકી ને ઢગલો થઈ ગયા હતા. ગોચરી તૈયાર હતી પણ થોડો થાક ઉતારીને પાંચ વાગે એકાસણું કરવા બેઠા. આશ્રમમાં બધી જ વ્યવસ્થા સારી હતી હવે બાકી કંઈ નથી. પડિલેહણ પ્રતિક્રમણ કરી ને જલ્દી આવતા દિવસની પૂર્વ તૈયારીમાં સરી પડ્યા.

આખી રાત કેવા કેવા વિચાર આવ્યા.

**ये जंगल दिन में जीतने सुंदर लगते हैं,**
**उतने ही भयंकर रात को लगते हैं ।**
**वृक्ष पर लगी काई रात को भयानक**
**दुनिया का आभास कराती है ।**



આજનો દિવસ કેવો હતો જંગલના વાતાવરણમાં સાંભળેલી જાનવરોની ચીચીયારીઓ હજુ પણ અમારા કાનમાં અવાજ કરતી હતી. કેવું બીહડ વન ? જંગલી પ્રાણીઓ અમને જોતા હતા પણ અમે તેમને જોઈ શકતા ન હતા. જો કે આડું અવળું જોવાનો સમય જ ક્યાં હતો ? અમે તો સવારથી સાંજ સુધી ચાલ ચાલ જ કર્યું. એમા'ય વિકટ અટવીમાં કંઈ થઈ જાય તો કોઈ સાંભળનાર અને સાંભળનાર મળે. તેમાંય જંગલી જાનવરોની વચ્ચેથી નિકળવાનું. એકાદ પણ રીંછ કે ચીત્તો

**मन करता है, बस**
**चलते ही रहे...**
**ऐसा रास्ता, ऐसा अवसर**
**फिर कब मिलेगा ?**



સામે આવી જાય તો ક્યાંય જઈ શકાય એવી કોઈ જગ્યા નથી. કોઈએ બાળકોનું 'જંગલબુક' કાર્ટુન જોયું હોય તો ખ્યાલ આવે બસ એ જ જંગલમાં અમે ચાલી રહ્યા હતા. ભૂલથી એકાદ ડગલું પણ બીજા રસ્તે ચાલ્યા જઈએ તો કેટલાય દિવસો સુધી એ જંગલપુરૂં ન થાય. અંતે ભુખ્યા તરસ્યા ભટક્યા કરીએ. વળી વરસાદનો કોઈ ભરોસો નહિં ગમે ત્યારે તુટી પડે. માથુ ઢાંકવા માટે બે ફૂટની જગ્યા નહિં. ઝાડ નીચે ઉભા રહીએ તો હજુ વધારે પલળી જઈએ. અમારી પાસે વરસાદ

**हिमालय के हरे-भरे**
**जंगल से गुजरते जैन साधु का दर्शन**
**किस्मत के द्वार खोल देता है ।**



થી બચવા વધારાની એક કામળી કે પ્લાસ્ટીકનો ટુકડો પણ નથી. બસ ભગવાન ભરોસે અમે ચાલી નિકળ્યા હતા નહિં તો આવા જંગલ ને પાર કરવું ખુબ મુશ્કેલ હતું. પાકારોડથી ચાલ્યા હોત તો પણ જંગલ માં કંઈ ફરક ન પડે એટલી વાત ખરી પત્થરો ને બદલે રોડ પર સારી રીતે  ચલાય પણ રોડ તો છેક ક્યાંય ફરીને આવે. એમતો સાંજે ૭ વાગે પણ

डगर डगर
सब दुनिया चलती,
हम बिहड़ में
पंथ बनावे...



પહોંચાય કે નહિં. છેલ્લે સીતારામ આશ્રમ મળી ગયો તે પણ સારૂં થયું અહિંના મહાત્મા સારા છે. તરત જ બધી વ્યવસ્થા કરી આપી રાત્રી વિશ્રામ પણ આશ્રમમાં જ થયો છે. ખુબ યાદ રહેશે આજનો દિવસ. અમને તો એક જ શ્રદ્ધા છે જેમણે અમને અહિં મોકલ્યા છે તેઓ જ અમારૂં ધ્યાન રાખશે તેથી અમારે કંઈ વિચારવાનું હતું જ ક્યાં ? અને થયું

**२४ घंटे में मात्र एक बार भोजन,**
**सूर्यास्त के बाद एक बुंद भी**
**पानी नहीं पीना,**
**पत्थर हो या कंकर**
**पैदल ही चलना...**



પણ એમજ જુઓ ને અમને કોઈ ક્યાં તકલીફ આવી સાજા નરવા આરામથી અહિં આવીને આરાધના કરીએ છીએ. ખરેખર ભગવાન ઉપર ભરોસા રાખીને જીવવાવાળા ને કોઈ તકલીફ આવતી નથી. સાપ પણ ફૂલની માળા થઈ જાય. ઝેર પણ અમૃત થઈ જાય. જંગલ પણ મંગલ થઈ જાય. આવા અનુભવો અમને આ વિહાર યાત્રામાં ડગલે-ડગલે થઈ રહ્યા છે. હજુ સુધી કોઈ પ્રકારની તકલીફ આવી નથી અને આગળ પણ આવશે નહિં. આદીશ્વર દાદા અમારી સાથે છે.

**हिमालय की ऊँची चोटीयों पर**
**अतिकठीन व्रत लिये खुल्ले पांव**
**पथरीले रास्ते पार करनेवाले**
**जैन साधुओं को लाख-लाख नमन...**



भूतिया अरण्य से
विदाई लेते
सूर्यनारायण

અહિં આવ્યા પછી છેક સાંજે ખબર પડી કે મંડલ કોઈક એક ગામનું નામ નથી. પણ ૯ ગામના નાનકડા ક્ષેત્રને અહિં મંડલ કહેવાય છે. આજે તો રાત્રિ વિશ્રામ કરતા વિચારતા રહી ગયા. સવારે છેક સમુદ્ર સપાટી થી ૧૨૫૦૦ ફૂટ ઉપર હતા. અને હમણા કેટલા નીચે આવી ગયા. જો કે અમે તો તુંગનાથ મંદિર સુધી ગયા હતા. એથી



પણ ઉપર 'ચંદ્રશિલા' નામનું સ્થાન છે એ તો ૧૩૭૭૨ ફૂટ ઉપર છે.

ખરેખર આજે હિમ્મત કરીને જો તુંગનાથ ન ગયા હોત તો મનમાં રહી જાત. આખાય હિમાલયની યાત્રા કરતા તુંગનાથ શિખર કંઈક વધારે સુંદર લાગ્યું. તુંગનાથ શિખર પરથી દેખાતી ક્ષિતિજ રજતવર્ણા હિમશિખરોથી સજાવેલી હતી. જાણે આખી ધરતીને ચારે તરફથી રજત કટીમેળલા પહેરાવી હોય તેવું લાગતું હતું. અહિં એક ઠેકાણે ઉભા રહી હિમાલયના બધા જ તીર્થધામોના દર્શન થાય છે. કહેવાય છે કે તુંગનાથ મંદિરમાં મહાદેવજીના બન્ને બાહુ અને હૃદયની પૂજા થાય છે. એ જ કારણે કદાચ ઉત્તરાખંડના હૃદય તરીકે પણ પ્રતિષ્ઠિત થયું છે.

**जंगल-जंगल बात चली है,**
**पता चला है ।**
**जैन साधु हिमालय की यात्रा पर है ।**



મહાદેવજીના બાહુ અને હૃદય અહિં કેવી રીતે આવ્યા એની પુરાણ કથાઓ અહિના પુરોહિતો કહે છે. આવનારા ભાવીક યાત્રિકોએ કથાઓ ખુબ ધ્યાનથી સાંભળે છે. અને ભાવોમાં વૃદ્ધિ કરે છે. જો કે આ બધો શ્રદ્ધાનો વિષય છે. તત્વ શું છે ? એ તો ઉપરવાળો જાણે છે. ભારતવર્ષ આખું શ્રદ્ધા ઉપર જ તો જીવે છે. જગતમાં ઘણી બધી વસ્તુ એવી છે કે જે બુદ્ધિ ગમ્ય નથી.

તુંગનાથ ઉપર જુતા જુદા તીર્થ ક્ષેત્રો પણ હતા. જેમકે રાવણ શિલા-ચંદ્રાશિલા-નારદશિલા-ગરૂડશિલા-ધર્મશિલા.

વળી મંદિર પરિસરમાં જ નાના મોટા ૧ ૨ મંદિરો છે. પંચકેદાર મંદિર - ભૈરવમંદિર - ગણેશમંદિર - રૂદ્રનાથ મંદિર, પિતૃશિલા મંદિર,

**हनुमानजी के अनुज**
**बंदर बड़े सुंदर और डरावने होते हैं।**




ભૂતનાથ મંદિર, વનદેવતા મંદિર વિગેરે.

આ બધા ક્ષેત્રો અને મંદિરોની કથાઓ પણ જુદી જુદી છે. તુંગનાથથી 'આકાશગંગા' નામની નદી નીકળે છે. રાત્રિનો સમય ઘણો વ્યતિત થઈ ગયો છે. આવતી કાલે હજુ ચાલવાનું છે. આંખો તો ક્યારની બંધ થઈ ગઈ છે, પણ આ મન... મનમાં તો આખા હિમાલયના દશ્યો ચાલ્યા કરે છે.

ક્યારે ઉંઘ આવી ખબર નથી. કોઈકે સાચુ જ કહ્યું છે ને...

સુવા સમાન સુખ નહિ અને મુવા સમાન દુઃખ નહિ.

**आज का विश्राम स्थान**
**व्योमकेश महादेव मंदिर मंडल**



## ચમૌલી

જેઠ સુદ ૨, શુક્રવાર, તા. ૧૫.૬.૨૦૧૮

ગઈકાલના થાકને ખંખેરીને વિહાર કરવા માટે સાબદા થયા. આજે તો વિચાર્યું છે ૧૨ કિ.મી. નો જ વિહાર કરવો છે. આગળ ગોપેશ્વર ગામ આવે છે ત્યાં જ રોકાઈ જઈશું. સુચના આપીને

ऊपर पहाड़
नीचे खाई
अधबीच रास्ता
उस पर हम...



આગળ વધ્યા. આકાશમાં વાદળની દોડા દોડ ચાલુ થઈ ગઈ હતી. નીલગગનમાં છુટા-છુટા વાદળ હિમાલયની શોભામાં વૃદ્ધિ કરતા હતા, હિમાલયનું આકાશ દુનિયાના આકાશથી જુદુ જ દેખાય છે. આટલું સાફ કાંચ જેવું ઘાટ્ટા નીલવર્ણનું આકાશ જોતા જ આંખ ઠરે. જાણે નવડાવી ધોવડાવી સાફ સુથરૂ કરીને ટીંગાળ્યું હોય તેવું પારદર્શક આકાશ માત્ર અહિં જોવા મળે. અન્ય સ્થાને ધુંધળું આકાશ

**जहाँ सूरज की किरण से**
**शक्ति प्राप्ति होती है।**
**ऐसे तो कई रास्ते**
**पार कर दिये...**





હોય. ધુળ-ધુવાળાથી ધુમીત્ત આકાશ જોવાનું મન ન થાય. અહિં તો ઉંડા આકાશને જોવું એ પણ એક સાધના છે.

સાચી વાત છે હિમાલયનાં કેટલાક સાધકો ઉંડા આકાશનું ધ્યાન ખુલી આંખે કરે છે. કલાકો સુધી એકીટશે સતત આકાશ તરફ જોયા કરે. કોઈક સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે.



અનુભવ એમ કહે છે કે સતત બ્લ્યુ આકાશ સામે જોવાથી સમાધીમાં સરકી જવાય એ વાત સાચી છે. મનની સ્થિરતા માટે આ ઉપાય પણ ઉચિત છે.

વિહાર આગળ વધ્યો ૩-૪ કિ.મી. ચાલ્યા ત્યાં એક ગામ આવ્યું. અને દૂર સામે મોટા પહાડના છોળાવ પર ગોપેશ્વર દેખાયું. ઉડીને જઈએ તો એક દોઢ કિ.મી. થાય, પણ એ ક્યાં શક્ય હતું ? રોડ તો ૮ કિ.મી. ફરીને ડુંગરની ધારે-ધારે આગળ વધતો હતો. તેમાં ગામનાં કોઈ ભલા માણસે અમને સામેથી કહ્યું, 'બાબા ! છક્રૂટી સે ચલે જાવ ૪ કિ.મી. મે ગોપેશ્વર આ જાયેગા'

बादलों के ऊपर





એમ કહી છકૂટી તરફ આંગળી ચીંધી. એની વાત સાચી હતી એક સાવ પતલી પગદંડી ગોપેશ્વર સુધી જતી હતી. 'અમને તો ભાવતું હતુ ને વૈદ્યે બતાવ્યું' પગવટીએ આગળ વધ્યા. સારૂં થયું આખી છકૂટી સીમેન્ટની બનાવેલી હતી, લીલોતરીની સંભાવના ક્યાંથી હોય ? મજે થી જંગલ ની વાટે આગળ વધ્યા. સમતલ આગળ વધતી તે છકૂટીએ અમને છેક ગોપેશ્વરના પાદરમાં મુકી દીધા. રસ્તામાં



પર્વતીય સૌંદર્ય જોવા માટે એક છત્રી બનાવેલી છે તેમાં વિશ્રામ કરવા બેઠા. અમે તો ઘણી ઉંચાઈ પર હતા. છેક નીચે નાના-નાના વાદળો દોડા દોડ કરતા હતા. નાના હતા ત્યારે પરીઓની વાર્તા વાંચતા તેમાં પરીઓ વાદળ પર વિહાર કરતી વાંચીને વાદળ પર બેસીને ઉડવાનું ઘણું મન થતું. જો કે વાદળ પર બેસીને ઉડવાનું તો શક્ય નથી પણ વાદળથી પણ ઉપર બેઠા છીએ પરીઓનાં દેશમાં. બાળપણનું

कहते हैं हिमालय पवर्त खूब ऊँचा है,
पहाड़ की चोटीयाँ आकाश को छूती हैं,
दृश्य देखो...
अब बताओ कौन ऊँचा ?
हिमालय या साधु ?



બાળમન પરીઓની વાર્તા વાંચીને કેવા કેવા ખ્યાલ કરે. એની જ એક આછેરી ઝલક અમારી સામે સાક્ષાત્ હતી. દૂર બરફાચ્છાદિત શિખરોવાળા પર્વતોના પગપખાળીને દોડી જતી ગિરિનદીઓના વણાંકો કંઈ ઓછા લોભામણા ન હોય. અહિં બેઠા છીએ ત્યાંથી લગભગ ૩ કિ.મી. જેટલી નદી આડા અવળા વણાંક લેતી દેખાય છે. નદીનો ખળખળ નાદ અહિં સુધી પડઘા પાડે છે. તે ઉપર નાના-નાના વાદળો તેથી ઘણા ઉપર અમે જાણે કોઈ મેરૂપર્વતની મેખલા પર બેઠા હોઈએ એવો આભાસ થાય. અડધો કલાક સુધી દિવ્યતાનું આચમન કરી અમે પગ ઉપાડ્યો. ગોપેશ્વર ગામમાં

**हिमालय के जंगल में**
**शैलासन पर आसन...**



પહોંચ્યા અહિં એક વૈતરણી નામનો કુંડ છે. વૈતરણી નદી તો નરકમાં સાંભળેલી પણ આ તો ધરતી પર વૈતરણી કુંડ છે. અહિં એવી માન્યા છે કે કોઈ વૈતરણી કુંડમાં સ્નાન કરી લે તો તેને વૈતરણી નદીમાં પડવું ન પડે. અમે પણ કુંડ જોયો પાણી ગંદુ હતુ. ભક્તો ડુબકી લગાવીને નિતરતા રસગુલ્લાની જેમ બહાર નિકળી રહ્યા હતા. થોડા આગળ વધ્યા તો એક ખુબ મોટુ શિવમંદિર આવ્યું. અહિં તેને

**आज की चढ़ाई तो भाई !**
**तोबा तोबा...**



ગોપીનાથનું મંદિર કહેવામાં આવે છે. કહેવાય છે કે ૧૧મી સદીમાં કોઈક રાજાએ આનું નિર્માણ કર્યું હતું. અહિં એક પ્રાચિન લાકડાની બનેલી ધર્મશાળા છે. પગે ચાલીને યાત્રા કરનાર સાધુ-સન્યાસી માટે અન્નક્ષેત્ર પણ છે. અમને પણ આમંત્રણ મળ્યું, પણ અમે તો આગળ નિકળી જવાનું જ વિચાર્યું હતું. કારણ કે સીમેન્ટનાં સોર્ટકર્ટ થી ચમોલી માત્ર ૪ કિ.મી. જ હતું. રોડ થી જઈએ તો ૧૦. વળી નીચે સતત ઉતરાણ જ છે એક કલાકમાં પહોંચી જઈશું. પ્રાચિન મંદિરનું નિરીક્ષણ કર્યું. શિખરમાં એક સ્થાને બુદ્ધ પ્રતિમાનાં મુખ જેવા જુદા-જુદા પાંચ મુખ કોતરેલા હતા.

**गुलाब के पौधे होते हैं,**
**परंतु यहाँ हिमालय में गुलाब की वेल है,**
**शास्त्रों में जिसको**
**'पद्मलता' कहते हैं।**



आजु-बाजु दीवालोनां पत्थर पर केटलाक अस्पष्ट लेख लखेला हता. मंदिर परिसरमां खंडित मूर्ति अने मंदिरनां केटलाक अवशेषो मुकेला. आस-पासना क्षेत्रमां सौथी मोटा शीखरवाळुं आ मंदिर छे.

ઉત્તરાખંડ ક્ષેત્રમાં એક વાત ખાસ નિરીક્ષણ કરી જે જે મંદિરો બનેલા છે તે સ્થાનિક પત્થરોથી જ બનેલા છે. એ જ વાત અમે દક્ષિણ ભારતમાં તમિલનાડુ કર્ણાટક આદિમાં જોઈ હતી.

बचपन में सोचा था...
बादल पर बैठकर
परीयों के देश जायेंगे...
और आज...



जो के ते साऱुं छे. स्थानिक पत्थर नुं ज मंदिर निर्माण थाय तो तेनुं आयुष्य हजारो वर्षोनुं थाय.

જો કે તે સારૂં છે. સ્થાનિક પત્થર નું જ મંદિર નિર્માણ થાય તો તેનું આયુષ્ય હજારો વર્ષોનું થાય. અહિં ૧૦૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન મંદિરો આજે એવા જ મજબુત ઉભા છે. ચુનો-સીમેન્ટ હોય કે ન હોય પણ મંદિરોને કોઈ અસર નથી. કદાચ પત્થરની ઉત્પત્તિ જે વાતાવરણમાં થઈ છે તે વાતાવરણમાં રાખવાથી એનું આયુષ્ય લંબાતુ હોય. તેને વધારે ચોટકની જરૂર ન હોય. દક્ષિણ

हम बादलों से ऊँची
उड़ान भरते हैं...



ભારતમાં તો એવા મંદિરો પણ જોયા કે સ્થાનિક પત્થરથી બનેલ મંદિરમાં લાગેલા દરેક પત્થરનાં સાંધા એકબીજા સાથે જોડાઈ ગયા હોય. જાણે એક જ મહાશીલાખંડ માંથી આખુ મંદિર નિર્માણ પામ્યું હોય તેવું લાગે. ઈચ્છુકો બેલગામમાં નેમીવસતિ નામનું ૧૦૦૦ વર્ષ પ્રાચીન જૈનમંદિર જોઈ શકે. તેથી આગળ ગદગ (કર્ણા.) થી ૧૦ કિ.મી. દૂર લખુંડીમાં ૧૦-૧૨ દેરાસરો જોઈ શકાય.

हिमालय के उत्तुंग
हिमशिखरों के साथ...
बहुत दूर नीचे दिख रही है
जान्हवी गंगा...



મદુરાઈનાં કાળાપત્થરનાં મંડપ જોઈ શકાય. કુંભાકોણંમ્‌ની મંદિર શ્રેણીઓ સાક્ષાત નજરની સામે છે. તમિલનાડુમાં કાંજીવરમ્ થી પાંડીચેરી સુધીનાં દિગંબર જૈન તીર્થ ક્ષેત્રોના લગભગ ૨૦૦ જેટલા મંદિરોમા આ વસ્તુ જોવા મળી. અરે દૂર શું જવું શત્રુંજય ગિરિરાજ પર તીર્થાધિરાજ આદીશ્વર દાદાનું દેરાસર જુઓ ગિરનારજી પર બાલબ્રહ્મચારી શ્રી નેમીનાથ દાદાનું ગ્રેનાઈટનું જિનાલય જુઓ એમા ક્યાંય કોઈ સાંધો દેખાશે નહિં. દેલવાડા-મીરપૂર-કુંભારીયામાં પણ સ્થાનિક પત્થરનો જ ઉપયોગ કર્યો છે. એ તો વિશ્વવિદિત છે.

**गोपेश्वर के प्राचिन मंदिर के परिसर में**



વર્તમાનમાં દેરાસર બનાવવા માટે આરસ નો જ આગ્રહ રાખવામાં આવે છે. કેટલું ઉચિત છે તે વિચારકોએ વિચારવું. ક્યારેક તો દેરાસર માટે એટલો ખરાબ આરસ વપરાય છે કે મન થાય આ થી તો ઘાંસની ઝુંપડીમાં પરમાત્મા વધારે સુંદર લાગે અને મનનાં શુભભાવો વૃદ્ધિ પામે.

અહિંના મંદિરોમાં સ્થાનિક પત્થરનો ઉપયોગ કરીને ખુબ બુદ્ધીમાનીનું કાર્ય કર્યું છે.

आज का विश्राम स्थल



૧૦ વાગ્યા સુધી અમે ચમોલી પહોંચી ગયા. રહેવાની વ્યવસ્થા સરસ થઈ ગઈ. અલકનંદા દુધપાક જેવા ધુલીધુસર ધવલજલને ખુબ ઉતાવળે આગળ લઈ જતી હતી. આ ક્ષેત્રની સૌથી વધારે તોફાની નદીનો ઘેરો ઘોષ છેક ડુંગરની ટોચ સુધી ગાજતો હતો. આખા વાતાવરણમાં જયઘોષનું એક ચક્રી સામ્રાજ્ય પથરાએલું છે. અલકનંદા એટલે અલકનંદા એનો રૂબાબ જ જુદો, એની ચાલવાની છટા જુદી. ઉંચા-ઉંચા પહાડોની વચ્ચે પણ લીસોટા પાડીને આગળવધતી પ્રચંડ સલીલા ખરેખર અનુપમ લાગતી હતી.

**गवाक्ष के शिखर पर ध्यानस्थ मुद्रा में मुखाकृतीयाँ...**



ચમોલી ગામ મોટું છે. હરીદ્વાર બદ્રીનાથ મુખ્ય માર્ગ પર અમે આવી પહોંચ્યા છીએ હવે તો દાદા દૂર નથી. ખુબ જલ્દી પહોંચી જઈશું. સાંજે ૪ વાગે આગળ વધ્યા અલકનંદા ને સાથે લઈને. એક તરફ ઉંચા પહાડોની ચટ્ટાનો અમારા માથા પર ઝળુંબી રહી છે. હમણા પડે કે હમણા પડે. એક તરફ ખુબ ઉંડી અલકનંદા હજુ વધું ઉંડી જતી જાય છે. સારૂં છે અહિં રોડ પહોળા છે. એથી વાહનો દૂર થી પસાર થઈ જાય છે.

સાંજે આખા વિહારમાં પીળી પાઘડી બાંધેલા લાંબી દાઢીવાળા પંજાબી લોકો ખુબ જોવા મળ્યા તેઓ બદ્રીખંડમાં આવેલ હેમકુંડ સાહિબની યાત્રાએ જાય. હમણા તો જ્યાં જુઓ ત્યાં શીખ

**जब परशु दिखेगी,**
**तब त्रिशूल नहीं दिखेगा ।**



ઉપાસકોજ જોવા મળે છે. સાંજે અડધો કલાક સુધી વરસાદ વરસ્યો. એ તો સારૂં થયું એક છાપરૂં મળી ગયું ઉભું રહેવા માટે. પાણીનો છાંટો'ય અડ્યો નહિં. ૪ કિ.મી. ચાલ્યા હતા હવે આગળ ચલાય તેમ હતુ નહિં. અડધા કલાકનાં વરસાદે તો ઘણા બધા ઝરણાંનું નિર્માણ કરી નાખ્યું હતું. પાણીમાં પગમુકીને ચાલવું મંજુર નથી. રાતનાં પાણી નીતરી જાય પછી આવતી કાલે આગળ વધશું. વળી આવા વરસાદ પછી ઉપરથી મહાકાય પત્થર પડવાની સંભાવના તો ખુબ વધી જાય. 'દુર્ઘટના સે દેર ભલી' સૂત્રને અપનાવી એક ગેસ્ટ હાઉસમાંજ રાત્રિ વિશ્રામનું વિચાર્યું.

जब त्रिशूल देखो,
तब परशु नहीं दीखेगी ।



ગઈકાલે સવારે ક્યાં અમે ૩૬૦૦ મીટર ઉપર હતા. અને આજે સાંજે ૯૦૦ મીટર ની ઉંચાઈએ આવી ગયા. માત્ર બે દિવસમાં આટલું ઉતરાણ થયું. હજુ તો બદ્રીનાથ માટે ઘણું ચઢવાનું બાકી છે. હૈયામાં હામ છે બસ હવે દિલ્હી દૂર નથી. હિમાલયની સૃષ્ટીનાં સૌંદર્યના અમીપાન કરતા ક્યારે કેટલા કિલોમીટર પૂરા થઈ જાય કંઈ ખબર પડતી નથી.

गोपेश्वर मंदिर परिसर में
एक शिलाखंड पर
गजलक्ष्मी...

આદીશ્વર દાદા પણ ખરા છે. ધરતીનાં અપ્રતિમ આભૂષણ સમાન આ જ અષ્ટાપદ ગિરિ પર નિર્વાણ પ્રાપ્તિ કરી. ભરત ચક્રવર્તીએ આ અવસર્પિણિ કાળનું માનવ નિર્મિત અતિ ઉત્તમ સિંહનિષદ્યાપ્રાસાદનું નિર્માણ કર્યું. દેવલોકમાંય આવી સૃષ્ટી હશે કે કેમ ? એક વાર તો મન આશંકિત થયા વિના રહે નહિં.

ખરેખર હિમાલય અતિ દુર્ગમ છે. આ તો રોડ રસ્તાઓ છે તેથી આટલું પણ ચલાય છે. જો રસ્તા ન હોય તો સામાન્ય માણસને આ ધરતી પર એક પગલું મુકવાનું પણ સામર્થ્ય નથી. અષ્ટાપદ ગિરિ ચઢવા માટે ૧૫૦૦ તાપસોની મહાતપસ્યાની કિમ્મત હવે સમજાય છે. આપણને લાગે એક ડુંગર ચઢવામાં વર્ષો સુધી શું સાધના કરવી. ધીરે-ધીરે ઉપર ચઢી જવાનું. અહિં આવીને જુઓ તો ખબર પડે ? 'કેટલી વીશીએ સો થાય' આજે પણ એવા ઘણા જંગલી રસ્તા છે માત્ર પાંચ મીનીટ પણ તે ઉપર ચાલી શકાય નહિં. ચાલવા જાવ તો જઈને ખીણ માં પડો. ન પડો તો પણ માથુ ચક્કર ચક્કર ભમવા માડે.

સાંજે એક વિચાર કરતા ચાલી રહ્યા છીએ અમે તો આ બાજુ રોડ પર છીએ નદીનાં સામા તીરે તો ડુંગરના નાગા ઢોળાવો ઉપર સાવ પતલી કેડી જઈ રહી છે. એક કુતરૂં પણ માંડ ચાલી શકે તેવી કેડી સીધી નદી કિનારે-કિનારે ચાલે છે. આજે તો છેક સુધી એક કેડી અમને જોવા મળી કદાચ આજ રીતે છેક બદ્રીનાથ સુધી જતી હશે. એવી પગદંડી પર ચાલવાનો વિચાર માત્ર કરો તેમાય પગધ્રુજવા માટે આવી કડકડતી ઠંડી માંય પરસેવો છુટે.

એ તો ધન્ય છે ગૌતમસ્વામીજી ને ગુરૂ ઉપાસનાથી સિદ્ધિઓ સામે ચઢીને એમને વરી હતી. તેઓ જોત જોતમાં તો છેક હિમગિરિનાં શિખરે પહોંચી ગયા. નિષ્કર્ષ એમ કાઢી શકાય. હજારો લાખો વરસની કાયકલેશપૂર્વકની અતિ દુષ્કર સાધના થી પણ વધારે શક્તિ ગુરૂનાં આશીર્વાદ થી પ્રાપ્ત થઈ શકે. શિષ્યે કંઈ જ કરવાતું નથી. મન સાવ ખાલી રાખવાનું અને હૃદયગુરૂભક્તિથી ભર્યુંભર્યું રાખવું. બસ આટલું કરો એટલે બેડો પાર. આ ચિંતનનું જીવંત દૃષ્ટાંત ૧૫૦૦ તાપસો અને ગૌતમસ્વામી નજરની સામે છે.

હિમાલયને હરાવવા માટે શારીરિક શક્તિ કામ લાગે જ નહિં. કોઈક દિવ્ય-તત્ત્વ જ તમને આખા હિમાલયની સ્પર્શના કરાવી શકે. અમે પણ હરિદ્વારથી નિકળ્યા ત્યારે વિચારેલું ૧૦ કિ.મી.ની એવરેજ આવે તે રીતે વિહાર કરશું વધારે ચલાશે નહિં પણ આજે જ્યારે હિસાબ માંડ્યો ત્યારે ખબર પડી કે ૨૨ કિ.મી.ની એવરેજ રોજની આવે છે. સમજાય તેવું છે. આ કેવી રીતે બને આવા દુર્ગમ પહાડી રસ્તાઓ પર કેટલીએ કુદરતી આફતોની વચ્ચે આટલી એવરેજમાં ચાલવું ખરેખર મુશ્કેલ છે. સામાન્ય મેદાની પ્રદેશમાં રોડ ઉપર પણ આટલી એવરેજ આવે નહિં. અમને ખબર નથી કઈ શક્તિ અમને ચલાવે છે. અનુભવના ઈચ્છુકોએ હિમાલય તરફ ડગ માંડવા વાર લગાડવા જેવી નથી.



हिमालयी सुबह

## ગરૂડગંગા

### જેઠ સુદ ૩, શનિવાર, તા. ૧૬.૬.૨૦૧૮

ગઈકાલે સાંજે બીરહી આવવા માટે જ નિકળ્યા હતા પણ-પહોંચી શક્યા નહિં. આજે તો વાતાવરણ એકદમ ચોખું છે ૨ કિ.મી. ચાલ્યા ત્યાં બીરહી આવ્યું. અહિં



बीरही गंगा अलकनंदा ने जई मळे छे. पाणी तो साव ओछुं थई गयुं छे पण धवलीमा जळवाई छे. एक वात अचुक जोई, गंगा नदीमां जे पण वच्चे-वच्चे नदी-नाळा-झरणा - के वहेण मळे छे ते बधा ज दुधमल होय छे. गमे तेटला दूरथी नदी केम न आवती होय जो तेने गंगामां भळवुं होय तो अवश्य तेने शुक्लसलिला बनवुं ज पडे.

**चलने का आनंद,
आनंद से चलना...**



એનો જીવંત દાખલો ભીલંગણા નદી જ લ્યોને. જે ક્ષેત્રમાંથી ગંગા-ભાગીરથી કે અલકનંદા આવે છે તે ક્ષેત્રની સાથે નાવા નિચોવા નો ય સંબંધ નહિં રાખતી ભીલંગણાનું પાણી પણ ધોળું હોય છે તે ટીહરીમાં આવી ભાગીરથીમાં ભળે છે એજ રીતે બાલગંગાની વાત છે. અહિં આગળ ચાલ્યા તો ગરૂડગંગાનું પાણી પણ સફેદ. અરે સામા કાંઠાથી આવતા ઝરણા કે વહેણનું પાણી જુઓ તો પણ સફેદ છે. શું છે એવું ગંગા માં કે બધાને ધોળુ ધોળુ કરી મુકે. ગરૂડગંગા તો ચાય જેવા પાણીને

**हिमगिरि का अभिषेक करती ऐसी हजारों दुग्धधाराएँ बहती हैं।**




वहावी रही छे शिखर पर हमणा तो बरफ बधो पीगळी गयो छे वरसाद पडे तो सुको

વહાવી રહી છે શિખર પર હમણા તો બરફ બધો પીગળી ગયો છે વરસાદ પડે તો સુકો પથરીલો પહાડ પાણી સાથે માટી જ આવવા દે. જ્યાં જ્યાં બરફનો વરસાદ થાય છે ત્યાં ત્યાં વૃક્ષો ઉગતા નથી ખુલ્લા કાળમીંઢ ખડગ હોય. અને જ્યાં માત્ર પાણીનો વરસાદ પડે ત્યાં તો અડાબીડ જંગલ ઉભું થઈ ગયું હોય. વૃક્ષોવગરના નાગા પહાડોને ખડગોનું રણ

बड़ा भारी भुस्खलन हुआ था,
अभी - अभी रास्ता खुला है,
चलो जल्दी...
कहीं उपरवाले नीचे आकर
उपर न पहुंचा दे ।





કહિ શકાય અથવા લીલું રણ કહો તો પણ વાંધો નહીં. ભલે હમણા અહિં શિખરો પર બરફ નથી પણ સાવ વૃક્ષ-વેલાઓ વિનાના જોઈને તરત કહી શકાય કે આ બરફનાં જ પહાડ છે. બરફ મહિનાઓ સુધી આ શિખરો પર પથરાએલો રહેતો હશે પરિણામે એક તણખલું પણ અહિં ઉગવા સમર્થ નથી. ક્યાંક ગાયું છે 'હિમ દહે વન ખંડને' હમણા



બરફની મોસમ નથી. એટલે હિમહિન શિખરો જોઈને જ રાજી થવાનું. આજ થી ૩-૪ વર્ષ પહેલા છેક ચમોલી સુધી શિખરો ઉપર બારે મહિના બરફ રહેતો એવું સ્થાનિક લોકોનું કહેવું છે. છેલ્લા વરસોમાં વાહન વ્યવહાર વધી જવું, નદીઓ પર પાવરપ્લાંટ નાખવા જેવા કારણોસર વાતાવરણ ને ભયંકર નુકશાન થયુ છે તેથી હવે બરફ રહેતો

**पहाड़ीयों की गोदी में छोटा-सा गाँव...**



નથી. માણસના પાપે ધીરે-ધીરે બર્ફિલો હિમાલય હવે નાનો થતો જાય છે.

માણસની જાતે કુદરતની સામે બાથ ભીડી છે પણ એના પરિણામ સારા નહિં આવે એવું વિચારકો અવાર-નવાર કહે છે. હિમાલય ક્ષેત્રમાં ૬૦ ટકા ઝરણાઓ છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં હંમેશ માટે બંધ થઈ ગયા છે એવું અહિંના સ્થાનિક લોકો કહે છે. આવનારા યાત્રીકો યાત્રા કરવા તો આવતા નથી માત્ર પિકનીક મનાવવા આવે આખા હિમાલયને વિવિધ જાતના કચરાથી

**મેરુ તો ડગે જેના મનનો ડગે રે,**
**પાનબાઈ ! ભાંગી પડે બ્રહ્માંડ રે...**
**अचल और अटल है,**
**साधु और पहाड़...**



ભરી મુકે એનું પરિણામ સ્થાનિક રહેવાસીઓએ ભોગવવું પડે. દર વરસે ઉત્તરાખંડમાંથી લાખો લોકો સ્થાનાંતર કરે છે. સરકાર ખુબ મહેનત કરે છે એ બધાને રોકવા માટે પણ કોઈ અસર નથી. માણસ તો માણસ જ છે. જ્યાં રહે ત્યાંની ધરતી ને ખરાબ કર્યા વિના રહે નહિં. અરે ધરતી શું ત્યાંની હવાને પણ ગંદી કરી મુકે. આખા વાતાવરણ ને બગાડી

यह महाशिला...
कमजोर पत्थरों पर टीकी है,
बस थोड़ी वर्षा और थोड़ी धूप
महाशिला रोड पर आ सकती है
ऐसे भुस्खलन यहाँ कदम-कदम पर
होते रहते हैं।



મુકે. માત્ર હિમાલય ની આ વાત નથી આખા વિશ્વમાં માનવજાતે કેવા પરાક્રમ કર્યા છે એની વાતો આખી દુનિયા જાણે છે. આ ધરતી કેટલું સહન કરશે ?

આ પવિત્ર નદીઓ નાં પાણીમાંથી ઇલેક્ટ્રિક કરંટ ઉત્પાદન કરવા માટે કેવા કેવા મશીનો અહિં લગાવેલા છે. તે સંબંધી રોડ-રસ્તા-રોડ-રહેણાંક-ગોડાઉન વિગેરે

जैसे लगता है
पर्वतराज को डोरी से बांध रखा है...
गलत फहमी में मत रहना
ये तो उपर जाने का रास्ता है।
संभल के चलो तो भी यहाँ से उपर
जाते हैं। संभल के न चलो तो भी यहाँ
से उपर जाते हैं।



બનાવવા માટે હિમાલયનાં શા હાલ કર્યા છે નજરે જુએ એને ખબર પડે. દેવભૂમીને દેવભૂમી રહેવા દીધી નથી. હજુ તો શરૂઆત છે, હજુ ૧૦ વર્ષ જવા દો સ્થિતિ ખુબ દયનીય થશે એવી પૂરી સંભાવના છે. કોઈએ હિમાલય આવવું હોય તો હજુ મોડું થયું નથી હજુ આવી જાવ ઘણું મોડું કરવું નહિં.

वनराजी कह रही है,
आगम्यताम्...
आगम्यताम्...



सवारे वातावरण साव कोरुं धाकोर हतुं विहार सरस थयो. उतरवानुं ओछुं अने चढवानुं ज वधारे हतुं. रस्तामां बरही-मायापुर-पीपलकोटी आदि गाम आव्या अने गया मायापुरमां समभाव आश्रममां रहेवानी व्यवस्था थई शके रस्तामां घणी बधी नदीओ-झरणाओ अलकनंदामां भळी गया. अहिं पण गरुडगंगा अलकनंदामां जई मळे छे. नदी कांठे गरुडनुं मंदिर छे. थोडाक लोको दर्शन माटे जाय छे बाकी तो बधाने खुब उतावळ होय छे. अलकनंदा तो खुब उंडी जती रही छे.

देवदार वृक्षों के बीच
जैन साधु की
पैदल यात्रा



વાતાવરણ ચોખ્ખું હતું સાંજે ૧૦-૧૧ કિ.મી. નો વિહાર થયો વચ્ચે પાતાળગંગા નદી અલખનંદામાં ભળી ગઈ. દૂર-દૂર મહાકાય ગીરીશીખરો આભને ટેકો દઈ ઉભા છે. શીખરો પર બરફનું સામ્રાજ્ય છવાએલું છે. સુર્યકિરણોથી ચમકી શકે તેવી શક્યતા નથી જુઓને વાદળાઓએ તેઓ ઉપર આસન જમાવ્યું છે. પગે ચાલીને જતા બાવા-જોગીઓ

जरा संभलकर चलो,
गहरी खाई है,
बड़ा विकट रास्ता है,
बड़ी विकट दास्ताँ है ।



ઘણા મળે છે. વિવિધ પ્રકારે જય બોલાવે છે. કોઈ સીતારામ યાદ કરે તો કોઈ ગંગાને કોઈ બદ્રીજીને યાદ કરે તો કોઈ શિવ ને. બસ પ્રવાહ ચાલતો રહે છે. આજે સાંજે પણ અમને પેલી છકૂટીએ ૧ કિ.મી. ઓછું કરી આપ્યું.

**'चरति चरतो भगः'**
**'चलनेवाले का भाग्य चलता रहता है...'**



અહિં ઘરોની સુંદરતા ઉડીને આંખે વળગે તેવી છે ચારે બાજુ લીલુંછમ વાતાવરણ હોવા છતા ઘરની ચારે બાજુ વિવિધ જાતના જંગલી ફૂલો ઉગાવે. જાણે એક નાનકડી ફૂલવાડીમાં જ ઘર હોય તેવું લાગે. અહિં ગુલાબ ખુબ મોટા અને ઉઠાવદાર રંગ ના થાય છે. બીજા પણ ફૂલો નો કોઈ પાર નથી. લાલ-પીળા-સફેદ-નારંગી-વાદળી-જાંબલી -

**थोड़ा विश्राम**
**थोड़ा आराम**
**कहीं भी बैठो सब अपना है...**



જે કલરનાં ફૂલ તમે વિચારો તેવા અહિં ઘરે ઘર મળે. તેમાય વળી ફળઝાળ તો હોય જ ક્યાંક સફરજન હોય તો ક્યાંક દાડમ વળી આલુબુખારા-પીચ-અખરોટ-લીંબું-સંતરા-મોસંબી-આંબા તો ઠેકાણે-ઠેકાણે જોવા મળે. કદાચ કોઈક ઘર જ બાકી હશે કે જેમના ઘરમાં કોઈને કોઈ ફળઝાડ ન હોય. ખરેખર સુરમ્ય વાતાવરણમાં ચાલવાની મઝા આવે

छोटे छोटे पायदाननुमा खेत
मन चुरा लेते हैं, तो एक घर का
छज्जा उपरवाले घर के लिये
आंगन बन जाता है,
ऐसे पहाड़ी गाँव के चारों ओर
सुंदरता का साम्राज्य है ।



हिमालय की भेड़

રોડ પર ચાલતા-ચાલતા તો ચીડ-દેવદાર-શીશમ-ભોજપત્ર-બૉટલબુશ આદિ વૃક્ષો તો છાયો આપવા માટે તૈયાર જ હોય. જુઓ તો ખરા સામે ઉન્નત શીખરો પર બરફ ઝળકી રહ્યો છે અમે ચાલીએ છીએ ત્યા ડગલે ને પગલે રંગબેરંગી ફુલોની બીછાત છે. નીચે અલકનંદાએ તો આખા વાતાવરણ ને વશમાં કર્યું છે. એક તરફ મસમોટા વાદળો દોડા-



आज का विश्राम स्थल
एक छोटा-सा
काष्टमहल

દોડ કરી રહ્યા છે. કાળામોઢાવાળા જંગલી વાંદરાઓનું તોફાન કેમેય કરીને ઓછું થતુ નથી તો લાલમોંઢાવાળા વાંદરા અવાર-નવાર ભૂસ્ખલન કર્યા કરે છે. ઉપર વાંદરા ચાલતા હોય તો ૨-૪ પત્થર નીચે આવ્યા જ સમજો. સાવધાન થઈને ચાલવું પડે નહિં તો લાલ-લાલ થઈ જવાય. સવારે ૮ વાગ્યા સુધી તો વાહન વ્યવહાર ઓછો હોય ત્યાં



उत्तराखंड की शैली में
बना एक मंदिरयुगल

સુધી તો ક્યાંય આગળ નિકળી ગયા હોઈએ. સવારે સવા પાંચ વાગે સુર્યોદય થાય અમે લગભગ સાડા પાંચ પોણા છ એ નિકળીએ આઠ વાગ્યા સુધીમાં તો ૧૦-૧૨ કિ.મી. ચાલી લીધું હોય. ૨-૪ કિ.મી. બાકી હોય ત્યારે ટ્રાફીક થવા લાગે. લગભગ ૯ વાગ્યા સુધીમાં તો અમે મુકામમાં પહોંચી જઈએ. આજે પણ રસ્તામાં ૨ સ્થાને 'લંગર' ચાલુ



હતું. ભાવીકોએ ઘણો આગ્રહ કર્યો ભોજન ગ્રહણ કરવા માટે પણ તેમને સમજાવીને અમે આગળ નિકળ્યા. રાત્રિ વિશ્રામ માજી સરપંચનાં એક મકાનમાં હતું.

शाम ढल रही है,
ऊपरवाले कलाकार की
कला निखर उठी है ।



**જોશીમઠ (ગેસ્ટ હાઉસ)**
**જેઠ સુદ ૪, રવિવાર, તા. ૧૭.૬.૨૦૧૮**

અમારો અલગારી વિહાર આગળ વધી રહ્યો છે. ક્યાં જવા માટે નિકળ્યા હોઈએ અને ક્યાં પહોંચી જઈએ કંઈ કહેવાય નહિં. ગઈકાલે સાંજે એમ જ થયું ! ચાલવાનું હતુ માત્ર ૬ કિ.મી. અને ચલાઈ ગયું ૧૧ કિ.મી. કારણ એક જ કે રસ્તામાં રહેવાયોગ્ય સ્થાન ક્યાંય મળ્યું નહિં. પાખી ગામ તો માત્ર ૩ કિ.મી. હતું એથી આગળ બીજા ૩ કિ.મી. ચાલીએ ત્યાં ટંગણી આવે, પણ

**कौन जानता है,**
**इन औषधीयों में क्या जादु है ।**



टंगणी गाम तो रोड थी छेक उपर.

ટંગણી ગામ તો રોડ થી છેક ઉપર. રોડ ઉપર કંઈ નહિં. ચાર થાંભલાનું એક બસ સ્ટેશન હવા ખાતું હતું. હવે આગળ ૧૦ કિ.મી. હેલંગ ગામ છે ત્યાં જ જવું પડે. એ તો સારૂં થયું અમે ૪ વાગે વિહાર પ્રારંભ કર્યો હતો ૭.૧૫ સુર્યાસ્ત થાય. સુર્યાસ્ત સુધી હેલંગ પહોંચી જવાય પણ સાંજે ૧૬ કિ.મી.નો વિહાર ભારે પડી જાય. વ્યવસ્થાપકોને કહ્યું તો ખરૂં ભઈ ! એ પહેલા કંઈ આવે તો જો જો

सरस्वती नदी का विहंगम दृश्य
नदी आगे चलकर अलकनंदा में
समा जाती है, और निर्माण होता है
एक अभिनव तीर्थराज का...



પણ શું આવે ? રસ્તામાં એક મોટી ઉંડી ખાઈ આવી રોડ છેક ખાઈમાં નીચે ઉતરી ગુચળુ વળીને ઉપર ચઢતો હતો ૩-૪ કિ.મી. તો એ ગુંચળામાં જ જતા રહે. સોર્ટકટની શોધ ઘણી કરી પણ આ સીધી ભેખડવાળી ખીણ તો સ્વર્ગવાસનો સીધો સોર્ટકટ બતાવતી હતી. અમે તો સમજણા થઈ રોડે-રોડ જ ચાલ્યા. ભલે થોડું વધુ ચાલવું પડશે તે જ ને. સારી વાત એ હતી કે આકાશમાં સૂરજ તપતો હતો

**नदीयाँ चले,**
**चले रे धारा...**
**तुझे चलना होगा...**
**नदीयाँ हमें जीना सिखाती हैं।**



વરસાદી વાદળો દૂર ચાલ્યા ગયા હતા. એ આવે ત્યાં સુધી તો અમે ઘણો પંથ કાપી નાખશું. પણ આગળ ચાલ્યા ત્યા તો હેલંગ ૫ કિ.મી. ના પત્થર ની બાજુમાં જ અમારી વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. એક રીતે કહો તો ૫ કિ.મી. ઓછુ ચાલવું પડ્યું. મકાન માલિક ખુબ ભાવિક હતો અમે પ્રવેશ કર્યો ત્યાં તેણે વધાવ્યા 'દેવભૂમી મે આપકા હાર્દિક સ્વાગત હૈ' ભોજન આદિ માટે ની વિનંતી કરી પણ અમારે તો એકાસણા થઈ ગયા હતા. આહાર પાણી કંઈ લેવાય તેમ ન હતું. રાત્રે પણ વરસાદ આવ્યો નહિં.

**क्या सोचना... ?**
**चले जाए यहाँ से ?**
**सीधे, नीचे की ओर रोड तो नीचे ही है,**
**परंतु, जरा संभलकर फिसलन भारी है।**



આજે સવારે નિકળ્યા તો પણ વાતાવરણ તો વાદળ છાયું હતું પણ વરસાદનો હજુ અણસાર આવ્યો ન હતો. વાદળ કદાચ પાણી ભરવા ગયા હશે. હેલંગ પહોંચ્યા ત્યાં સુધી તો પરસેવાથી રેબઝેબ થઈ ગયા. એમાય હેલંગ પછી ૮-૧૦ કિ.મી.નું મોટું ગુંચળુ આવ્યું. રોડ તો છે સામે પહાડ પર ચઢી જતો દેખાતો હતો. સારૂં થયું એ તો 'છકૂટી' એ લાજ રાખી લીધી. 'વૃદ્ધબદરી' થઈને અમને

**પગ મારા નાના**
**તે ચાલે છાના માના**
**એ તો કેવી અજબ જેવી વાત છે.**
**નાના પગ પણ મોટા હિમાલયને**
**પાર કરી શકે છે.**



હિમાલય દાદાની ગોદમાં
વાદળોના બેસણા...

છેક ઉપર પહોંચાડી દીધા. ૪-૫ કિ.મી. ઓછા થઈ ગયા. રોડ ગમે તેટલો મોટો હોય સારો હોય પણ સંકટ સમયે તો છકૂટીએ જ સાથ આપ્યો છે.

સંસારમાંય એવું જ છે ને ? મોટા માણસ નો સાથ ગમે ત્યારે છોડી શકે પણ નાનો માણસ ક્યારેય સાથ છોંડે નહિં. સંસારનાં કહેવાતા મોટા માણસ માટેની આ વાત છે એક સુવાક્ય સારૂ વાંચ્યું





હતું 'જે બીજા ને મોટા ગણે તે મોટો માણસ અને જે બીજા ને નાના ગણે તે નાનો માણસ' વળી મોટા માણસની એક વ્યાખ્યા આવી પણ છે. 'જેનુ મન નાનું તે નાનો જેનું મન મોટું તે મોટો' પણ દુનિયામાં દેખાતા સ્વાર્થી મોટાઓ નો ભરોસો કરવા જેવો નથી.

અમારે તો હિમાલયમાં છકૂટી એ રંગ રાખ્યો જ્યાં કંઈ વધારે રોડ ફરતો હોય ત્યાં 'ટપાક'



દઈને છકૂટીનું અવતરણ થાય અમે જલ્દી ચઢી જઈએ ત્યાં બીચારો રોડ હાંફતો હાંફતો ઉપર મળે. પાછું કહે 'હવે આવું નહિં કરૂં.' અવે સીધો ચાલીશ પણ કાળીયાનો ભરોસો કરાય કે ? થોડોક માથે ચઢાવો એટલે પાછી તેની અવળચંડાઈ ચાલું. દુર્જનો એવા જ તો હોય છે. નીચે હોય ત્યાં સુધી સીધા ચાલે જેમ-જેમ ઉપર ચડતા જાય તેમ-તેમ વાંકા વધુ થતા જાય. અમારે અહિં રોડનું પણ એવું જ છે.

ये रास्ते, ये पत्थर ?
चट्टान सी हिंमत रखनेवाले
ये जैन साधु
धन्य... धन्य...

મેદાનમાં નીચે ચાલે ત્યારે સીધો સટ્ટ ચાલે અને જ્યારે પર્વત ઉપર ચઢે ત્યારે કેટલાંય આંટા ફરી જાય. શું કરે જાત જ એવી છે. આપણે શું કહીએ. જેના જેવા લક્ષણ.

આજે ૧૪ કિ.મી. નહિં પણ ૧૧ કિ.મી. ચાલીને જોશીમઠ થી ૪ કિ.મી. પહેલા જ એક ગેસ્ટ હાઉસમાં ઉતારો છે. અલખનંદા તો રસ્તામાં પાતાલગંગા નદી ની સાથે ભેટવાથી પાતાલમાં પેસી ગઈ હોય તેમ લાગે છે. રોડ પર થી છેક નદીમાં જુઓ તો માથાની ટોપી પડી જાય તોય દેખાય નહિં એટલી ઉંડી ચાલી ગઈ છે. આ રીતે ઉંડી ઉંડી ચાલશે તે નહિં ચાલે. રોડ ને પાછા નીચે જવું પડશે. આસ-પાસ ભણકારા એવા જ વાગી રહ્યા છે કે જેટલું ચઢ્યા એટલું જ પાછુ નીચે ઉતરવાનું છે.

આજે તો બપોરથી જ ઝરમર ચાલુ થઈગઈ છે. રૂમ બંધ કરીને બેઠા છીએ ચારે બાજુ આકાશ-પાતાળ-પર્વત નદી બધું ધવલમૃદુલ વાદળમાં ડટાઈ ગયું છે. જુઓ હવે, પડદો હટે એટલે આગળનો અંક ચાલુ થાય. સાંજે વરસાદ ચાલુ થયો. સાંજે વરસાદ બંધ થતા થતા મોડું થઈ ગયું. સાંજે સાડા પાંચે અમે આગળ ડગલું ભર્યું જેટલું ચલાય એટલું તો ચાલી લઈએ.

હવે બદ્રીનાથ જતો રોડ પહોળો થઈ ગયો છે. વાહનોની અવર-જવર પણ વધી ગઈ છે. હેમકુંડ સાહીબ જતા પંજાબી બંદાઓ નો પાર નથી. જે સાધન હાથમાં આવ્યું તે કઈને ભગવો ઝંડો લગાવી નીકળી ચુક્યા છે. હમણા તો સીજન છે. સાંજે ૪ કિ.મી. ચાલ્યા ત્યાં પાછો વરસાદ ચાલુ થઈ ગયો અમારે રાત્રિ વિશ્રામ એક રેસ્ટ હાઉસમાં જ કરવું પડ્યું. બરહી ગામ ૨ કિ.મી. દૂર રહ્યું.

પંજાબી લોકો દ્વારા ઠેકાણે ઠેકાણે લંગર ચાલું છે. 'કોઈપણ આવો' પ્રસાદ લઈને જાઓ ૨૪ કલાક આવતા જતા યાત્રીકોને જમવાનું તૈયાર છે. કોઈ પણ ભેદ ભાવ વિના અહિં લોકો આહાર ગ્રહણ કરી આગળ વધે છે. આવું એક લંગર રસ્તામાં આવ્યું. અમને પણ આમંત્રણ મળ્યું પણ એકાસણા તો બપોરે જ થઈ ચુક્યા હતા. વળી લોટનો કાળ અને અન્ય સામગ્રીમાં ભક્ષ્યાભક્ષ્ય નો વિવેક ક્યાંથી હોય. રાત્રીએ બનેલું હોય. જે હોય તે આપણને યોગ્ય નિર્દોષ સામગ્રી મળવી દુર્લભ છે.

સવારે શય્યાતરને વસતી ભળાવીને મંગલ યાત્રાનો પ્રારંભ થયો ૫ કિ.મી. માં હેલંગ ગામ આવ્યું. ત્યાંથી અલકનંદાને સાથે જ રાખતા ૨-૩ કિ.મી. આગળ ચાલ્યાં ત્યાં તો દૂર ડુંગર ઉપર વાહનોની અવર-જવર દેખાણી એનો અર્થ એ કે આ રોડ છેક ત્યાં સુધી ઉપર જાય છે. આપણે પણ ત્યાં જ જવાનું છે. વળી આટલું ઉપર ચઢવા માટે ઓછામાં ઓછું ૫-૭ વાર રોડનાં મોટા વણાંક આવશે. તો હવે શોર્ટકર્ટનું સંશોધન આદરવું જોઈએ.

થોડાક આગળ ચાલ્યાં ત્યાં એક ગામ આવ્યું. ઉપર જવાનો શોર્ટકટ માર્ગ પુછ્યો. માર્ગ અમારા માટે તૈયાર જ હતો. પેલી છફૂટી તો ક્યારની તૈયાર થઈને ઉભેલી. માત્ર ૨ કિ.મી. માં તો ૭-૮ કિ.મી. ઓછું કરી નાખ્યું. પણ આજની છફૂટીએ તો હંફાવી નાખ્યા મોટા-મોટા ઢીંચણ જેટલા પગથીયા ચઢીને ગમે તેમ ઉપર તો પહોંચ્યા પણ એક ડગલું ય આગળ ભરવાની શક્તિ રહી નહિં. બેસી ગયા અમે તો રોડ પર અમને જોઈને પેલી છફૂટી દાંત કાંઢતી હતી. તે કાઢે જ ને એને મજા આવી ગઈ. રસ્તામાં 'બુઢાબદરી' નું મંદિર આવ્યું મંદિર તો નાનું છે પણ આજુ-બાજુ વિવિધ જાતના ફૂલઝાડોથી લદાએલું છે. એક તરફ દ્રાક્ષનાં વેલા લટકતા હોય. બીજી તરફ ગુચ્છાદાર ફૂલોનો પમરાટ ઘ્રાણેન્દ્રીય ને આકર્ષિત કરતો હોય. વર્ણન તો કેટલું થાય. નજરોની જુઓ તો ખબર પડે ! કહેવાય છે કે પ્રાચીન બદ્રીનાથ અહિં હતું.

ધીરે-ધીરે રોડ પર ચાલતા અમે આગળ વધ્યા રસ્તામાં ક્યાંય રોકાવાય એવી જગ્યા દેખાતી નથી. હજાર ફૂટ નીચે અલકનંદા ચાલી ગઈ છે. નદીનો અવાજ પણ અમારા સુધી પહોંચતો નથી. રોડનાં ડીવાઈડર ઉપર થી જોતા પાતળી નહેર જેવી લાગે છે. કાચા પોચાના છાતીના પાટીયા બેસી જાય એવીઊંડી ખિણ છે. અમે આગળ વધ્યા હજુ જોશીમઠ ૭-૮ કિ.મી. દૂર છે. મોડું થઈ ગયું છે. રસ્તામાં વિશ્રામ વધારે કરવો પડ્યો. હવા પાતળી છે. શ્વાસ ખેંચીને લેવો પડે. તેમાંય હાંફી જવાય તો છાતીમાં દુખાવા ની સંતાવના વધી જાય. ધબકારા ધમધમ ચાલવા લાગે. અહિં ઠેક-ઠેકાણે બોર્ડ લગાવેલા છે. થાકી જાવ તો વિશ્રામ કરો. પાણી વધુ વાપરો - લીંબુનો રસ પીઓ. એનર્જી ટકાવી રાખો.

અમારી એનર્જી તો આદીશ્વર દાદા. થોડીવાર બેઠા સ્વસ્થ થયા આગળ ચાલ્યા. ખુબ ધીરે-ધીરે ચલાતું હતું કેમકે રોડ ઉપર-ઉપર ચઢી રહ્યો હતો પગ ભરાઈ ગયા છે. થાકથી હવે તો જલ્દી બદ્રીનાથ આવે અને થોડાક દિવસ સાવ થાક ઉતારી દેવો છે. ઘણા દિવસથી પગ ચાલી રહ્યા છે. લગાતાર ૬ મહિનાથી પણ વધું સમય થયો. હવે તો આખું શરીર આરામ માંગે છે. હમણા તો ચાલવું જ રહ્યું.

જોશીમઠ ૪ કિ.મી. બાકી રહ્યું ત્યાં અમારે મુકામ થયો. લગભગ ૧૦ વાગે ઝરમર-ઝરમર વરસાદ ચાલુ થઈ ગયો. સાંજ સુધી વરસાદ ચાલુ જ રહ્યો. સારૂં થયું અમે ઠેકાણે પહોંચી ગયા પછી વરસ્યો. આજે સાંજે વિહાર નહિં થાય એવું લાગતું હતું પણ. ભલું થયું વરસાદ રહિ ગયો. વાતાવરણ તો હજુ ગોરંભાએલું જ હતું. ક્યારે વરસાદ થાય કહેવાય નહિં. અમે નિકળ્યા જોશીમઠ પહોંચ્યા. જોશીમઠ મોટું ગામ છે. બદ્રીનાથજી છ મહિના અહિં રહે છે. જ્યારે કપાટ ખુલે ત્યારે બદ્રીનાથમાં. અહિં નૃસિંહ અવતારનું મોટું મંદિર છે. કેટલાક પ્રાચીન મંદિર છે. વળી શંકરાચાર્ય ગાદી અને આશ્રમ પણ છે. જુદા-જુદા ત્રણ શંકરાચાર્ય છે. સૌ પોતાને આદિ શંકરાચાર્યના પટ્ટધર માને છે. એક બીજા થી દૂર રહેવાની કોશિશ કરે છે. તત્ત્વ શું હશે ભગવાન

જાણે અમે તો આગળ વધ્યા કાચા રસ્તેથી ચાલી વિષ્ણુ પ્રયાગ પહોંચ્યા. રસ્તો ખુબ ખરાબ હતો. નીચે ઉતરી ગયા પછી નક્કી કર્યું કે પાછા વળતા આ રસ્તે ન આવવું ભલે ૮-૧૦ કિ.મી. ફરીને આવવું હશે તો પણ તેમ જ આવશું. વરસાદ પડવાના કારણે કિચડ ખુબ છે. બાકી તો રોડથી ચાલો તો ૧૪ કિ.મી. થાય અહિં માત્ર ૪ કિ.મી. માં આવી ગયા.

વિષ્ણુ પ્રયાગમાં ધોલીગંગા સાથે અલકનંદા નો સંગમ છે. બન્ને ગંગા, બન્ને ધોળાપાણી વાળી, સંગમ થતા જ બન્ને એક બીજામાં સમાઈ જતી. ક્યાંય ભેદભાવ નહિં. સાધક સાધ્યની સાથે એકાત્મગત કઈ રીતે થાય તેનો અવલ સંદેશો આપતી આગળ દોડી જાય છે.

વિષ્ણુ પ્રયાગમાં અહિંના પુરોહિતે અમને એક ઓરડી આપી અમે બરાબર ૪ સાધુ સંથારો કરી શકીએ એટલી જ રૂમની લંબાઈ પહોળાઈ હતી. રાજુ-લાલભાઈ સંજુ તો બહાર રહ્યા. અહિં પગે ચાલીને જનારા બાવા જોગી ખુબ આવે છે. રાત્રિ વિશ્રામ કરી આગળ વધે કેટલાક ગાંજો ભાંગ પિનારા, કેટલાક દારૂ પિનારા, કેટલાક વળી જગ્યા માટે લડી પડે તો બીજા કોઈ કારણે વઢી પડે અહિં ના પુરોહિતે વાત કરી. સાચા સાધુ તો કોઈક જ આવે બાકી બધા આજીવિકા માટે સંન્યાસી બની ફરતા હોય છતા અહિં તેઓને રહેવા માટે વ્યવસ્થા છે. જમવા માટે કશું નથી. ચણાના લોટનો સાચવો તૈયાર હોય જેને જોઈએ તે લઈ જાય પાણીમાં ઘોળીને પી જવો. આજુ-બાજુ જંગલ છે. ઉંચા ઉંચા પહાડોની વચ્ચે આ નાનકડું મંદિર અને સંગમ ખુબ સુંદર લાગે છે.





### નીખીલપીઠ (પાંડુકેશ્વર)

જેઠ સુદ ૫, સોમવાર, તા. ૧૮.૬.૨૦૧૮

હવે તો માત્ર ૩૨ કિ.મી. બદ્રીનાથ બાકી છે. બે બાજુ ભીષણ મોટા-મોટા પહાડોને ભીંસીને અલકનંદા મેદાનો તરફ જવા દોડી રહી છે. ઉતાવળ નો કોઈ પાર નથી. ભેંકાર પડઘા પાડતી મોટા પત્થરો સાથે પછડાટ ખાતી નંદા કોઈ પહાડી સ્ત્રીની જેમ દોડી જાય છે. રસ્તો સતત ઉપર



ચઢાણ ચઢતો આગળ વધે છે. આવું ઉંચુ ચઢાણ તો આ પહેલા ક્યારેય નથી આવ્યું એમા પાછુ મોટા ડુંગરો માથા પર જ ઝળુંબ્યા છે. ડુંગરમાં ખાંચા પાડી ને રોડ બનાવેલો હોવાથી આપણા ઉપરતો ડુંગરનું છત્ર રહે, ક્યારે નીચે પડી જાય કંઈ કહેવાય નહિં. સતત ઉપર ધ્યાન રાખતા ચાલવું પડે. એમાંય વળી ભુસ્ખલ ક્ષેત્રના બોર્ડનું જંગલ ખડકાઈ ગયું છે. મનમાં ભયની વૃદ્ધિ કરનારા આ બોર્ડનો ગુનો નથી પણ રસ્તો જ એવો સાંકડો-ટુટેલો માંડ-માંડ એક ગાડી જઈ શકે તેવો છે. પગે ચાલીને



જનારાની સ્થિતિ તો જોવા જેવી થાય. અમે ધીરે-ધીરે સંભાળીને આગળ વધી રહ્યા છીએ ૭ કિ.મી. ચાલ્યા ત્યાં ગોવિંદ ઘાટ આવ્યું. ગામ તો ઘણું મોટું નથી પણ પાર્કિંગ ઘણા મોટા છે. હેમકુંડ સાહિબ અને ફ્લાવર વેલી જવાવાળા લોકોને વાહનો અહિં મુકવાના હોય, આગળ તો ચાલીને જ જવાનું હોય.

कुदरत की रंग छटा
से भीगा-भीगा
हिमालय...



बादलों का साम्राज्य...

અહિંથી ફ્લાવરવેલી ૧૮ કિ.મી. અને હેમકુંડ સાહિબ ૨૦ કિ.મી. થાય કહે છે. ફ્લાવરવેલીમાં ૩૦૦ જાતનાં વિવિધ જંગલી ફૂલો ઉગે છે. જોવા જેવું ક્ષેત્ર છે. અમારૂં મન પણ હતું કે ફ્લાવર વેલી જઈએ. પણ હમણા તો ગમે તેમ કરી પહેલા બદ્રીનાથ પહોંચવું છે. ફ્લાવર વેલી માટે ૧૮ કિ.મી. ચાલવાનું નહિં પણ ૧૫૦૦ ફૂટ ડુંગર ઉપર ચઢવાનું ભારી કામ હતું. જોઈએ, પગ સાથ આપશે તો



જઈશું. આગળ ચાલ્યા ત્યાં પાંડુકેશ્વર આવ્યું. અહિં યોગબદ્રીનું મંદિર છે. પદ્માસનમાં ચતુર્ભુજ વિષ્ણુની મૂર્તિ છે. બહાર રોડ પર ઘંટાકર્ણનું મંદિર છે હમણા બંધ છે. કારણ કે બદ્રીનાથનાં કપાટ ખુલે ત્યારે અહિંથી ઘંટાકર્ણવીરની મૂર્તિપણ તેમની સાથે લઈ જવાય. બદ્રીમંદિરની બાજુ માં જ ઘંટાકર્ણનું નાનુ મંદિર છે તેમાં છ મહિના પુજાય. પાછા અહિં પધરાવાય. એક કુબેરનું મંદિર છે એ પણ ૬ મહિના અહિં પૂજાય. અમે આગળ ચાલ્યા. દોઢેક કિ.મી. ચાલ્યા ત્યાં નિખીલપીઠ આશ્રમ આવ્યો. આજનો બસેરો અહિં છે આશ્રમ ખુબ મોટો છે અલકનંદા ના સામા કિનારે ઉંચા ડુંગર નજીક જ છે. આશ્રમના કંપાઉંડમાં જ એક ઉપાશ્રય જેવો જુદો હૉલ બનાવીને જ રાખ્યો છે અહિં ભૂતકાળમાં બે વખત સાધ્વી મ. એ ચાતુર્માસ

माथे पर लटकता पहाड़...



કરેલ છે. સ્થાન સરસ છે. આશ્રમમાં પદ્માવતીજીનું મંદિર છે. આશ્રમનાં મઠાધિશ રાહુલેશ્વરાનંદજી ભૂતકાળમાં જૈન સાધુ હતા એ પછી તેઓ અહિં આશ્રમ બનાવીને રહ્યા છે. હમણા તો અહિં નથી. એમના ૩-૪ શિષ્યો બધો કારભાર સંભાળે છે. સંતપ્રેમી માણસો છે. અહિંથી તો માત્ર બદ્રીનાથજી હવે ૧૯ કિ.મી. બાકી છે આવતી કાલે આદીશ્વર પ્રભુનાં ચરણોમાં પહોંચી જઈશું. કેટલા વરસે ભાવના સફળ થશે. પગ તો થાક થી ભરાઈ ગયા છે. છતાં જલ્દી પ્રભુ દર્શન ને ઇચ્છે છે. સાંજે વરસાદ ન હતો પણ ઠંડીનો ચમકારો પણ સારો હતો અમે ૪ વાગે નિકળ્યા. વાતાવરણ શીતાગાર થઈ ચુક્યું હતું. ચાલવા માંડ્યા એટલે થોડી ગરમી આવી. એક દોઢ કિ.મી. ચાલ્યા ત્યાં તો ભારે ભૂસ્ખલન ક્ષેત્ર ચાલુ થયું. રોડ તો હતો જ નહિં

**अनादिकाल से हिमालय को ये जलधाराएँ अभिषेक कर रही है।**



એમ કહો તો ચાલે. મોટા મોટા પત્થર ઉપરથી જ વાહનો આવ-જા કરતા હતા અમારે પણ ને ઉપર થી જ ચાલવાનું હતું. ચાલ્યા, ઉપરથી પત્થર ગબળતા ગબળતા પસાર થઈ રહ્યા હતા. ગાડી નો થોડો પણ અવાજ સંભળાય કે તેના પ્રતિઘાત થી આઘાત પામતા પત્થરો ક્યારે ગગળે કંઈ કહેવાય નહિં. જાણે તોપમાંથી ગોળા છુટતા હોય એટલા વેગથી નીચે ઘસતા આવી નદીમાં જઈ પડે. ખુબ સાવધાની પૂર્વક ચાલતા લગભગ ૨ કિ.મી. નું આપત્તિજનક ક્ષેત્ર પુરૂ કર્યું. થાકી ગયા. સાંજનો વિહાર ૧૦ કિ.મી. નો હતો. જાણવા પ્રમાણે આગળ સોર્ટકટ આવશે એમા ૩-૪ કિ.મી. ઓછું થઈ જશે એટલા માટે ચાલ્યા હતા. વાત સાચી જ હતી. ૪ કિ.મી. ચાલ્યા ત્યાં શોર્ટકટ રસ્તો

**घना जंगल और झरनों की झंकार**
**वातावरण को दिव्यता**
**का आभास कराती है।**




पांडुकेश्वर

बद्रीक्षेत्र के क्षेत्रपाल घण्टाकर्णजी के मंदिर का मुख्यद्वार - घंटाकर्ण मंदिर

આવી ગયો. એક દોઢ કિ.મી. ચાલ્યા ત્યાં તો છેક હનુમાન ચટ્ટીમાં હનુમાનજી ના મંદિર પાસે પહોંચી ગયા. રોડ તો ક્યાંય ફરીને આવેલો.

હનુમાન ચટ્ટીમાં રહેવા માટે બસ સ્ટેન્ડની પાછળ ૮'x૮' ની રૂમ મળી એમાં ૪ જણને સમાવવાના બાકી ૩ બહાર સુવાના હતાં. પરંતુ, બહાર ઠંડી ઘણી હતી. રૂમમાં ૬ જણ અને એકે




हनुमान चट्टी
हनुमान मंदिर

ગાડીમાં રાત્રી વિશ્રામ કર્યો. થાક સારો લાગ્યો હતો. એમ કહો ને રાતના જે પડખે સુતા એ જ પડખે સવારે ઉઠ્યા. ઘેરી ઉંઘ અને ઠંડીના કારણે પડખુ કોઈએ ફેરવ્યું નહિં હોય સવારે રૂમનો દરવાજો ખોલ્યો તો ધવલ ઉજાસ છેક રૂમમાં ફરી વળ્યો. આંખો ખુલે નહિં એટલો પ્રકાશ ચમકતો હતો. સામે સોનેરી હિમશીખરો ચમકી રહ્યા હતા. જાણે હજાર હજાર સોનાના સુરજ ઉગ્યા હોય તેવો ભાસ થતો હતો. થાય જ ને આજે અમને આદીશ્વર દાદાના દર્શન થવાના હતા. હવે રાહ-શાની જોવાની ?




નિકળી પડ્યા. ૧૦ કિ.મી. ચાલ્યા પણ ચઢાણનાં કારણે ૨૦ જેવા થઈ પડ્યા એમાંય. શોર્ટકટ રસ્તેથી ઓછું થયું બરાબર ૮.૩૦ વાગે અમે આદીશ્વર દાદાના દરબારમાં બેઠા છીએ. પ્રભુ ! આવી ગયા અમે આપના ચરમોમાં.

બદ્રીનાથમાં પ્રભુની અમીદૃષ્ટીની અમીધારામાં ઝીલવાનો પહેલો દિવસ અમારો જેઠ સુદ ૬, મંગળવાર, તા. ૧૯.૬.૨૦૧૮.

कहा जाता है कि भीम के अभिमान को दूर करने के लिये हनुमानजी ने वृद्ध बंदर का रुप लिया था। भीम उस बंदर की पूंछ भी नहीं उठा पाया। भीम का अभिमान चला गया। वही यह स्थान है - हनुमान चट्टी



रोड है या अजगर...

**બદ્રીનાથ**

જેઠ સુદ ૬, મંગળવાર, તા. ૧૯.૬.૨૦૧૮

આજે સવારે સોનાનો સુરજ ઉગ્યો. આદીશ્વર દાદાનાં ચરણોમાં બેઠા છીએ. સાડા આઠ વાગ્યા સુધી તો બદ્રીનાથ પહોંચી ગયા. ગામમાં પ્રવેશતા જ સૌ પહેલા



શ્વેતામ્બર જૈન ધર્મશાળા આવે. આ જ તો અમારૂં લક્ષ્ય હતું. અમે પહોંચ્યા ખુબ ભાવથી પ્રભુને ભેટ્યા. અહિંના મેનેજર અમિતભાઈ પણ હાજર જ હતા. અમે હોલમાં રહેવાનું પસંદ કર્યું. અમિતભાઈ એ કહ્યું હોલમાં ઠંડી ઘણી લાગશે. રૂમમાં રહો. પણ અમને હોલ વધુ અનુકૂળ લાગ્યો.

બદ્રીનાથ ગામની ચારે બાજુ પહાડ બરફથી ઢંકાએલા છે. ઉપાશ્રયની આગળ-પાછળ શિખરોપર બરફ જામેલો છે. અહિં બેઠા-બેઠા બારીમાંથી દેખાય છે. ઠંડી તો હતી જ.

**मैं बुढ़ा हुआ तो क्या हुआ,**
**सदियों से यहीं खड़ा हूँ,**
**असंख्य गंधर्वकन्यायों की निर्दोष**
**क्रीडा मैंने देखी है। तुम सुनो तो**
**सदीयों पुराना इतिहास सुना सकता हूँ।**



પહેલી મુલાકાત અમિતભાઈ સાથે થઈ બદ્રીનાથ-માણા-આસ-પાસ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ નો પરિચય મેળવ્યો. જિનાલયમાં કામ બંધ અંગે કેટલીક વાત તેઓએ કરી. આવતી કાલે સવારે બદ્રીનાથ માં મૂળપ્રતિમાનાં દર્શને જવાનું નક્કી કર્યું. સમય આપ્યો સવારે ૪.૦૦ વાગ્યાનો આજે તો પ્રભુભક્તિ કરીને થાક ઉતારવાનું જ વિચાર્યું.

મુંબઈથી અનિલભાઈ પરિવાર સાથે આવી પહોંચ્યા છે તેમની સાથે જ ટોકરશીભાઈ આઘોઈવાળા મિત્રમંડલી સાથે આવ્યા છે. ગણપતભાઈ કિશનગઢવાળા અને વસંતભાઈ

**बद्रीनाथ क्षेत्र का**
**एक स्तुप...**



ઉડીસાવાળા પણ ૧૦-૧૨ દિવસ રહેવા આવી પહોંચ્યા છે. વાતાવરણમાં આનંદ સમાતો નથી. આકાશ તો વાદળ થી ભરેલું છે. જોકે વરસાદ નથી.

બીજા દિવસે સમયસર અમે બદ્રીમંદિર પહોંચ્યા. ફૂલમાલા આદિ આવરણ દૂર થયા ત્યારે પ્રભુ પ્રતિમા પ્રગટ થઈ. લગભગ ૧૧ ઇંચનાં શ્યામવરણ પદ્માસનસ્થ પ્રભુ બિરાજ્યા છે. લગભગ ૧૦ મિનિટ સુધી અને બરાબર ધારીને દર્શન કર્યા. પ્રભુનું મુખ ઘસાઈ ગયું છે અથવા

हम हारनेवालों में से
नहीं है ।



ખંડિત થઈ ગયું છે. પ્રતિમાનો આકાર માત્ર દેખાય છે. લગભગ આખું બીંબ ઘસાઈ ગયું છે. મુનિ પ્રિયંકરવિજય લેખિત 'हिमालय दिग्दर्शन' પુસ્તકમાં બદ્રીનાથજીનો ફોટો આપેલો છે જે સ્પષ્ટ જૈન તીર્થંકરની પ્રતિમા છે. શ્યામ આદીશ્વર પ્રભુના પ્રતિમાજી હોય તેવું સ્પષ્ટ લાગે છે. વિ.સં. ૧૯૯૫માં બદ્રીનાથ આવેલા મુનિ પ્રિયંકરવિજયજી લખે છે

**चकाचौंध करे,**
**ऐसी रोशनी करते**
**ये रजतगिरि के श्वेत शिखर**
**मन को लुभाये रखते हैं।**



કે - બદ્રીનાથના મંદિર પરિસરમાં દોઢ ફૂટ ઉંચી કાઉસગ્ગ મુદ્રામાં એક પ્રતિમા છે. અભિષેક લગભગ ૨ કલાક ચાલ્યો. કોઈ પણ વ્યક્તિ આ વખતે પ્રભુના દર્શન કરી શકે મુખ્ય મંદિરની જમણી બાજું ઘંટાકર્ણ વીરનું મંદિર છે જે અહિના ક્ષેત્રપાલ મનાય છે. એક તરફ આદ્યશંકરાચાર્યની ગાદી છે. મુખ્યદ્વાર માં પ્રવેશ કરતા જ બે પુરોહિતો અભ્યાગતોને ચાંદલો કરીને ભંડાર માં પૈસા પૂરવાનો આગ્રહ કરી રહ્યા છે. અધિકાંશ યાત્રાળુઓ તો આંધ્રપ્રદેશ કર્ણાટક તમિલનાડુ ના છે. બાકી તો

ब्राह्मी का पौधा
बद्रीक्षेत्र में




ઘણા ઓછા છે.

બદ્રીનાથ એટલે ''બદ્રીવૃક્ષ નીચે પદ્માસનસ્થ બદ્રીનારાયણ વિષ્ણુમૂર્તિ'' હમણા તો કંઈ બદ્રીનું વૃક્ષ નથી 'બદ્રી' નો અર્થ જો બદરી-બોરડી કરતા હોય તો એ અયથાર્થ

**आखिर पहुंच ही गये, बरसों से जिसकी चाह थी...**




થશે કારણ કે આખા હિમાલયમાં ક્યાંય બોરનાં વૃક્ષો છે જ નહિં. બદ્રી નામનું કોઈ બીજુ વૃક્ષ હશે. બૌદ્ધો બદ્રીનારાયણની મૂર્તિને બુદ્ધપ્રતિમા માને છે. વળી બદ્રીનાથનાં મૂળગર્ભગૃહમાં એક બુદ્ધપ્રતિમા પણ છે. બાકી કાળા પત્થરનું સામાન્ય મંદિર છે. મુખ્યદ્વાર લાકડાના કોતર કામવાળું ભવ્ય છે. ફ્રન્ટ એલીવેશન ખુબ સરસ લાગે છે.

**बद्रीनाथ १ कि.मी. बाकी**




बहुत थक गये,
चलो थोड़ा विश्राम कर लें।

આખાય કંપાઉન્ડમાં લાકડાની ટાઈલ્સ લગાવી છે. સવારે મહાઅભિષેકનો લાભ લેવો હોય તો ૪૩૦૦/- રૂપીયા પ્રતિ વ્યક્તિદીઠ ચાર્જ છે. જે ૪.૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધી મંદિર માં જ બેસીને ૫૦ જણ માટે V.V.I.P. કાર્ડવાળા માણસો માટે છે. મંદિરની આગળ જ અલકનંદા વહી રહી છે. મંદિરની એક બાજુમાં ગરમપાણીનાં કુંડ છે. ત્રીજો,




ये है बद्रीक्षेत्र का
चिह्न और
बद्री क्षेत्र का नारा

ચોથો દિવસ પણ પરમાત્માની પાસે જાપ-ધ્યાન-ભક્તિ કરવામાં વિતાવ્યો અહિંનાં હાથ બનાવટની કામળીઓ સરસ હોય છે. હિમાલયનાં બકરાનાં ઉનની એક કામળી ગમે તેવી ઠંડી રોકવા સમર્થ છે. તાપમાન ૫ ડિગ્રીથી લઈ ૧૦ ડિગ્રી હોય તો પણ એક કામળી જ ઠંડી રોકી છે. અહિં એક વૃદ્ધવૈદ્ય છે. નિર્દોષ અને કામયાબ દવા આપે છે. હિમાલયની



जडी बुट्टीओना प्रभावना सारा जाणकार छे. एनी मुलाकात पण अमे लीधी.

बाकी तो ठंडी घणी छे. उपाश्रयमांथी क्यांय बहार जवानुं मन थतुं नथी, एमांय आटला दिवसनो थाक थोडाक ओछो थयो छे.



કહેવાય છે કે હિમાલયમાં બદ્રીનાથના ૭ મંદિરો છે.

૧. નર-નારાયણ પર્વતમાળાની વચ્ચે બદ્રીનાથનું મંદિર જ્યાં હમણા અમે છીએ.

૨. પાંડુકેશ્વરમાં યોગબદ્રી

૩. ભવિષ્યબદ્રી

युगाधिदेव ऋषभदेव भगवान
जिनके श्री चरणों से
असंख्य बार ये हिमालय
पवित्रता का महापुंज बना ।



૫. વૃદ્ધબદ્રી જે અણીમઠમાં છે હરિદ્વારથી બદ્રીનાથ આવતા જોષીમઠથી ૮ કિ.મી. પહેલા આવે છે. અમે જોષીમઠ આવ્યા ત્યારે આ વૃદ્ધબદ્રીની મુલાકાત લેતા આવ્યા હતા. કહેવાય છે કે બદ્રીનાથજી પૂર્વકાળમાં અહિં બીરાજતા હતા. હમણા બદ્રીનાથમાં બીરાજે છે.
૬. ધ્યાનબદ્રી ઉરગમ વેલીમાં છે.
૭. આદિબદ્રી કર્ણપ્રયાગથી ૧૯ કિ.મી. દૂર છે.

હિમાલયમાં વિહરવાનો આનંદ જ અનોખો છે. જો કે હમણા તો ધરતી ઉપર બળબળતો ઉનાળો તપતો હશે. અહિં તો ગરમીનું નામ નિશાન નથી. ભરબપોરે પણ જાડી કામળી ઓઢીને તડકે બેસવું પડે. એ તો સારૂં હતું ઉપાશ્રય હૉલની પાછળ જ બેસાય તેવી સારી જગ્યા હતી અને અહિંથી છેક માણા સુધી મનભાવન દૃશ્ય-પાન કરી શકાતું હતું. એક તરફ નર પર્વત અને બીજી તરફ નારાયણ પર્વત. બન્નેના શિખરો વાદળોથી સંતાકુકડી રમતા હતા. બદ્રીક્ષેત્ર મંદરાચલ પર્વતની ગોદમાં છે.

**बद्रीनाथ जैन धर्मशाला**
**के पीछे मुनिवृंद ।**
**जिनमंदिर का कार्य अभी स्थगित है ।**



શિખરો ઉપર બરફ જામેલો છે. જો કે ઘણો બધો ઓગળી ગયો છે. આજે પણ સવારે ૪ વાગે બદ્રીનાથ મંદિરમાં જઈ આદીશ્વર પ્રભુના દર્શન કર્યા હતા.

બદ્રીનાથમાં રહેવાનું ખૂબ મન થાય પણ હવે એક બે દિવસમાં નીકળવું જ પડશે. પણ 'પાછા એક વાર વધુ દિવસો સુધી રોકાવા માટે અહિં આવવું અને ખરેખરો હિમાલયને માણવો.' એવો નિશ્ચય કર્યો. બદ્રીનાથ ક્ષેત્રમાં જ ઘણા ક્ષેત્રો છે. જેની સ્પર્શના કરવા જેવી છે. જેમકે સ્વર્ગારોહણ - નિલકંઠ પર્વત - નાભીરાજાના ચરણ પાદુકા - વ્યાસગુફા વિગેરે.

હિમાલયની તાજી યાદોને મનમાં મમળાવતા અને ભવિષ્યમાં બદ્રીનાથ આવીશું ત્યારે શું કરશું ? તેના વિકલ્પો કરતા અમારો દિવસ પસાર થયો.

बद्रीनाथ मंदिर के प्रांगण में...



निलकंठ पर्वत का
अद्‌भुत नजारा...

**માણા**

**જેઠ સુદ ૧૧, શનિવાર, તા. ૨૩.૬.૨૦૧૮**

નર અને નારાયણ પર્વતમાળાની વચ્ચેથી આજે સવારનાં પહોરમાં જ માણા ગામ તરફ અમે પ્રયાણ કર્યું. ત્યાં ડાબી બાજુનું નીલકંઠ શિખર ઝળાહળા થઈ રહ્યું હતું.



ગંગાજળની સુવર્ણરજત પતરાંવડે મઢ્યું ન હોય એવાં રમણીય શૃંગને જોતા-જોતા અમે આગળ વધ્યા. ૩ કિ.મી. ચાલ્યા ત્યાં તો માણા આવી ગયું. અમારે જવું હતું 'માતા મંદિર' તે પહેલા 'ભીમપૂલ' - સરસ્વતી નદી ની મુલાકાત લઈ લેવી. અહિંથી થોડુંક ઉપર ચઢ્યા ત્યાં સરસ્વતી સાથે અલકનંદા ના સંગમ નાં દર્શન થયા. બસ સરસ્વતી તો અહિં સુધી જ આવે છે. આગળ તો બહુ દૂરથી આવતી હશે તેવું, પાણી અને પ્રવાહ જોઈને સ્પષ્ટ લાગે છે. અમે ભીમપૂલ પહોંચ્યા

शब्दातीत सौंदर्य
अलकनंदा के साथ





મહાકાય શીલા સરસ્વતી ઉપર પૂલ બનીને આડી પડી હતી. કહેવાય છે કે પાંચ પાંડવો જ્યારે અહિંથી સ્વર્ગારોહણ ગયા ત્યારે સરસ્વતી ને પાર કરવા આ મહાશીલાપૂત્ર અહિં ભીમે મુકેલો. તેથી આ પૂલને ભીમપુલ કહેવાય છે. હિન્દુઓમાં એકવાત અજબની છે જે



કોઈ મહાકાય પ્રતિમા કે વસ્તું કાંઈ પણ મળે તે બધું ભીમના નામે નોંધાઈ જાય જેમકે પાલીતાણા અદબદજી આદીશ્વર પ્રભુની મહાકાય પ્રતિમાને અજૈનો ભીમની મૂર્તિ માને છે એથીજ' ભીમ અગ્યારસના દિવસે (જે.સુ.૧૧) બધા અજૈનો અદબદજી યાત્રા કરવા જાય ત્યાં ગર્ભદ્વાર તો બંધ હોય તેથી જોરથી ચીલ્લાવે 'ભીમ ભીમ ગોળ ખાસો કે ઘી' ત્યારે સામેથી પ્રતિઘોષ આવે 'ઘીડડડ' આ સાંભળી ને બધા એમ કહે 'ભીમ ઘી ખાસે' થોડીક ગમ્મત કરી બધા પાછા આવે પાલીતાણા

अप्सराओं की क्रीड़ा स्थली



ગિરિરાજ માં જ એક પોલાપાણા કરીને ક્ષેત્ર છે. ત્યાં પણ અજૈનોમાં એવી વાતો પ્રસરેલી છે કે ભીમ પાંચીકે રમતો એના પાણા અહિં પડ્યા છે, જોકે પત્થર તો ઘણા પડ્યા છે અમે નજરે જોઈને આવેલા પણ તેતો ગિરિરાજ પરથી ગબળેલા સેંકડો પત્થરો છે. એમાં વિશેષ કાંઈ નથી છતા 'ભીમના પાંચીકા' અહિં છે એમ કહીને લોકોકિતઓ સારી ચાલે છે. કોઈ જગ્યાએ ભીમની ગદા જોવા મળે તો ક્યાંક વળી ભીમની ઘંટી જોવા મળે. ક્યાંકવળી ભીમે બનાવેલું તળાવ કે વાવડી જોવા મળે. અહિં

ऊँचे पहाड़ों पर
गांधर्वों की क्रीडा स्थली में
बालयात्री हर्षित




ભીમનો પૂલ જોવા મળ્યો. અરે પાંડવો સાથે પણ એમ જ થયું છે કોઈ પણ ડુંગરમાં ગુફા જોવા મળે કે તરત જ નામ આપી દે પાંડવ ગુફા ભલે કર્ણાટક હોય કે તમિલનાડુ, ગુજરાત-રાજસ્થાન-ઉત્તરાખંડ-મહારાષ્ટ્ર - કદાચ કોઈ પ્રદેશ બાકી નહિં હોય કે જ્યાં

चलना है ?
फुलों की घाटी...
मात्र १७ कि.मी. दूर है
यहाँ से...



श्वेत रजत पुंज...

પાંડવગુફા જોવા ન મળે. અને બધાની સાથે એક આશ્ચર્યકારી ઇતિહાસ લખાઈ જાય અહિં પાંડવો વનવાસ રહ્યા હતા. અહિં પાંડવો એ સાધના કરી હતી વિગેરે વિગેરે. જે હોય તે આ બધી વાતો લોકમુખની છે.



पांच पांडवो आसो सुद १५ नां दिवसे श्री सिध्धाचल गिरिराज पर २० करोड महामुनिओ साथे मोक्षे पधार्या आ तो जैन जगतमां जाहेर छे. वळी नवटुंकमां पांडवोनुं जिनालय छे तेमां पांच पांडव - कुंति अने द्रोपदीनी मूर्तिओ पण छे.

नदीयाँ !!!
जहाँ पानी नहीं
बादल बहते हैं।




**बोर्ड में है - Change your Mind,**
**Change your Heart,**
**Give conservation a fresh Start**
**D.F.O.**
**बेकग्राउंड में पहाड़ी रस्ते देखो जिससे यात्री चलकर हिमालय की यात्रा करते हैं।**

અહિં પણ ભીમપૂલ થી થોડા ઉપર જતા દ્રોપદીનું મંદિર છે. નાની ટેકરી પર હોવાથી વધારે સુંદર લાગે છે ચારે બાજુ મોટા-મોટા લીલાછમ આકાશે અડતા પહાડો. અને નીચે અલકનંદા અને સરસ્વતીનો સંગમ. આ સુંદર દશ્યોના સાગરમાં અમે ખુબ



पावर्ती बुढ़ीया

ડુબકી લગાવી. ત્યાંથી અમે આગળ વધ્યા નહિં. આગળ વસુધારા - સ્વર્ગારોહણ આદિ સ્થાનો છે. અતિદુર્ગમ અને આહ્‌લાદક. સ્વર્ગ ને પણ શરમાવે તેવી સૃષ્ટી ત્યાં છે. અમે જઈ શક્યા નહિં દિવસ ઓછા છે. ચાલવાનું ઘણું છે. અને પગ થાક્યા છે. ભીમપૂલ



जंगल का एक
मजेदार फूल

નીચે સરસ્વતીનું પ્રાચીન મંદિર છે. એક શીલા નીચે કલ્કી અવતાર ની મૂર્તિ હમણા થોડા વર્ષો પૂર્વેજ સ્થાપના કરી હોય તેવું લાગે છે. પત્થરમાંથી એક નાનું વહેણ આવે છે. ઉપર લખ્યું છે 'માનસરોવર કા પાણી' થોડાક આગળ ભારતની છેલ્લી દુકાન આવે છે. બસ



ત્યાં થી પાછું વળવાનું અહિં થી ૬૦ કિ.મી. તીબેટની બોર્ડર આવી જાય. ૨૦ કિ.મી. સુધી રોડ છે. માત્ર મીલેટરી વાહનો ચાલે. આગળ બોર્ડર પર જવા માટે હેલીકોપ્ટર નો ઉપયોગ થાય. જો કે બીજા કોઈને જવાની પરવાનગી નથી. માણાથી સતોપંથ-ચંદ્રકુંડ-સુર્યકુંડ-સ્વર્ગારોહણ આદિ જવા માટે પણ પરમીશન લેવી પડે પછી જ જઈ શકાય. જો કે બદ્રીનાથ સુધીનો નજારો તો ધરતી નો હતો પણ સ્વર્ગ નો સાક્ષાત્કાર તો માનવરહિત નિર્જન ક્ષેત્ર માણાથી આગળ વધો

**हिमालय का नजारा कुछ हटके**
**मुनि रत्नयश विजयजी**

*- माणा पर्वतमाला*



તો જ થઈ શકે.

સૌ પાછા 'માતા દેવી મંદિર' જવા માટે નિકળ્યા વચ્ચે ઘંટાકર્ણ મહાવીર મંદિર થઈને અલકનંદા પર ઝુલતા પુલ ને પાર કરી છફૂટી માં ચઢાણ ચાલું થયું. માતા મંદિર છે તો માત્ર ૧ કિ.મી. પણ નાકે દમ લાવી દીધો. હર્ષિત-રાજુ-ગણપતભાઈ-વસંતભાઈ તો ભારી ભરખમ માણસો વધારે આરામની જરૂર પડી. પણ બધા આનંદ કિલોલ કરતા ચઢ્યા. છેવટે ૧૦.૦૦ વાગે અમે માતા મંદિરનાં પ્રાંગણમાં પહોંચ્યા.

**पापा की गोद में**
**बेटी को दुलार**
**नटखट गंगा पर्वतराज**
**की गोद में...**



આ જ મરૂદેવા માતાનું મંદિર. શ્યામલદ્યુતિ પ્રતિમાનું માત્ર મુખ દેખાતું હતું બાકી આખી મૂર્તિ તો શણગારથી સજેલી હતી. અહિં મરૂદેવીજી માણાદેવી કરીને પૂજાય છે. લગભગ અડધો કલાક સુધી પરમાત્માની માતાજી નાં સાન્નિધ્યમાં રહી અમારી વળતી યાત્રા પ્રારંભ થઈ. હવે જવું છે નાભીરાજાની ચરણપાદુકાનાં દર્શને. અહિંથી ૪ કિ.મી. બદ્રીનાથ મંદિર સુધી સમતલ રસ્તો છે અને તે પછી ૨ કિ.મી. ઉપર ચઢવાનું છે. અમે ચાલ્યા અનેક રંગબેરંગી નાના-મોટા ફૂલોની ચાદર

कल्कि अवतार ।
नीचे एक छोटी धारा बह रही है,
कहा जाता है कि यह धारा सीधी
मानसरोवर से आती है,
यहाँ आकर सरस्वती नदी से मिलती है ।



माँ सरस्वती हिन्दुस्थान का
अंतिम सरस्वती मंदिर में
(माणा)

ઓઢેલા ઢોળાવો વચ્ચેથી ચાલતી સીમેન્ટની છકૂટીએ અમને છેક બદ્રીનાથ મંદિર સુંધી પહોચાડી દીધા.




આજે તો મંદિરમાં માણસો નો કોઈ પાર નહિં, ખબર નહિં કોઈ પર્વ દિવસ હશે. ઘડીયાલમાં ૧૨ વાગું વાગું થઈ રહ્યા હતા. પગ તો પાકીને હાથી થઈ ગયા હતા. નાભીરાજાનાં પગલીયા જવા માટે ૨ કિ.મી. સીધુ ચઢાણ ચઢવાનું હતું. વિચાર્યું હમણા નથી જવું. બપોર પછી વાત. બધાના ચહેરા ખીલી ગયા. બધા એકમત થઈ પાછા ૧ કિ.મી. ચાલી ધર્મશાળા આવી ગયા. એ પછી તો 'મં મં' ની તૈયારીઓ શરૂ કરવામાં આવી. અહિં કંઈ ભોજનશાળા ચાલુ નથી. સાથે

**भारत की चीन सरहद पर**
**सरस्वती माता मंदिर - माणा - बद्रीनाथ**
**यहाँ से कुछ दूर ही**
**भारत की सरहद समाप्त होती है।**




हिन्दुस्तान की
अंतिम दुकान
माणा

આવેલ માણસો જ બધુ બનાવે અને વાપરે. માણસો તો બધા અમારી સાથે હતા. એક લાભભાઈ આવ્યા ન હતા. અમારા ગયા પછી ખબર પડી કે થોડી-થોડી તૈયારી ચાલુ થઈ ગઈ છે. એકાસણા ને ન્યાય આપતા ૩ વાગી ગયા. હવે તો અશક્તિ હજુ વધી ગઈ.




ચરણ પગલે જઈ શક્યા નહિં. જો કે ઠંડી પણ ઘણી હતી. ગઈકાલે હર્ષિત અને તેના મમ્મી-પપ્પા વિજયવાળા થી આવ્યા હતા. એક દિવસ રોકાયા. એટલી બધી ઠંડીનાં કારણે બીજા દિવસે સવારે વિદાય થયા, હર્ષિત સાથે જ છે. ખુબ મજા આવે છે.

બસ આવતી કાલે તો પાછા દિલ્હી તરફ પ્રયાણ કરવાનું છે. સાંજે તો આદીશ્વર દાદાની ખુબ ભક્તિ કરી. અમિતભાઈ સાથે પણ ઘણી વાતો થઈ. સ્થાનિક લોકો સંબંધી - વ્યાપાર સંબંધી અહિં મળતા નકલી શીલાજીત-કેશર-હિંગ-રૂદ્રાક્ષ સંબંધી. અમિતભાઈએ આમંત્રણ આપ્યુ પાછા

**क्षेत्रपाल घण्टाकर्णाजी मंदिर**
**माणा**



વહેલા પધારજો. વધારે રોકાવા માટે આગ્રહ કર્યો પણ - હજુ દિલ્હી દૂર છે. ૫૦૦ કિ.મી. ચાલવાનું છે. ઉપર વરસાદ ઝળુંબી રહ્યો છે. ઠંડી હોય કે ગરમી વિહાર થઈ શકે. વરસાદ માં ચાલવું તો અશક્ય છે. માટે હવે જલ્દી પગ ઉપાડીએ તો સારૂં.

આ રીતે બદ્રીનાથમાં આદીશ્વર દાદાની છત્રછાયામાં ૬ સુવર્ણ દિવસો વિતાવી વળતા દિવસે અમે દિલ્હી માટે પ્રયાણ કર્યું.

**'પુનરાગમનાય ગમનમ્'**

**घण्टाकर्णावीर की मूर्ति**
**माणा**



બદ્રીનાથથી એક શુભ દિવસે અમે પ્રસ્થાન કર્યું. હિમાલયની યાદો લઈને. શરીર તો ખરેખર થાક્યું હતું. નંદુરબાર (મહા.) ચોમાસું કરીને તરત વિહાર કર્યો હતો. સાત મહિનાથી સતત ચાલી રહ્યા છીએ. ૩૫૦૦ કિ.મી. ચાલી લીધું છે હજુ દિલ્હી પહોંચવાનું છે. ૫૦૦-૭૦૦ કિ.મી.થી પણ વધુ બાકી છે. પણ હવે તો હિમાલયથી નીચે ઉતરવાનું છે, એટલું સારૂં.

તો અમે પહેલા જ દિવસે ૨૩ કિ.મી. ચાલીને પાંડુકેશ્વર આવ્યા. થોડો વિશ્રામ કરી સાંજે વિષ્ણુપ્રયાગ પહોંચ્યા. હમણા થોડાક દિવસ પહેલા

सरस्वती नदी के तट पर
सरस्वती मंदिर में
सरस्वती देवी की
प्राचिन प्रतिमा



सरस्वती नदी में
उतरते यात्रीगण

જ આવેલા વસંતભાઈ ઉડિસાવાળા અને ગણપતભાઈ કિશનગઢવાળા પહેલા દિવસનો ૩૪ કિ.મી.નો વિહાર કરીને અમારી સાથે જ પહોંચ્યા પણ આ અનુભવ આખી જીંદગી યાદ રહે તેવો થયો. બીજા દિવસે વિષ્ણુપ્રયાગથી જોષીમઠ આવવા માટે ઉપર ચઢાણ ચઢવાનું હતુ. પણ રસ્તામાં આવતા સફરજનના બગીચાઓ એ અમારો થાક ક્યારનો ઉતારી દીધો. મોટા




मरुदेवा माता मंदिर एवं
श्री मातृ कुटीर

મોટા લીલાછમ સફરજનથી લચી પડેલા વૃક્ષોના બગીચા ખરેખર સુંદર દૃશ્ય ઉભું કરતા હતા. હિમાલયમાં સફરજન-અખરોટ-આલુબુખારા-આળુ જેવા હિમાલયી ફળોના વન હોય છે. ગુજરાત - રાજસ્થાનમાં જે રીતે યત્ર તત્ર બાવળીયા જોવા મળે તે રીતે હિમાલયમાં આવા ફળવૃક્ષો જોવા મળે. જે થાક્યાનો થાક ભુલાવે ભુખ્યાની ભુખ મટાવે.



હિમાલયની એક ખાસીયત ભુલાય તેવી નથી. હિમાલયમાં કાંટાવાળી વનસ્પતી ઉગતી નથી. એકાદ બે છોડવાને છોડીને ક્યાંય કાંટો જોવા નહિં મળે. દિવ્યભૂમિની આ જ તો પ્રભાવકતા હોય છે. વિહારમાં આગળ વધતા ચમોલી - રુદ્ર પ્રયાગ - પૌડી થઈ કોટદ્વાર હિમાલયની તળેટીએ આવી પહોંચ્યા. જેવો ધરતી ઉપર પગ મુક્યો કે સુરજ મા'રાજનું સામ્રાજ્ય સોળે કળાએ ખીલી ઉઠયું. બળબળ તો ઉનાળો અમારી તપસ્યાને વધુ તેજસ્વી બનાવી રહ્યો હતો. દિલ્હી હવે ઘણું દૂર નથી છતા કેવી રીતે પહોંચીશું ? જુલાઈ મહિનાનું બીજુ અઠવાડીયુ વ્યતિત થઈ રહ્યું છે. પણ વરસાદનું વાતાવરણ હજુ દેખાતું નથી.

**श्री ऋषभदेव की माता**
**मरुदेवी का एक मात्र मंदिर**
**मातृदेवी मंदिर में माता मूर्ति**



કોટદ્વારની હસ્તિનાપુર આવી ઘણો થાક ઉતાર્યો. હસ્તિનાપુરમાં ચાર દિવસ રોકાઈને શ્રી શાંતિનાથ દાદા અને શ્રી આદીશ્વર દાદાની ખૂબ ભક્તિ કરી. એક શુભ દિવસે અમે દિલ્હી આવી પહોંચ્યા. ચાતુર્માસ પ્રારંભ થવાને ૨ - ૩ દિવસની વાર હતી. દિલ્હી માનસરોવર ગાર્ડન - શ્રી મંડાર સંઘમાં ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો. આજથી લગભગ સાડા ત્રણ મહિના પૂર્વે અમે દિલ્હી આવ્યા હતા અને આજે દિલ્હી આવ્યા છીએ. ફરક એટલો જ કે આજે હિમાલયની યાત્રા કરીને આવ્યા. ૧૫ થી ૨૦ કિલો વજન બધાનું ઉતરી ગયું છે. એટલે કે એટલા હળવા થઈ ગયા છીએ.

હિમાલયની યાત્રા યાદ રહેશે...

વંદના આદિનાથ દાદાને
વંદના અષ્ટાપદ ગિરિવરને....

**सरस्वती नदी के उपर**
**भीम पुल**







# • હસ્તિનાપુરથી ચાર ધામ યાત્રા કરી હસ્તિનાપુર વિહાર રૂટ •

:: હસ્તિનાપુરથી (ઉ.ખંડ પ્રા.) રાવલીથી મંડાવરથી સુલતાનપુરથી હરિદ્વાર ::

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| હસ્તિનાપુર | | | | | ---- |
| રામરાજ | ૧૩ | ✗ | ✓ | ✓ | ઘરમાં |
| શર્મા ગોશાળા નહેર પર આલમપૂર | ૮ | ✗ | ✗ | ✗ | રાત્રી વિશ્રામ |
| રાવલી | ૧૮ | ✗ | ✗ | ✗ | ---- |
| સહેજાદપુર | ૧ | ✗ | ✗ | ✗ | ---- |
| મહમદપુર | ૨ ॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| મંડાવર | ૩ | ✗ | સ્કુલ | ✗ | મંદિર |
| તીમરપુર | ૩ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| બહાદુરપુર | ૩ | ✗ | ✗ | ✗ | સાર્વ. ભવન |
| ખીસ્ની | ૬ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| બાલાવલી | ૩ ॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| ડુમ્મનપુર | ૪॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| કુડી ભગવાનપુર | ૧ ॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| રાયસી | ૨ ॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| દરગાહપુર | ૧ ॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| પુરવાલા | ૧ ॥ | ✗ | ✗ | ✗ | ---- |
| ઈસ્માઈલપુર | ૨ | ✗ | ✗ | ✗ | ---- |
| સુલતાનપુર | ૩ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| ભટ્ટીપુર | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| શેરપુર | ૧ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| ધરિવાલા | ૧ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| શાહપુર | ૧ ॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| પદાર્થા | ૩ ॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| ધનપૂરા | ૧ ॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| ફેરૂપુર | ૧ ॥ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| નરૂપુર પંજનહેડી | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| કનખલ | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| હરકી પૌડી | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| હરિદ્વાર | ૫ | ✗ | ✓ | ✗ | ---- |
| :: હરિદ્વારથી ઋષિકેશથી નરેન્દ્રનગરથી ચમ્બાથી યમુનોત્રી :: | | | | | |
| રાયવાલા | ૬ | ✓ | સ્કુલ | ✗ | ---- |
| શ્યામપુર | ૫ | ✗ | દિગં. | ✗ | ---- |
| ઋષિકેશ | ૮ | ✓ | ✓ | ✓ | ---- |
| નરેન્દ્રનગર | ૧૬ | ✗ | ✗ | ✗ | ચઢાણ ચાલુ |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| કુંજાપુરી હનુ. મંદિર | ૭ | ✗ | ✗ | ✗ | જયવીરલાલ સૌયદિવી મંદિર |
| દુઆધાર | ૨ | ✗ | ✗ | ✗ | ---- |
| જુગતર | ૨ | ✗ | ✗ | ✗ | ---- |
| આગરાખાલ | ૧ | ✗ | ✗ | ✗ | ---- |
| કપોટ | ૬ | ✗ | ✗ | ✗ | ---- |
| હોટલ કુંજાપુરી તાછેલા | ૧ ll | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસમાં રૂમ |
| જાજલ | ૬ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| ખાડી | ૨ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| આમસેરા | ૨ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| નાગની | ૨ | ✗ | ✗ | ✗ | ભરત મંદિર |
| સાંબલી | ૬ | ✗ | ✗ | ✗ | મૃત્યુંજય મંદિર |
| ચમ્બા | ૬ | ✗ | ✗ | ✗ | મંદિર |
| કોટ | ૪ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| ધારકોટ | ૪ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| તોપવાલ રેસ્ટો. | ૧ | ✗ | ✗ | ✗ | રૂમ |
| કિરગાની | ૩ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| રામગઢ | ૩ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| કાંડીખાલ | ૩ | ✗ | ✗ | ✗ | મંદિર |
| કિલ્લીખાલ | ૩ | ✗ | ✗ | ✗ | મંદિર |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| રત્નોગઢ | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| કુનેર પટવારી ચોકી | ૬ | ✗ | ✗ | ✗ | હોલ |
| કમાંદ | ૯ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| સ્યાંસુ | ૧૩ | ✗ | ✗ | ✗ | ---- |
| કન્ડિસૌડ | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| જસપુર | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| ચિન્યાલી સૌડ | ૧૪ | ✗ | ✗ | ✗ | ઈન્ટર કોલેજ |
| ઘરાસુબેંડ | ૮ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| દેવીધાર | ૮ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ રતન પેલેસ |
| કુંડા | ૫ | ✗ | ✗ | ✗ | મહર્ષિ આશ્રમ |
| શંકર મંદિર | ૩ | ✗ | ✗ | ✗ | મંદિર |
| ઉપલીનાકુરી | ૨ | ✗ | સ્કુલ | ✗ | જંગલમાં ચઢાણ |
| ગચ્બરસાલી | ૧ | ✗ | સ્કુલ | ✗ | જંગલમાં ચઢાણ |
| મરાડી સીંગોડા | ૫ | ✗ | ✗ | ✗ | જંગલમાં ચઢાણ |
| હનુમાન ઝુંપડી | ૧૦ | ✗ | ✗ | ✗ | જંગલમાં ચઢાણ |
| નંદગાંવ રોડ | ૧૬ | ✗ | ✗ | ✗ | જંગલમાં ઉત. |
| યમનોત્રી રોડ | ૨ | ✗ | ✗ | ✗ | જંગલમાં ઉત. |
| ખરાદી | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| કુથનૌર | ૫ | ✗ | ✗ | ✗ | ---- |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| પાલીગાડ | ૪ | ✗ | ✗ | ✗ | ---- |
| ઓજરી | ૬ | ✗ | ✗ | ✗ | ---- |
| સ્યાનાચટ્ટી | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| રાણાચટ્ટી | ૩ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| હનુમાન ચટ્ટી | ૩ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| જાનકી ચટ્ટી | ૯ | ✗ | ✗ | ✗ | હનુ. આશ્રમ |
| યમનોત્રી | ૬ | ✗ | ✗ | ✗ | યમુના આશ્રમ |
| :: યમુનોત્રીથી ગંગોત્રી ગૌમુખ :: | | | | | |
| ઓજરી | ૨૭ | ✗ | ✗ | ✗ | ---- |
| પાલીગાડ | ૬ | ✗ | ✗ | ✗ | રામપેલેસ રેસ્ટ હાઉસ |
| કુથનૌર | ૪ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| ખરાદી | ૫ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| ગંગનાણી | ૪ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| છટાંગા | ૪ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| બડકોટ | ૫ | ✗ | ✗ | ✗ | મંદિર |
| પૌલ | ૫ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| રાડીટોપ | ૧૪ | ✗ | ✗ | ✗ | ગામ નથી આરામ માટે પણ કંઈ નથી |
| હોટલમાં ઝરણા પાસે | ૫ | ✗ | ✗ | ✗ | ---- |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| ગ્યોણોટી | ૧ | ✗ | ✗ | ✗ | ---- |
| સીલ્કયારા | ૬ | ✗ | ✗ | ✗ | ---- |
| મહરગાંવ | ૪ | ✗ | ✗ | ✗ | ---- |
| સ્યાલના ગાંવ | ૨ | ✗ | ✗ | ✗ | ---- |
| તલોગ | ૧ | ✗ | ✗ | ✗ | ---- |
| બ્રહ્મખાલ | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| પનોત | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| કલ્યાણી | ૪ | ✗ | ✗ | ✗ | ---- |
| ફેડી | ૪ | ✗ | ✗ | ✗ | ---- |
| ઘરાસુ બેંડ | ૪ | ✗ | ✗ | ✗ | ---- |
| કામધેનુ પદ ચિહ્ન આશ્રમ | ૨ | ✗ | ✗ | ✗ | ---- |
| કુંડા | ૯ | ✗ | ✗ | ✗ | ---- |
| શંકર મંદિર કેશરી | ૧૨ | ✗ | ✗ | ✗ | ---- |
| ઉત્તરકાશી | ૧૨ | ✗ | ✗ | ✗ | ---- |
| ગીતા સ્વામી આશ્રમ | ૧ | ✗ | ✗ | ✗ | ---- |
| ટેકલા | ૨ | ✗ | ✗ | ✗ | ---- |
| ગંગોરી | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| ગણેશપૂર | ૨૦ | ✗ | ✗ | ✗ | ---- |
| નેતાલા | ૧ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| હિના | ૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| મનેરી | ૩ | ✗ | ✗ | ✗ | સર્વો. આશ્રમ |
| ઓંગી | ૨ ॥ | ✗ | ✗ | ✗ | હનુ. આશ્રમ |
| ભંડારી હોટલ | ૫ | ✗ | ✗ | ✗ | રૂમ |
| સોરાલાટા | ૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| મલ્લા | ૩ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ભટવાડી | ૨ | ✗ | ✗ | ✗ | આશ્રમ |
| ગંગનાણી | ૧૪ | ✗ | ✗ | ✗ | ગરમ પાણી કુંડ આશ્રમ |
| સુખીશ્યામ ફસ્ટ બેન્ડ આવાસ-રૂમો | ૧૨ | ✗ | ✗ | ✗ | રહેવા માટે |
| સુખી ટોપ | ૮ | ✗ | ✗ | ✗ | કાચો રસ્તો ૩ કિ.મી. |
| ઝાલા | ૫ | ✗ | ✗ | ✗ | કાચા રસ્તે ૨ કિ.મી. |
| હરસીલ | ૬ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ધરાલી | ૩ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| લંકા | ૧૦ | ✗ | ✗ | ✗ | બર્ફાની બાબા આશ્રમ અન્નક્ષેત્ર |
| ભેરૂઘાટી | ૨ | ✗ | ✗ | ✗ | ---- |
| ગંગોત્રી | ૮ | ✗ | ✗ | ✗ | ઈશાવશ્યમ આશ્રમ કાચો રસ્તો |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| મીડવાસા | ૯ | ✗ | ✗ | ✗ | કંઈ વ્યવસ્થા નથી |
| ભોજવાસા | ૫ | ✗ | ✗ | ✗ | લાલબાબા આશ્રમ અન્નક્ષેત્ર |
| ગૌમુખ | ૪ | ✗ | ✗ | ✗ | વ્યવસ્થા નથી |
| :: ગૌમુખથી કેદારનાથ :: | | | | | |
| ભોજવાસા | ૪ | ✗ | ✗ | ✗ | લાલબાબા આશ્રમ અન્નક્ષેત્ર |
| ચીડવાસા | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| ગંગોત્રી | ૯ | ✗ | ✗ | ✗ | ઈશાવાશ્યમ્ આશ્રમ |
| ઉત્તરકાશી | ૯૮ | ✗ | ✗ | ✗ | ---- |
| કુટેટીદેવી ઉ.કાશી બાયપાસ | ૫ | ✗ | ✗ | ✗ | રૂમ |
| થલન | ૪ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| સાડા | ૧ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| માનપુર | ૧ | ✗ | ✗ | ✗ | ---- |
| અલેથ | ૩ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| હોટલ (તંબુ) | ૧૦ | ✗ | ✗ | ✗ | ટેન્ટમાં |
| ચૌરંગી | ૪ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| ધોંતરી | ૧૨ | ✗ | ✗ | ✗ | ચોરંગી મંદિર પાસેથી જ ધોંતરી કાચા રસ્તે ૭ કિ.મી. |
| કોદાર | ૩ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ધનેટી | ૪ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| રાતલધાર | ૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| નૌગરાલ | ૫ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ● કેમુંડાખાલ | ૧૪ | ✗ | ✗ | ✗ | વ્યવસ્થા નથી |
| નાગેશ્વર સૌર | ૧૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| મુલવાણી | ૧ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| કેમરાસૌર | ૭ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| લાટા | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| ચમીયાલા | ૧ | ✗ | ✗ | ✗ | મોટું ગામ |
| બીલેશ્વર | ૧ | ✗ | ✗ | ✗ | ---- |
| ઘનસાલી | ૭ | ✗ | ✗ | ✗ | મોટું ગામ |
| જખન્યાલી | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| ગુયાલગાંવ | ૩ | ✗ | ✗ | ✗ | ---- |

- કેમુંડાખાલ આવવા માટે પણ રસ્તામાં કાચા રસ્તા છે.
- કેમુંડાખાલથી નાગેશ્વરસૌર થઈ મુલવાણી કાચા રસ્તે ૬ કિ.મી. છે.

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| મુલગઢ | ૫ | ✗ | ✗ | ✗ | ગામ ૧ કિ.મી. નીચે છે. રોડ પર કંઈ નથી. |
| ઓડાઘાર | ૭ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| એકાંત રેસ્ટોરન્ટ | ૪ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ચીરબટીયા | ૫ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ મોટું ગામ |
| બુઢલા | ૩ | ✗ | ✗ | ✗ | પાકો રસ્તો એકલીંગથી કુલ ૧૧ કિ.મી. અહીં સુધી |
| એકલીંગ | | ✗ | ✗ | ✗ | |
| નૌસારી | | ✗ | ✗ | ✗ | |
| મડેત | | ✗ | ✗ | ✗ | |
| પૈયતાલ | | ✗ | ✗ | ✗ | |
| ચિરબીટીયાથી મયાલી | ૧૯ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| પૈયતાલ | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| મરજીગાડ | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| તુનેટા | ૩ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| લાવરી | ૧ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| તિલવાડા | ૬ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| અગત્સ્યમુનિ | ૯ | ✗ | ✗ | ✗ | અગત્સ્યમુનિ આશ્રમમાં |
| ચંદ્રાપુર | ૬ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| કુંડ | ૧૦ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| ભૈંસારી | ૫ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ગુપ્તકાશી | ૨ | ✗ | ✗ | ✗ | ગુજરાતી ભવન તથા<br>રેસ્ટ હાઉસ |
| નાલા | ૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ફાટા | ૧૨ | ✗ | ✗ | ✗ | ગુજરાતી ભવન તથા<br>રેસ્ટ હાઉસ |
| સોનપ્રયાગ | ૧૬ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ગૌરીકુંડ | ૫ | ✗ | ✗ | ✗ | બંગાલી ધર્મશાલા |
| કેદારનાથ | ૧૪ | ✗ | ✗ | ✗ | ---- |
| :: કેદારનાથથી બદ્રીનાથ :: | | | | | |
| ગૌરીકુંડ | ૧૪ | ✗ | ✗ | ✗ | ---- |
| સોનપ્રયાગ | ૫ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| સીતાપુર | ૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| રામપુર | ૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| સેરસી | ૪ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ફાટા | ૫ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| નાલા | ૧૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ગુપ્તકાશી | ૨ | ✗ | ✗ | ✗ | આશ્રમ |
| ઉખીમઠ | ૧૩ | ✗ | ✗ | ✗ | ભારત સેવા સંઘ આશ્રમ |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| પઢાલી | ૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| મુસ્તરા | ૬ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| તાલા | ૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ચોપતા | ૧૮ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| તુંગનાથ | ૪ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ચોપતા | ૪ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| રાજેન્દ્રસિંહ રાણા હોટલ | ૨ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| મંડલ | ૨૬ | ✗ | ✗ | ✗ | સીતારામ આશ્રમ |
| ગોપેશ્વર | ૧૧ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ આશ્રમ |
| ચમૌલી | ૧૦ | ✗ | ✗ | ✗ | ગ્રામ પંચાયત પાર્કીંગ નીચે હોલ |
| બિરિહી | ૭ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| માયાપુર | ૫ | ✗ | ✗ | ✗ | સમભાવ આશ્રમ |
| પીપલકોટી | ૫ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| ગરૂડ ગંગા | ૬ | ✗ | ✗ | ✗ | રેસ્ટ હાઉસ |
| પાખી | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| ટંગણી | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| હેલંગ | ૧૦ | ✗ | ✗ | ✗ | ---- |
| પૈની | ૭ | ✗ | ✗ | ✗ | ---- |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| જોશીમઠ | ૭ | ✗ | ✗ | ✗ | આશ્રમ |
| વિષ્ણુપ્રયાગ | | | | | |
| પાકા રસ્તે | ૧૪ | ✗ | ✗ | ✗ | |
| કાચા રસ્તે | ૪ | ✗ | ✗ | ✗ | આશ્રમમાં |
| ગોવિંદઘાટ | ૭ | ✗ | ✗ | ✗ | વ્યવસ્થા છે. |
| પાંડુકેશ્વર | ૨ | ✗ | ✗ | ✗ | રામમંદિર |
| નિખિલ પીઠ | ૨ | ✗ | ✗ | ✗ | આશ્રમ |
| હનુમાન ચટ્ટી | ૧૨ | ✗ | ✗ | ✗ | ---- |
| બદ્રીનાથ | ૧૦ | ✓ | ✓ | ✗ | ---- |
| :: બદ્રીનાથથી હસ્તીનાપુર :: | | | | | |
| ચમૌલી | ૧૦૦ | ✗ | ✗ | ✗ | આશ્રમ |
| મૈઠાણા | ૬ | ✗ | ✗ | ✗ | ગ્રામ પંચાયત |
| નંદપ્રયાગ | ૬ | ✗ | ✗ | ✗ | ---- |
| સોનલા | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| લાંગસુ | ૬ | ✗ | ✗ | ✗ | ---- |
| કર્ણપ્રયાગ | ૯ | ✗ | ✗ | ✗ | ---- |
| ગોચર | ૧૦ | ✗ | ✗ | ✗ | ---- |
| નગરાસુ | ૬ | ✗ | ✗ | ✗ | ---- |
| ગુરૂદ્વારા | ૧ | ✗ | ✗ | ✗ | ---- |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| રતુડા | ૭ | ✗ | ✗ | ✗ | ---- |
| રૂદ્રપ્રયાગ | ૮ | ✗ | ✗ | ✗ | ---- |
| નરકોટા | ૭ | ✗ | ✗ | ✗ | ---- |
| ખાંકરા | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| કલ્યાનીસૌર | ૬ | ✗ | ✗ | ✗ | ---- |
| શ્રીનગર | ૧૨ | ✗ | ✗ | ✗ | ---- |
| ખાંડાહ | ૬ | ✗ | ✗ | ✗ | ---- |
| પૌડી | ૨૦ | ✗ | ✗ | ✗ | ---- |
| બુવાખાલ | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| પરસુંડાખાલ | ૭ | ✗ | ✗ | ✗ | ---- |
| પૈડુલ | ૨ | ✗ | ✗ | ✗ | ---- |
| અગરોડા | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| પીપલથાની | ૫ | ✗ | ✗ | ✗ | ---- |
| જ્વાલ્યાદેવી | ૭ | ✗ | ✗ | ✗ | ---- |
| પાટીસેણ | ૪ | ✗ | ✗ | ✗ | ---- |
| મેટાકુંડ | ૬ | ✗ | ✗ | ✗ | આશ્રમ |
| સતપુલી | ૯ | ✗ | ✗ | ✗ | ચૌહાણ રેસ્ટ હાઉસ |
| ગુમખાલ | ૨૦ | ✗ | ✗ | ✗ | ---- |
| દેવીખાલ | ૮ | ✗ | ✗ | ✗ | ---- |

| ગામ | કિ.મી. | દેરાસર | ઉપાશ્રય | ઘર | વિશેષ |
|---|---|---|---|---|---|
| બુરાંસ હોટલ | ૩ | ✗ | ✗ | ✗ | ---- |
| દુગડ્ડા | ૭ | ✗ | ✗ | ✗ | ---- |
| આમસૌડ | ૬ | ✗ | ✗ | ✗ | ---- |
| કોટદ્વાર | ૧૦ | દિગ. | ✗ | ✗ | ---- |
| મથુરા પુરામોર | ૧૫ | ✗ | ✗ | ✗ | ગુરૂદ્વારા |
| નજીબાબાદ | ૧૦ | દિગં. | ✗ | ✗ | ---- |
| ભદેલા | ૧૩ | ✗ | ✗ | ✗ | ---- |
| કિતરપુર | ૫ | દિગં. | દિગં. | દિગં. | ---- |
| સ્યાહેડી | ૬ | ✗ | સ્કુલ | ✗ | ---- |
| બીજનોર | ૧૦ | દિગં. | દિગં. | દિગં. | ---- |
| ગંગા બેરેજ | ૧૦ | ✗ | ✗ | ✗ | શેડ |
| નંદિની ગૌશાળા | ૮ | ✗ | ✗ | ✗ | નહેર ઉપર |
| હસ્તિનાપુર | ૧૯ | ✓ | ✓ | ✓ | ---- |



